

સાધુ

સ્કેચ · રસિકલાલ પરીખ

આવતી કાલનાં નાગરિકોનું માસિક

કુમાર

વૈશાખ '૯૦

૧૨૫

તંત્રી · રવિશંકર રાવળ ■ સંપાદક · બચુભાઈ રાવત

કુમાર
વૈશાખ ૧૯૯૦
અંક ૧૨૫

મુદ્રક : બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ: તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
સુરતના એજન્ટ : વનરાજ બ્રધર્સ : લીમડા ચોક : સુરત
કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર · ૧૪, અમરતલા સ્ટ્રીટ

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



પદ્મિની
ચિત્રકાર · સોમાલાલ શાહ

(શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી રચિત એ નામના નાટકમાંથી, પ્રકાશક નવયુગ પુસ્તકભંડાર–રાજકોટના સૌજન્યથી)

જીવનની ગતિ સાંત ના

· પૃથ્વી ·

પ્રફુલ્લ બનતી કળી દલદલે સુગંધી થકી
ભરી હૃદય, પાંખડી જીરણ થૈ ઢળે ધૂળમાં
થવા ભસમસાત : શું પૂરણ થૈ તહીં જિંદગી ?
સુગંધ પ્રસરાવવાની ફૂલની મટી કામના ?

ઊંચા ગિરિનિવાસથી પદપદે નીચે ઊતરી,
અથાગ ઉરવેગથી જઈ ઢળે મહાસાગરે
નદી; ગતિ શું એહની થઇ ચૂકી પૂરી સંગમે
વિલુપ્ત જળસિંધુમાં? વહન શું હવે ના રહ્યું ?

જગે જનમી માનવી લડથડે પડે ને મથે,
ઝૂઝે જીવનવિગ્રહે સુખસુયોગને કારણે
સ્વકીય અવરો તણા : મરણને વરે તોષથી.
થતી પૂરણ શું તદા સુખપ્રદાનની એષણા ?

ન એ, ન કદી યે બને, જીવનની ગતિ સાંત ના;
ભલે ખતમ જિંદગી; જીવનની ધૃતિ સાંત ના.

રમણલાલ સોની

દળેદળ સુગંધીભરી કુસુમકળી ખીલે છે અને કરમાઇને તેની પાંખડીઓ ધૂળ ભેગી ધૂળ થવા ખરી પડે છે; ત્યાં જ શું એ ફૂલનું જીવન પૂરૂં થયું? સુગંધ પ્રસરાવવાની એની કામનાનો ત્યાં જ અંત આવી ગયો? ઊંચા ગિરિનિવાસથી ઊતરી આવી, નદી ધસમસતી વહેતી સમુદ્રમાં મળે છે, એ સંગમે જ શું એની જીવનગતિ પૂરી થઇ ગઇ? જગમાં જન્મી માનવી પડતો આખડતો પુરુષાર્થ ખેડે છે અને પોતાનાં તેમજ પારકાનાં સુખો માટે ઝૂઝતો અંતે સંતોષથી મૃત્યુ પામે છે ત્યાં જ એની એ અભિલાષાઓ બધી પૂર્ણ થઇ ગઇ?.. સૃષ્ટિનો આવો દશ્ય જીવનક્રમ જોતાં પ્રશ્ન થાય છે કે જીવન શું આટલું જ? પણ અંતરમાંથી કોઇ અગોચર શ્રદ્ધા ઉત્તર આપે છે કે જીવનની ગતિને અંત છે જ નહિ. સ્થૂલ જિંદગી ખતમ થતાં છતાં જીવનધારણ તો અનંત છે.



ઓગળેવાડી અને કિર્લોસ્કરવાડી

● આ બે સંસ્થાઓને ઔંધ નરેશે પોતાના સંસ્થાનમાં આશ્રય આપીને પોતાની તેમજ રાજ્યની કીર્તિ વધારી છે. એ બે સંસ્થાઓની સાથે મૂકાય એવાં કારખાનાં હિંદુસ્તાનભરમાં કોઈક જ સ્થળે હશે. સાહસિક યુવાનોએ પોતાના ભાવિ પ્રવાસના ક્રમમાં પહેલી તકે એ જોવી જોઇએ.

શ્રી ઇનામદારની સૂચના ઉપરથી શ્રીમંત ઔંધનરેશે અમારી મંડળી માટે ઓગળેવાડી સુધી પહોંચવાને એક મોટર બસ આપી, એ લે રેલવે લાઇનનો એટલો પ્રવાસ છોડી અમે મહારાષ્ટ્રના પહાડી પ્રદેશનો ચઢાવઢાળ વાળો રસ્તો કાપી બે કે અઢી કલાકે ઓગળેવાડી પહોંચ્યા જેઓને રેલવે રસ્તે જવું હોય તેઓ કરાડ નામના સ્ટેશને ઊતરે તો ત્યાંથી ઓગળેવાડી બે જ માઈલને અંતરે છે

આ ડુંગરાળ મુલકમાં ઓગળે ભાઇઓએ પોતાનાં જાતિ સાહસ, અનુભવ અને પરિશ્રમથી એક નવું ગામ સરજ્યું છે. ગમે તે મહેમાન ખબર આપીને તેમનું કારખાનું જોવા જઇ શકે છે; અને માલિકો તરફથી સારા સ્વાગતની પણ આશા રાખે તો નિરાશ નહિ થાય.

હિંદુસ્તાને કાચ અને કાચના સામાનની ખરીદી પાછળ આજ લગી કેટલું ખર્ચ્યું હશે તેનું અનુમાન કોઇ કરે તો ખાતરી થાય કે જેમાંથી કોઈ પણ જાતના ભંગારની પણ આશા નથી એવા આ પદાર્થમાં દેશ કરોડો રૂપિયા પરદેશમાં સીંચી રહ્યો છે. ઓગળે ભાઇઓએ આ ધંધામાં નજર દોડાવી અને આકરી પરદેશી હરીફાઇઓ વચ્ચે આજ વર્ષો બાદ તેઓ પોતાનો બજાર ઊભો કરી શકયા છે.

ઓગળે ગ્લાસ વર્કર્સના ચીજો આજ તો ગામેગામ મળે છે, એટલે તેના કામના નમૂનાની તારીફની અહીં જરૂર રહેતી નથી. એમના સાફલ્યનું રહસ્ય એ છે કે કાચકામની તમામ કારીગરી ને મહેનતમાં ઓગળે ભાઇઓનું આખું કુટુંબ પ્રવીણતા ધરાવે છે. કાચની ચીજો તો આપણે બધા રોજ ઘરમાં જોઇએ છીએ, પણ કારખાનામાં તેનો માલ તૈયાર થતો જોતાં હું પણ નવું કુતૂહલ અનુભવી શકયો. મોટી ભઠ્ઠીઓમાંથી લાંબી નળીઓ પર કાચ રસના ગઠ્ઠા પકડી પકડી ફૂંકો મારીને ઝપાટાબંધ ચિમનીઓ, લોટા વગેરે જે ઝડપે રચાતા જુઓ તે જોઇને છોડ પરથી શાક ઉતારનાર પણ ધીમો લાગે! વિશાળ પ્રમાણમાં જે વસ્તુનો ઉપયોગ હોય તેનો નિકાસ પણ એવાં વિપુલ સાધનો ને માણસોથી તૈયાર થાય તો જ સાધારણ માણસ તેનો ઉપયોગ કરી શકે. આ કારખાનામાં કાચ કેમ બને છે તેનું કેવળ વર્ણન ખરો ખ્યાલ આપી નહિ શકે. દર વર્ષે એ કારખાનાની એક પછી એક છાવણી વધતી જ જાય છે અને એક મોટી



ઓગળેવાડીમાં 'પ્રભાકર ફાનસ' બનાવવાનું કારખાનું

મીલ જેટલા વિસ્તારમાં આજે તેની જમાવટ થઇ ગઇ છે એ જ તેની પ્રગતિકારક પ્રવૃત્તિના સૂચન માટે બસ થશે.

ચિમનીઓ, ફાનસના ગોળા, લોટા પ્યાલા, હાંડી, પવાલાં, ઝુમ્મરો વગેરે અનેક ચીજો ત્યાં બને છે. ઉપરાંત થોડાં વર્ષથી તેમણે 'પ્રભાકર ફાનસ' નામનાં હરિકેન ફાનસ બનાવવાનું કારખાનું પણ શરૂ કર્યું છે. ત્યાં પતરાં અને તારમાંથી કપાઇને છેક ઝગમગતી કલઇ સુધીનો ફાનસનો એકેએક ભાગ તૈયાર થાય છે તેની સંપૂર્ણ ક્રિયાઓ જોવામાં એક નવીન જ ઉલ્લાસ અનુભવાય છે. આવાં રોજનાં ૧૦૦૦ ફાનસો તૈયાર બની પેટી બંધ પૅક થઇ કોઑપરેટિવ બૅંકને સોંપી દેવાય છે. એ બૅંક તરફથી આ કારખાનાના વિસ્તારમાં એક શાખા જ ખોલવામાં આવી છે, એટલે માલ તેમના કબજામાં મૂકી ઑર્ડરોના કાગળ બૅંકને સોંપી માલિકો રોકડા પૈસા મેળવી શકે છે. બૅંક ઑર્ડરનો માલ વેચી પૈસા વસૂલ કરે છે. આમ એક જ જગ્યા પર ઉત્પન્ન અને વેચાણ કરવાની ધંધાની આવી ગોઠવણમાં આ જમાનાની પ્રગતિશીલ વ્યવસ્થા જોવા મળી.

ઓગળે ભાઈઓ બધા બુદ્ધિવિચક્ષણ પુરુષો છે. એમાંના સૌથી નાના વ્યંકટરાવને હું અજંતામાં મળેલો. તે કલાકાર તો મૂળથી જ; પણ ભાઇઓ સાથે કાચના ધંધામાં જોડાવાથી કાચનાં રસાયણોનું પણ જ્ઞાન મેળવ્યું અને તેમાંથી પતરાં પર કાચ રસ (ઇનૅમલ)ના રંગો વડે આજે અક્ષરો તથા ચિત્રો પાડવાનો હુન્નર કેળવ્યો છે. આ ઇનૅમલ બોર્ડ્ઝ આજના જમાનામાં બહુ આગળપડતો ઉપયોગ ધરાવે છે. વરસાદથી, ઠંડીથી, ઘસારાથી કે તાપથી પણ તરડે કે બગડે યા ઝાંખાં પડે નહિ એવાં પાટિયાં આજ ઠારોઠાર વપરાવા લાગ્યાં છે. વ્યંકટરાવે આ ધંધામાં પરદેશી કામને ટક્કર મારે એવા નમૂના ઉતાર્યા છે અને આજે તો તે કામનું એક સ્વતંત્ર કારખાનું તેમની જાતદેખરેખ નીચે ચાલે છે. ત્યાં પાટિયાંનું ચિત્રકામ રસાયણી ભૂકાથી કરી ભઠ્ઠીમાં મૂકતાં પાકા ચળકતા રંગોવાળાં પતરાં તૈયાર થાય છે, એ ખરેખર આશ્ચર્યકારક લાગે છે. આ રંગોનાં મિશ્રણો અને પદાર્થો પહેલાં તો પરદેશથી મંગાવતા, પણ હવે તે દળવાનાં યંત્રો અહીં જ તૈયાર કરી દેશના જ પદાર્થો

પર એ ધંધાને પગભર કરી દીધો છે.

આ સંસ્થાને માણ્યા તેમજ વીજળી વગેરેની ગોઠવણ તેની પોતાની સ્વતંત્ર છે, તેમજ યંત્રોની ભાંગફોડ સમારવા તથા નવાં યંત્રો બનાવવા વગેરે માટેની વર્કશૉપ પણ તેમની પોતાની છે. આ સાધનોથી લલચાઈ એક બીજી સંસ્થાએ તેમના સાથમાં જ સાબુનું કારખાનું ઊભું કર્યું છે એથી ત્યાં વસ્તીના વધારા સાથે ધંધાની હૂંફ વધી છે. કૉપરાન સાબુ બધા આ કારખાનામાં જ તૈયાર થતા જોયા.



ઓગળેવાડીના કાચના કારખાનાનું સમૂહદૃશ્ય

કારખાનાના બધા રસ્તા સ્વચ્છ અને સગવડભર્યા છે, તેમજ વચ્ચેવચ્ચે આવેલા બગીચા તથા વૃક્ષછાયાઓથી કારખાનાની આસપાસનું વાતાવરણ બહુ જ આહ્લાદક લાગે છે. કામદારો માટે માલિકો તરફથી જ સગવડવાળાં ઘરો બાંધવામાં આવ્યાં છે. તેમના માટે સરસામાન પૂરો પાડનારા દુકાનોવાળાઓને પણ કારખાનાની હદમાં જ જગ્યા આપી હોવાથી તેમના ભાવતાલ અને માલજાત ઉપરની અંકુશ રહી શકે છે.

મને વધુ આશ્ચર્ય તો એ થયું કે આવડી મોટી સંસ્થા પર માલિકી ભોગવતા ઓગળે ભાઈઓમાંના કોઈમાં શ્રીમંતાઈનો જરા પણ ઠાઠ દેખાયો નહિ. તેઓને પોતાને રહેવાનાં ઘર કારીગરોથી ખાસ જુદાં પડતાં નહોતાં. તેમના ઘરની સ્ત્રીઓને ઘરનાં બધાં જ કામ પોતાને હાથે કરતી જોઈને આપણને માન ઉપજે. બધા જ ભાઈઓ કારખાનામાં નિયમિત કામગરી કરાવે છે. હવે થોડા જ વખતમાં એક ભાઈ વીજળીના ગોળા બનાવવાનો હુન્નર શીખવા જાપાન જનાર છે, તેમજ શીટગ્લાસ એટલે સપાટ કાચ જે આપણે ત્યાં નથી બનતો તે પણ અહીં તૈયાર કરવાનો વિચાર તેઓ કરે છે

દેશમાં વ્યાપી રહેલી કામધંધાની અછત તથા ભૂખમરા સામે બચાવ, સહાય અને સાધન ઊભું કરનારા આવા પુરુષોની યોગ્યતા આપણે સહેજે ઓળખી શકીએ એમ છે. તેમનું કામ અને જમાવટ જોનાર તેમની તરફ આશ્ચર્ય અને આદરની નજરથી જોયા વિના રહે જ નહિ બહુ જ ટૂંકા સમયમાં એ સંસ્થા જોવા મળી એટલું સદ્ભાગ્ય માની તેમના આતિથ્યથી કૃતજ્ઞ બનેલા હૃદયે અમે બે વાગ્યે ત્યાંથી ચાલી નીકળ્યા ને કરાડ સ્ટેશને આવી છુટા પડી કિર્લોસ્કરવાડી જવાને ટ્રેનમાં બેઠા. એકાદ કલાકની ટ્રેનની મુસાફરી પછી કિર્લોસ્કરવાડી સ્ટેશન આવ્યું

કિર્લોસ્કરવાડી આજે તો હિંદુસ્તાન આખામાં જાણીતી થઈ છે. લોખંડનાં હળો, લોખંડનાં ફર્નિચરો અને બીજી અનેક લોખંડની કારીગરીઓમાં આગેવાની અને નામના મેળવનાર કિર્લોસ્કરનું નામ અત્યારે મહારાષ્ટ્રના માનસ ઉપર એક જાદુઈ પ્રભા પ્રસરાવી રહ્યું છે. આ ઔદ્યોગિક વસાહતના આદ્ય સંસ્થાપક શ્રી લક્ષ્મણરાવ કિર્લોસ્કર આજે હયાત છે અને લગભગ ૭૦ વર્ષની ઉમરે પણ એક સશક્ત કારીગર તરીકે દૈનિક પ્રવૃત્તિઓને પહોંચી વળે છે. બેઠી દડીના આ ગૃહસ્થને તમે ખાદીના પાયજામા ને પહેરણમાં જુઓ તો ભાગ્યે જ જાણો કે એમણે ૭૦ ચોમાસાં ને ૪૫ વર્ષની અખંડ હાડમારી તથા પરિશ્રમ ખેંચી કાઢ્યાં હશે. એમનો ચહેરો તથા વર્તન સુમધુર ને આકર્ષણભર્યાં છે. પોતાની સિદ્ધિ ને પ્રસિદ્ધિ વિષે ભાગ્યે જ એક પણ શબ્દ ઉચ્ચાર્યા વિના એ ટૂંકામાં પોતાની વાત કહે ત્યારે એમની નમ્રતા જોઈ એમને નમ્યા વિના તમે રહો જ નહિ.

૪૫ વર્ષ પહેલાં એ બેળગામમાં સાઇકલો રીપેર કરવાની દુકાન કાઢી બેઠા હતા પણ કોઈની સાઇકલ ભાંગે તેની રાહ જોતાં રોજ અમંગળનું જ ચિંતન કરવાનું તેમને ગમતું નહિ. કેટલાક મિત્રોએ સલાહ આપી કે યુરોપથી ખેતીવાડીનાં ઓજારો આવે છે તે મોંઘાં પડે છે અને એ ધંધો ઊગતો છે, એ ઉપરથી તેમણે હળો ઢાળવાનું સાહસ આદર્યું પણ માલ બનાવવો અને બજારમાં વેચવો તે બંને પ્રકાર જુદા છે. કોઈ તેમના માલ સામું જુએ જ નહિ, અને પરદેશી હળો સરકારી તેમજ દેશી રાજ્યનાં ખેતીવાડી ખાતાં ખૂબ ખરીદ્યા કરે. તેમણે એકબે સ્નેહી અમલદારોને કહ્યું કે માલની લાયકાત, ભાવ વગેરેની હરીફાઈથી પણ તેઓ બજારમાં ઊભા રહેવા તૈયાર છે; પણ કેટલાક એમ કહેતા કે ગોરા અમલદારો તે ખરીદવાથી નારાજ થાય એટલા ખાતર તે લઈ શકાતાં નથી.

ચારપાંચ વર્ષ નિરાશા અને નાઉમેદી સાથે પૈસાની હાડમારીનાં પસાર કર્યા પછી એકાએક તેમના માલની કદર થવા લાગી અને ખાતું વિસ્તારવાની જરૂર લાગી. પહેલેથી જ, ભવિષ્યમાં ખાતાં વધારી શકાય એવા જમીનનો પટો જોઈતો હતો.



શ્રી લક્ષ્મણરાવ કિર્લોસ્કર : કિર્લોસ્કર-વાડીના આદ્ય સ્થાપક ને સંચાલક



'કિર્લોસ્કર' 'સ્ત્રી' વગેરે પત્રોના તંત્રી અને કિર્લોસ્કર પત્રકારિત્વ તથા પ્રકાશનવિભાગના સ્થાપક અને સંચાલક શ્રી શંકરરાવ કિર્લોસ્કર

હુન્નરઉદ્યોગ ને આબાદી ચાહનારા ઔંધનરેશ શ્રી કિર્લોસ્કરના જૂના મિત્ર હતા. તેમણે પોતાના સંસ્થાનમાં હાલ છે તે જગ્યાનો માત્ર નામની કિંમતે પટો કરી આપ્યો તેમજ તે રકમ પણ લોન તરીકે ધીરી. આવી સરળતા મળતાં જ કિર્લોસ્કર લિમિટેડ સ્થપાઇ અને આજે એ જગ્યાએ જમાનાની બધી સગવડો તથા સાધનોવાળું ઉદ્યોગનગર વસી ગયું છે.


સીધા પાકા રસ્તા, કારખાનાના જુદાજુદા વિભાગોનાં શેડ, આસપાસ બગીચા, ફુલવેલો, પાણીનો છંટકાવ, ખાતાંઓના અધિકારીઓનાં સુંદર બાંધણીનાં નાનાં ઘરો, કામદારોની ચાલીઓ, વીજળીનું પાવરહાઉસ, સંસ્થાના આનંદવિનોદ માટે સીનેમા તથા નાટ્યગૃહ અને રમતગમતનાં સાધનો એ બધા પર એક પછી એક નજર કરી લેતાં જ બેત્રણ કલાક જોઇએ.

આશરે ૧૦૦૦ માણસની વસ્તીનું આ ગામ પોતાનાં જ સ્વતંત્ર તાર, પોસ્ટ, વીજળી, પાણી, રેલવે, સ્કૂલ વગેરે સાધનો ભોગવે છે અને તેનો સારામાં સારો લાભ ઉઠાવી શકે છે. ઢાળાનું કામ કરતું ખાતું જુઓ તો દરેક કામદાર પોતાના કામમાં કોઇ અજબ ધીરજ અને ચીવટથી કામ કરતો દેખાય. દરેક જણ સુબદ્ધ અને પ્રસન્ન લાગતો હતો. સાધારણ રીતે ભઠ્ઠીનું કામ એવું છે કે ત્યાં ચોમેર કંઇક આડુંઅવળું પડ્યું જ હોય; પણ અહીં તો એકેએક ચીજ મૂકવાની ચોક્કસ જગ્યા અને દરેક ખૂણે ચોખ્ખાઇ દવાખાનાના ઑપરેશન રૂમ જેવી.

પતરાંની પાઇપો બનાવી તેમાંથી ફર્નિચરો બનાવવાનું ખાતું તેનાં જાતજાતનાં યંત્રો વડે જ મોટું આકર્ષણ કરે છે. કેટલી ઝડપથી એ પાઇપો, તેનાં વાંકિયાં, બોલ્ટ, ખીલા વગેરે પડે છે, વળે છે ને બને છે એ જોવામાં બાળકથી માંડી મોટા વિદ્વાનને પણ રમૂજ અને નવી સમજણ મળે.

શ્રી લક્ષ્મણરાવના જ બે જુવાન પુત્રોએ હાલની કેળવણી ઉપરાંત યંત્ર અને વીજળીકામની સંપૂર્ણ તાલીમ લઇ કારખાનાના બે વિભાગની જુમ્મેદારી ઉઠાવી લીધી છે એ જોઇ આ વૃદ્ધ ઉદ્યોગવીરના સુભાગ્ય માટે કોઈપણ ધન્યવાદ આપે. એ જુવાનોને તમે જુઓ તો તેમના હાથ નીચેની કામગીરીના પ્રમાણમાં બહુ જ નાના લાગે; છતાં મને કહેવામાં આવ્યું કે જર્મનીથી આવેલાં એ બધાં યંત્રો તેમણે યુરોપી કારીગરો કે એન્જિનીયરોની જરા પણ મદદ વિના ગોઠવ્યાં અને ચાલુ કર્યાં હતાં. વીજળીનો જે ડાયનેમો તેમણે જર્મનીથી આણ્યો તે હિંદમાં પહેલવહેલો જ હતો ને જર્મન ઇજનેરો શંકામાં હતા કે હિંદી ઇજનેર તે ગોઠવી યા ચલાવી શકશે કે કેમ. પણ છ મહિના પછી તેમની તરફથી તપાસવા આવનાર પ્રતિનિધિએ તેમના કામમાં સફળતા ને સંપૂર્ણતા જોઇ તેમનું ખૂબ યશોગાન કર્યું.

ઉદ્યોગ અને ધંધાને માટે સ્થપાએલી આ સંસ્થાએ બજારમાં પોતાની છાપ બેસાડી છે, તે સાથે સંસ્થાના સંસ્કારી સંચાલકોએ પોતાની તપશ્ચર્યાથી જે જીવનસિદ્ધાંતોનું દર્શન કર્યું છે તેનો યોગ્ય પ્રચાર તથા તે દ્વારા પ્રજાની માનસશુદ્ધિ કરનારૂં પત્રકારિત્વ સ્થાપવામાં યે તેમણે આગેવાની કરી છે; અને એમાં ય પુનઃ કિર્લોસ્કર કુટુંબના જ એક બાહોશ યુવાન




કિર્લોસ્કરવાડીના એક કારખાનાનો અંદરનો દેખાવ

કલાકાર શંકરરાવ કિર્લોસ્કરને સર્વાંગ તેનો કલશ અર્પે તો ઘટે છે. સંસ્થા બહોળા પ્રમાણમાં માલ તૈયાર કરતી થઈ એટલે તેની જાહેરાત માટે પ્રચારકાર્યની જરૂર પડી. તેમાં શંકરરાવની વરણી થઈ. જંગલમાં મંગલ સાધનારા આ સાહસિક કુટુંબના દરેક માણસમાં કંઈક ચમત્કારિક માનસ છે જ; એટલે શંકરરાવે પહેલાં તો માલ વિષે ગ્રાહકોને મોકલવાની નાની પત્રિકા છાપવા એક નાની પેટી જેવું હાથ પ્રિન્ટિંગનું સાધન તૈયાર કર્યું. આજે પણ તે મિત્રો અને રસિક મહેમાનોને ઉત્સાહથી એ બતાવે છે. એ સાધનથી પોસ્ટકાર્ડ જેટલું લખાણ પોતે જ ગોઠવીને પોતે જ છાપી બહાર ટપાલ કરતા. ધીરેધીરે જણાયું કે બીજાં યંત્રો મારફત જાહેરાત કરવાનો ખર્ચ બહુ આવે છે એટલે એમણે એક ટ્રેડલ મશિનથી પોતાની જુદી પત્રિકા કાઢવા માંડી. આ પત્રિ તેને રોચક અને આકર્ષક કરવા શંકરરાવે ઉત્સાહી માનસ પ્રેરનારાં વાક્યો, લેખો અને ચરિત્રો ટૂંકામાં આપવા માંડ્યાં. એ પ્રથા એટલી બધી લોકપ્રિય થઈ ગઈ કે તેમાંથી 'કિર્લોસ્કર' માસિકનો જન્મ થયો. ઉત્સાહ અને આશા, પુરુષાર્થ અને પ્રકાશ ફેલાવનારું પત્રકારિત્વ આ રીતે મહારાષ્ટ્રમાં પ્રસરવા લાગ્યું. તેમાં મહારાષ્ટ્રના તથા ઇતર જગતના સાહસિકો, સમાજસુધારકો, રૂઢિભંજકો, પ્રવાસીઓ વગેરેના વિચારપૂર્ણ સબળ વાણીવાળા લેખો છપાય છે. જરા પણ હલકાઈ વિનાના ઉચ્ચ કોટિનું લોકવાચન પૂરું પાડનારા આ માસિકની ૧૫,૦૦૦ નકલો છપાય છે. કિર્લોસ્કરવાડીના ઉદ્યોગવિભાગ જેટલી જ ધંધાની મહત્તા અને રાષ્ટ્રીય ઉપયોગિતા ધરાવતું આ જંગી ખાતું જમાવવાનું માન એકલા શ્રી શંકરરાવને જ આભારી છે. જેમજેમ કામનો વધારો થતો ગયો તેમતેમ તેમણે સાધનો ને માણસો પાછળ ખર્ચ કરવામાં ઢીલ રાખી નથી. જર્મનીથી છેલ્લામાં છેલ્લી ઢબનાં જાતે કાગળ છાપી કાઢતાં મશિનો, બ્લૉક બનાવવાનું ખાતું વગેરે બધાં સાધનો તેમની પાસે સુસજ્જિત ને સુનિયંત્રિત છે.

આ પછી, લોકોને નવી વિચારસરણી પસંદ પડે છે એમ જણાતાં તેમણે મહારાષ્ટ્રના સ્ત્રીજગતની સેવા માટે 'સ્ત્રી' નામનું માસિક પણ કાઢ્યું અને તે પણ એટલું જ લોકપ્રિય બન્યું છે ઉપરાંત હમણાં તાજેતર જ (અમે જે દિવસે ત્યાં હતા તે જ



કિર્લોસ્કરવાડીનું પાવરહાઉસ



કિર્લોસ્કરવાડીના એક કારખાનાનો અંદરનો ભાગ

દિવસે) 'મનોહર' નામનું વાર્તાસાહિત્યનું નવું માસિક બહાર પડયું તેના પહેલા અંકની ૫૦૦૦ નકલો છપાઇ હતી ને તે બધીની ગ્રાહકી નક્કી થઇ ગઇ હતી. બીજે દિવસે મેં પૂના આવતાં જોયું કે મારા જ ડબામાં ત્રણચાર જણના હાથમાં એ માસિક વંચાતું હતું આવી લોકપ્રિયતા અને સાથે એટલી જ ઉચ્ચ કક્ષા જાળવનાર દૃષ્ટાંત ગુજરાતી પત્રકારિત્વમાં શોધવાં પડે એમ છે.

શ્રી શંકરરાવ કિર્લોસ્કર આ ત્રણે માસિકોનું નિયમન સંભાળે છે; ઉપરાંત પોતાના લેખકવર્ગ અને સહાયકવર્ગની વચ્ચે માનસ-વિનિમય અને સહકાર જાળવવા તથા નવાં દૃષ્ટિબિંદુ ચર્ચવા 'આમ્હી વ તુમ્હી' (અમે અને તમે) નામની એક માસિક પત્રિકા છાપે છે. તેની માત્ર ૫૦૦ જેટલી નકલો છાપે છે, પણ તેમાં પત્રકારિત્વને લગતી ચર્ચા, હકીકતો, દેશપરદેશના પત્રકારો વિષે માહિતીઓ વગેરે બહુ જ મુદ્દાની વાતો છૂટથી ચર્ચી હોય છે. પોતાના લેખકોને પણ વખતોવખત નવું દૃષ્ટિબિંદુ આપે છે. અને ઉપરાંત આ રીતે જે ચર્ચાઓ સાધારણ વાચકને અણગમાભરી કે અપ્રિય બને તેથી તેમને બચાવે છે. શ્રી શંકરરાવ કિર્લોસ્કરે પત્રકારિત્વમાં ચાલુ જમાના પ્રમાણે જીવન ઘડવાને વર્તમાનકાળનું સર્વોચ્ચ માનસ પ્રકટાવવાની ફરજ સ્વીકારી જણાય છે. બુવાશાહી સામે પડકાર, રોટીબંધી તોડવાનો ઉદ્‌બોધ, નારીસ્વાતંત્ર્ય, વિજ્ઞાન તથા ઉદ્યોગનાં સાહસોની પ્રેરણા અને ઉત્તેજન મહારાષ્ટ્રમાં પ્રસારનાર તરીકે તે અગ્રણી છે અને આજે 'કિર્લોસ્કર' નામ સૌને મોઢે ચડયું છે.

પોતે વખતોવખત કાર્ટૂનો (વ્યંગચિત્રો), પ્રસંગરંગચિત્રો તેમજ માસિકનાં પૂઠાચિત્રો તથા અગ્રલેખ લખવા ઉપરાંત અનેક મુલાકાતો, વાચન વગેરે પ્રવૃત્તિઓમાં સતત રોકાએલા રહે છે. માત્ર બેપાંચ વિદ્વાનોને ગમે અથવા ચર્ચા મળે તેવા સાહિત્ય પર તેમની નજર જરા યે નથી. હજારો રોજંદારી જીવનને શું જોઇએ છે તેનો જ વિચાર પ્રધાન રાખી તેની લેખમાળાઓ યોજે છે, ને તેનો યથાર્થ પડઘો તેમણે સાંભળ્યો છે કિર્લોસ્કર પ્રકાશનખાતું આજે સજ્જર સંસ્થા થઈ પડયું છે. ક્ષુલ્લક પ્રાંતીયતા ટાળી વિશાળ રાષ્ટ્રજીવન પ્રકટાવવું એ જ તેમનો ઉદ્દેશ છે.

કિર્લોસ્કર ઉદ્યોગવિભાગ, કિર્લોસ્કર પત્રકારિત્વ અને કિર્લોસ્કર વસાહત બધાં ગુજરાતને ઘણા પાઠ આપી શકે તેમ છે. લાખોની મિલ્કત પર મીલો ઊભી કરી નાણાંની ગૂંચોનો લાભ લેનારા ને ગરીબ કામદારોના પરસેવા તરફ બેદરકાર આપણા શ્રીમંતો આવાં નવાંનવાં ઔદ્યોગિક સંસ્થાનો સ્થાપવા પ્રેરાય તો શહેર અને ગામડાંના ઘણા પ્રશ્નોનો ભેગો નિકાલ થાય. મારાથી બહુ જ ટૂંકી મુદતમાં કિર્લોસ્કર સંસ્થા જોવાઈ છે; પણ તેની છાપ કદી ન ભૂંસાય એવી પડી છે. કિર્લોસ્કર કુટુંબની સાદાઇ અને આતિથ્ય ગુજરાતના કોઇપણ ખાનદાનને તોલે આવે તેવાં હતાં. જાહેર મુલાકાત લેનારાઓ માટે તેમણે એક અતિથિગૃહ પણ રાખ્યું છે અને અગાઉથી ગોઠવણ કરી હોય તો બધો બંદોબસ્ત પૂરો પાડવામાં આવે છે. બધા કામદારો અને કામદારોના વડાઓનાં પાકાં નિવાસસ્થાનોની બાંધણી તથા સગવડ અદ્યતન આદર્શો ઉપર હતાં. મને નવાઇ એ લાગી કે શ્રી લક્ષ્મણરાવ કિર્લોસ્કરે હજુ પોતાને માટે પાકું મકાન વસાવ્યું નહોતું. અમારૂં આતિથ્ય તેમણે જૂની ઢબના માટીના ગામડી ઘરમાં કર્યું હતું; પણ હવે છેવટે તેમના માટે એક સરસ મકાન તૈયાર કરાવી રહ્યા છે. સ્થાપકની ઉદાર વ્યવહારદૃષ્ટિનું એ પ્રત્યક્ષ દૃષ્ટાંત હતું. મહારાષ્ટ્રના શ્રેષ્ઠ નરોમાં લક્ષ્મણરાવજીએ અમર સ્થાન લીધું છે.

ર.મ.ર.



ઔંધ સંસ્થાનમાં ઓગલેવાડી તથા કિર્લોસ્કરવાડીનાં સ્થાન બતાવતો નકશો

નંદલાલ બસુ

મૂળ લેખક
શ્રી રવીન્દ્રનાથ ઠાકુર



સ્પિનોઝા તત્ત્વજ્ઞાની હતા. એમના તત્ત્વવિચારને આપણે એમના વ્યક્તિગત પરિચયથી અળગો કરી જોઈ શકીએ, પણ એ ઉભય વસ્તુનું જો આપણે સંમિલન કરીને જોઇએ તો એમના એ જ તત્ત્વવિચાર આપણી સમક્ષ ઉજ્જવલ સ્વરૂપે દીપી ઊઠે. સમાજે તો એમના જીવનના પ્રારંભકાળે જ એમનો નિષ્ઠુરરીતે ત્યાગ કર્યો હતો. પરંતુ અતિ કઠિન દુઃખો પામવા છતાં યે એ મહાપુરુષે સત્યનો ત્યાગ ના કર્યો. એમના જીવનનો દૈનિક નિર્વાહ તદ્દન થોડા ખરચમાં થઇ રહેતો. ફ્રાન્સના રાજા ચૌદમા લુઇએ રાજાને (અર્થાત્ પોતાને) નામે એક પુસ્તક અર્પણ કરવાની શરતે સ્પિનોઝાને ભારે રકમનું પેન્શન આપવાનું કહેલું, પણ એમણે એ વસ્તુનો સ્વીકાર નહોતો કર્યો. એમના કોઇ મિત્રે પોતાના મૃત્યુકાળે પોતાની બધી જ સંપત્તિ એમને 'વીલ' કરી આપી હતી, પણ તેનો સ્વીકાર ના કરતાં એમણે એ જ સંપત્તિ દાતાના ભાઇને અર્પણ કરી દીધી. એ તત્ત્વજ્ઞાની હતા એટલું જ નહિ, પણ એ 'મનુષ્ય' હતા. એ બંને વસ્તુઓને એક જ ખાનામાં મૂકી એમનું સમ્યક્ મિલન કરી જોતાં આપણે એ વ્યક્તિની સત્યસાધનાનું યથાર્થ સ્વરૂપ પામી શકીએ, અને ત્યારે જ આપણે સમજી શકીએ કે માત્ર તાર્કિક બુદ્ધિમાંથી જ એ સાધનાનો ઉદ્ભવ થયો હોતો નથી પરંતુ એનાં અનુભૂતિ અને પ્રકાશ એ વિભૂતિના પૂર્ણ સ્વભાવમાંથી પ્રગટે છે.

કલા અને રસસાહિત્યના ક્ષેત્રમાં સર્જક મનુષ્યના સ્વભાવની સાથે એ જ મનુષ્યના સૃજનનો સંબંધ, મને તો લાગે છે કે, એથી યે વધારે ઘનિષ્ઠ હોય છે. આ ઉભય તત્ત્વોને એકત્ર કરી જોવાનો સુયોગ આપણને સર્વદા મળતો નથી. સદ્ભાગ્યે એવો સુયોગ મળી જાય તો રચયિતાના કાર્યની અકૃત્રિમ સત્યતા વિષે આપણી ધારણા સ્પષ્ટ થઈ શકે. સ્વભાવકવિ કે સ્વભાવશિલ્પીને સામાન્ય રીતે આપણે તેમના લેખન કે અંકન દ્વારા જ જોઇએ છીએ; પરંતુ એમની યથાર્થ પ્રતિભા એમના હાથના એટલા કાર્યમાં જ આબદ્ધ નથી હોતી એ આપણને એમનાં વર્તન, દૈનિક જીવન અને એ જીવનનાં પ્રાત્યહિક ભાષા અને ભંગિ ઉપરથી જણાઈ આવે છે.

ચિત્રશિલ્પી નંદલાલ બસુનું નામ આપણા દેશમાં ઘણા યે લોકો જાણે છે. ઘણા યે જણ પોતપોતાનાં રુચિ. સ્વભાવ, શિક્ષણ ને પ્રથાનુસાર પડેલા અભ્યાસ મુજબ એમનાં ચિત્રો વિષે વિચાર કરતા હોય છે. આવા ક્ષેત્રમાં મતનું ઐક્ય કદાપિ સત્ય હોઇ શકે નહિ. વસ્તુતઃ તો પ્રતિકૂલતા જ ઘણીવાર શ્રેષ્ઠતાના પ્રમાણરૂપ થઇ પડે છે. મને તો નિકટ રહેવાથી એ વ્યક્તિને સારી રીતે પિછાનવાનો સુયોગ મળ્યો છે. એ સુયોગને લીધે, જે વ્યક્તિ ચિત્રો દોરે છે એમના પ્રતિ સંપૂર્ણ સદ્ભાવ અને શ્રદ્ધા મારામાં હોવાથી જ એમનાં ચિત્રોને પણ હું સન્માનસહ ગ્રહણ કરી શકયો છું. જે વ્યક્તિ એવા સદ્ભાવ દ્વારા પોતાની દૃષ્ટિને શક્તિ અર્પે છે તેની દૃષ્ટિ પ્રત્યક્ષના ઊંડાણમાં પ્રવેશ કરે છે.

ચીન–જાપાનની સફર વખતે એકવાર નંદલાલ મારી

સાથે હતા. મારા અંગ્રેજ મિત્ર એલ્મહર્સ્ટ પણ અમારી સાથે જ હતા. એમણે કહેલું 'નંદલાલનો સાથ એટલે એક પ્રકારનું શિક્ષણ.' એમનાં એ વચનો પૂર્ણતઃ યથાર્થ છે. નંદલાલની શિલ્પદૃષ્ટિ અત્યંત વિશુદ્ધ અને એમની વિચારશક્તિ અંતર્દર્શી છે. કેટલાક લોક એવા હોય છે કે જેઓ 'આર્ટ'ને કૃત્રિમ શ્રેણીમાં સીમાબદ્ધ કરીને ન જોઇ શકવાથી દિક્‌ભ્રાન્ત થઇ જાય છે. આવી રીતે એક મર્યાદિત બાહ્ય આદર્શ ઉપર આધાર રાખી એની સાથે નજર મેળવીમેળવીને વિચાર કરવો એ લંગડાની લાકડી લઇને ચાલવા બરાબર છે. એવી પૂછપરછ કરી મોલ આંકવાની પ્રણાલિ મ્યૂઝિયમ ગોઠવવામાં કામ લાગી શકે. જે વસ્તુ મૃત થઇ ગઇ છે તેની સીમા પામી શકાય. તેનો પૂરેપૂરો પરિચય મેળવી શકાય એમ હોવાથી જ એવી વસ્તુઓને વિશિષ્ટ છાપ મારીને ભિન્નભિન્ન ખાનાંમાં વિભક્ત કરવાનું બની શકે છે. પણ જે 'આર્ટ' અતીત ઇતિહાસના સ્મૃતિભંડારમાંનો નિશ્ચલ પદાર્થ ન હોય અને સજીવ વર્તમાનની સાથે જેની નાડીનો સંબંધ હોય તેની અભિમુખતા ભવિષ્ય પ્રતિ હોય છે. એ ચલનશીલ હોય છે ને આગળ ને આગળ વધ્યે જ જાય છે. એની નિત્યનવીન સંભૂતિ–ઉત્પત્તિનો અંત નથી આવ્યો કે એના અસ્તિત્વના દસ્તાવેજમાં અંતિમ અક્ષરો નથી લખાયા. 'આર્ટ'ના રાજ્યમાં સનાતનીઓનું જે ટોળું છે તેમાંના બધા જ મરેલાનાં લક્ષણ મેળવી જોઇ જીવતાને માટે બારીબારણાં વિનાની કબર તૈયાર કરે છે.

નંદલાલ એવી ટોળીના માણસ નથી. એમને મન તો 'આર્ટ' સજીવ પદાર્થ છે. એટલે જ સ્પર્શ, દૃષ્ટિ અને આંતરિક દર્દ દ્વારા એનું યથાર્થ સ્વરૂપ એ જાણે છે. આમ હોવાથી જ એમનો સંગ એ પણ શિક્ષણ છે. જેમને શિષ્યરૂપે એમની નિકટ જવાનો સુયોગ મળ્યો છે એ બધાને હું તો ભાગ્યવાન માનું છું. એમના શિષ્યમંડળમાંથી એવી એક પણ વ્યક્તિ નથી કે જેણે આ વસ્તુ ન અનુભવી હોય અથવા જે આ વસ્તુનો સ્વીકાર ના કરે. આ વિષયમાં તો પોતાના ગુરુ અવનીન્દ્રનાથ પાસેથી એમના સ્વભાવે સહજરૂપે પ્રેરણા મેળવી છે. શિષ્યની અંતર્નિહિત શક્તિને બહારના કોઇ સનાતન બીબામાં ઢાળવાનો પ્રયત્ન એ કદી યે કરતા નથી. એ નિગૂઢ શક્તિને તો એને પોતાને જ પંથે એ મુક્તિ અર્પવા ઇચ્છે છે અને એમાં જ પોતે કૃતકાર્ય થાય છે, કેમકે એમના પોતાનામાં જ 'મુક્તિ' છે.

થોડા વખત પહેલાં મુંબાઇમાં નંદલાલે પોતાના વર્તમાન શિષ્યમંડળનાં ચિત્રોનું એક પ્રદર્શન ગોઠવ્યું હતું. બધા યે જાણે છે કે ત્યાં એક 'સ્કુલ ઑફ આર્ટ્સ' છે. એની સાથેસાથે આ પણ ઘણા લોકો જાણે છે કે એ 'સ્કુલ'ના અનુયાયીઓ આ તરફનાં (બંગાળ સ્કુલનાં) ચિત્રો પ્રતિ અવજ્ઞા દર્શાવી લખાપટી કરતા આવ્યા છે. એમની ફરિયાદ એ હોય છે કે એ 'બંગાળ સ્કુલ'ની શિલ્પસૃષ્ટિમાં પ્રાચીન પ્રકારની, સસ્તામાં નજર ભોળવવાની જાળ સરખી એક રીત સરજી કહાડવામાં આવી છે. વાસ્તવ સંસારનું પ્રાણ–વૈચિત્ર્ય એમાં નથી. આ ફરિયાદનો પ્રતિવાદ આપણે પેપરો કે માસિકો દ્વારા નથી કર્યો. ચિત્રો જ પ્રત્યક્ષ ધર્યાં. આટલા દિવસ જેને લીધે એ લોકો ઉપહાસ કરતા, તેના કરતાં તદ્દન વિરુદ્ધ વસ્તુ એમને પ્રત્યક્ષ પ્રમાણરૂપે મળી. ત્યાં એ બધાએ નાના પ્રકારનાં જે ચિત્રો જોયાં તેમાં તો વિવિધ હાથના વિશિષ્ટ છંદ દ્વારા વિવિધ ચિત્તનો પ્રકાશ વ્યક્ત થએલો હતો. પ્રાચીન કે આધુનિક કાલની નકલ એમાં નહોતી. તદુપરાંત એમાંના કોઇ ચિત્રમાં ચાલુ બજારભાવ તરફ લક્ષ્ય સરખું યે જણાતું નહોતું.

જે નદીનો પ્રવાહ થોડો હોય તે શેવાળની જાળ જમે કર્યે જાય છે અને એમ થતાંથતાં એનો પોતાનો જ પંથ અવરુદ્ધ થઈ પડે છે. પોતાનાં જ અભ્યાસ અને મુદ્રા–ભંગિ દ્વારા પોતાની ચોમેર અચલ સીમા ખડી કરનારા ઘણા યે સાહિત્યકાર અને કલાકાર હોય છે. એવાઓના કાર્યમાં પ્રશંસાયોગ્ય ગુણ હોઈ શકે છે, પણ એ પોતાને પંથે આગળ વધવા માગતા નથી તેમજ વળાંક પણ લેતા નથી. એ તો સર્વદા પોતાની જ નકલ પોતાને હાથે કર્યે જાય છે અને પોતાનાં જ કૃતકર્મમાંથી નિરંતર એ પોતે ચોરી કરે છે.

પોતાની પ્રતિભા (genius)ના યાત્રાપથમાં અભ્યાસ (ટેવ)ની જડતા દ્વારા જામતું આ પ્રકારનું સીમાબંધન નંદલાલ કોઈ પણ રીતે સહન કરી શકતા નથી એ હું જાણું છું. એમના પોતાનામાં ચાલતો આવો વિદ્રોહ આજ કેટલાં યે વર્ષોથી હું નીરખતો આવ્યો છું. સર્વત્ર સૃષ્ટિશકિતની સાથે જ આ પ્રકારનો વિદ્રોહ રહ્યો હોય છે. યથાર્થ સૃષ્ટિ બાંધેલે ચીલે નથી ચાલતી. પ્રલયશકિત હમેશ પોતાનો પંથ તૈયાર કરતી રહે છે. સૃજન-



આંગણામાં
(ચિત્રકાર • રસિકલાલ પરીખ)



કાશ્મીરનું સરોવર

ચિત્રકાર · વિનાયક માસોજી

કાર્યમાં જીવનશક્તિની આ અસ્થિરતા નંદલાલને તો પ્રકૃતિસિદ્ધ છે. કોક ડાયરામાં પહોંચી ત્યાં જ અટકી પડવાનું કે આરામ ખુરશીમાં બેસી પગ હલાવ્યા કરવાનું નંદલાલની ભાગ્યલિપિમાં નથી, એ વસ્તુ જો એમના માટે શક્ય હોત તો બજારમાં એમનો વેપાર જામી જાત. જે મર્યાદિત ખરીદનારા હોય છે તેમનાં વિચારબુદ્ધિ તો અચળ શક્તિ વડે એક જ સ્થળે બંધાએલાં હોય છે. એ લોકોની ભાવતાલ પૂછપરછ કરવાની રીત અભ્યસ્થ આદર્શ સાથે મેળવીને જોવાની હોય છે. એ સીમાગ્રસ્ત આદર્શની બહાર પોતાની રૂચિને છૂટી મૂકતાં એ લોકો ડરે છે. સારૂં લાગવાનું એ બધાનું માપ જનશ્રુતિના માપને અનુસરનાર હોય છે. જનસમાજમાં 'આર્ટિસ્ટ'ના કાર્યની યથાર્થ કદર કરવાનો અભ્યાસ પડતાં સમય લાગે છે. એક વાર એવો અભ્યાસ પડી જતાં એ ધારાનું અનુવર્તન થાય તો 'આર્ટિસ્ટ'ને કંઈ આપદા ના રહે. પણ જે આત્મવિદ્રોહી શિલ્પી પોતાની જ પીંછીની 'ટેવ'ને ક્ષણેક્ષણે તોડી પાડ્યા કરે તેણે બજારમા તો વારંવાર છેતરાવું પડે છે. તેમ થાય તેનું કંઇ નહિ. પોતાની જાતને છેતરવા કરતાં બજારમાં છેતરાવું સારૂં. નંદલાલ એ પ્રકારની આત્મવંચનાને વખોડે છે અને તેમ કરતાં થતી હાનિ પ્રતિ એ બેપરવા રહે છે એની મને ચોક્કસ ખબર છે. અમુક પુસ્તક કે અમુક ચિત્ર એ જ એના લેખક કે ચિત્રકારના ઉત્કર્ષની સીમારૂપ છે એવો જનરવ બજારમાં કોઇકોઇ વાર સંભળાય છે એના કારણ રૂપે એ લોકોને મળ્યે જતા અભ્યસ્થ ભથ્થામાં પડેલો કોઇક વાંધો હોઈ શકે છે. પોતે બંધાઇને જનતાને પડેલા અભ્યાસની માગણીઓ પૂરનાર થવાનો લોભ ન સમાલી શકનાર પાપ કરે છે; અને પાપે મૃત્યુ! નંદલાલને એ પાપલોભની જરા યે બીક નથી. એમની લેખિની તો પોતાના અતીત કાળને પાર કરી જનાર યાત્રિણી છે. વિશ્વસૃષ્ટિનો યાત્રાપંથ પણ એ જ દિશામાં હોય છે અને એનો અભિસાર અન્તવિહીનના આવાહને હોય છે.

'આર્ટિસ્ટ'ની પોતાની નૈસર્ગિક કુલીનતા—આભિજાત્ય—નો પરિચય એના જીવન અને ચારિત્ર્ય ઉપરથી મળે છે. નંદલાલના સ્વભાવમાં વખતોવખત આપણને એનાં પ્રમાણ મળે છે. પહેલું તો આપણને એ સ્પષ્ટ જણાઇ આવે છે કે એમનામાં 'આર્ટ' પ્રતિ સંપૂર્ણ, નિર્લોભ નિષ્ઠા છે. એમને જો ખૂબ માલમિલકત જમાવવાની આકાંક્ષા હોત તો એ પંથે પણ ઉન્નત અવસ્થા પામવાના એમને અનેક અવસર હતા. પ્રતિભાનાં યથાર્થ મૂલ્યની પરીક્ષા કરનાર ઇન્દ્રદેવ શિલ્પસાધકોની તપસ્યા સામે રૂપેરી નૂપુરઝંકારની મોહજાળ વિસ્તારે છે. પણ સરસ્વતીનો પ્રસાદસ્પર્શ એના લોભમાંથી બચાવે છે. એ દેવી અર્થના બંધનમાંથી ઉદ્ધાર કરી સાર્થકતાનું મુક્તિવરદાન અર્પે છે. નંદલાલ એ મુક્તિલોકમાં વિરાજે છે; એટલે જ એ નીડર છે.

એમના સ્વભાવગત આભિજાત્યનું બીજું એક લક્ષણ તે એમનું અવિચલિત ધૈર્ય. મિત્રના મુખમાંથી અઘટિત નિંદા સાંભળવા છતાં યે એમની પ્રસન્નતા જરા પણ ઘટતી નથી. એમની સાથે પરિચય ધરાવનાર સૌને એવે પ્રસંગે તીવ્ર આઘાત થયો છે; પણ નંદલાલ તો અતિ સહજ રીતે ક્ષમા કરી શક્યા છે. એમાં એમના અંતરનું ઐશ્વર્ય સપ્રમાણ થાય છે. એમનું મન ગરીબ નથી. પોતાના સમવ્યવસાયી મંડળમાંથી કોઈના પ્રતિ ઇર્ષાનો આભાસ પણ એમનાં વાણીવર્તનમાં જણાતો નથી. અમુક વ્યક્તિને પોતાની દાતવ્ય વસ્તુ આપતાં પોતાની કીર્તિ કમી થઈ જવાની આશંકાએ કોઈ દિવસ એમના ઉદાર ચિત્તને હલકું પડવા દીધું નથી. એ તો પોતાના અને પારકાના સંબંધમાં સર્વદા સત્ય હોય છે. પોતાને એ છેતરતા નથી અને પારકાને એ વંચિત રાખતા નથી. આ ઉપરથી હું જોઇ શક્યો છું કે જેમ પોતાનાં સૃજનોમાં તેમ સ્વભાવમાં પણ નંદલાલ શિલ્પી જ છે. સ્વભાવત: ક્ષુદ્રતાની ત્રૂટિ એ ક્યાંયે રાખવા માગતા નથી.

શિલ્પી અને મનુષ્યને એકરૂપ કરીને મેં નંદલાલને છેક નિકટથી નિરખ્યા છે. બુદ્ધિ, સહૃદયતા, નૈપુણ્ય અને અંતર્દષ્ટિનો આવો અદ્ભુત સમાવેશ મહદ્ભાગ્યે જ જણાય છે. એમની પાસેથી શિક્ષણ પામતાં એમનાં છાત્રછાત્રીઓ આ વસ્તુ અંતરના ઊંડાણથી અનુભવે છે. એમના જે મિત્રો દૈનિક સંસારના નાનામોટા વ્યાપારોમાં એમને જુએ છે તે બધા જ એમનાં ઔદાર્ય ને ચિત્તની ગહનતાને લીધે એમના પ્રતિ આકૃષ્ટ હોય છે. એ બધાની અને મારી પોતાની વતી આ વસ્તુ વ્યક્ત કરવાની આકાંક્ષા આ લેખનમાં પ્રગટ થઇ છે. આ પ્રકારની પ્રશંસાની એમને તો જરા યે અપેક્ષા નથી; પણ મારા પોતાના અંતરમાં હું એ પ્રેરણારૂપે અનુભવું છું.

(બંગાળી ઉપરથી) **પિનાકિન્ ત્રિવેદી**

વેડફાએલું જીવન

જે સારા સંસ્કારના પોષણને પરિણામે જુદી જ રીતે લખાયું હોત

વિઠ્ઠલ નાનપણથી જ તોફાની હતો. ઘરમાં માબાપ એના તરફ જરા યે ધ્યાન ન આપે; અને નિશાળે શિક્ષકને સોટી વાપરવા ઉપરાંત કશું ન આવડે એટલે એ બીચારો કરે શું? સૌથી પ્રથમ એણે શરૂ કર્યું પૈસા ચોરવાનું. પગ તળે ગુંદર કે મીણ ચોડીને બજારમાં જાય. ત્યાં રૂપિયે પાઇનો વટાવ લઇને પરચુરણ આપનાર ગરીબ શરાફ કોથળી પાથરીને પરચુરણના ચાર ચાર આનાના ઢગલા રાખીને બેઠેલો હોય છે. વિઠ્ઠલ દોડતો દોડતો એક કોથળી ઉપર થઇને પસાર થઇ જાય. તેમાં તેના પગે એક બે પૈસા તો જરૂર ચોંટે જ. એટલી જ તે દિવસની કમાણી. એ પૈસાથી ભજીઆં કરતાં સારી વસ્તુ કઈ ખરીદાય?

આમ ભજીઆંનો સ્વાદ વધ્યો; પણ થોડા જ દિવસમાં એ બજારના લોકોની નજરે ચડી ગયો, અને લોકોએ એને પકડીને સારીપેઠે મેથીપાક જમાડ્યો. આમ કમાણીનો રસ્તો તો ગયો, પણ ભજીઆંનો સ્વાદ હજી રહ્યો હતો; એટલે વિઠ્ઠલે નવો ઉપાય શોધી કાઢ્યો. ગજવામાં લાંબી શીશી રાખીને હનુમાનને મંદિરે જાય. ત્યાં તો તેલ હોય જ. એ ચોરી લાવી ભજીઆંવાળાને આપે અને એમાંથી ભજીઆં ખાય. લોકો માનતા કે બજારનો માર ખાઇને વિઠ્ઠલ સુધરી ગયો છે અને હવે નિયમિત મંદિરે જવા જેટલો ભક્ત પણ બન્યો છે. પણ લોકોને ક્યાં ખબર હતી કે એ હનુમાનભક્તિ નહિ પણ ભજીઆં ભક્તિ હતી! અને હનુમાનને તેલ ચડાવવા નહિ પણ ચડાવેલું લૂટવા તે જતો હતો! આમ ઘણા દિવસ ચાલ્યું. એક દિવસ ઘરમાં તેલ થઈ રહ્યું હશે. માની મૂંઝવણ જોઇને વિઠ્ઠલનું હૈયું પીગળ્યું. તે દોડતો દોડતો જઇને હમેશને ઠેકાણેથી તેલની શીશી ભરી લાવ્યો.

'આટલું બધું તેલ ક્યાંથી લઈ આવ્યો વિઠ્ઠલ? ઉછીનું આણતાં તો ઠીક લાગે છે, પણ પાછું વખતસર આપીએ નહિ તો લોકોના બોલ સાંભળવા પડે.'

'ઉછીનું લાવ્યો નથી; એ તો ભગવાને આપ્યું છે.'

'સાચું બોલ એ ક્યાંથી લાવ્યો?'

'તારે એની શી પંચાત? રાખવું હોય તો રાખ, નહિ તો લાવ પાછું. મેં આણ્યું એ જ ભૂલ કરી ને?'

ગરીબાઇ એ પારાના રસાયણ જેવી છે. પચે તો જીવનનો ઉદ્ધાર થાય. નહિ તો વિવેક, ખાનદાની, માણસાઇ, બધું જ ધૂળ ભેગું કરી નાખે.

માતાએ તેલ રાખ્યું અને વિઠ્ઠલને હવે ભજીઆં માટે બજારમાં જવાની જરૂર ન રહી. રોજ ભજીઆંવાળા પાસે જવામાં જોખમ તો હતું જ, કેમકે આ છોકરો રોજ આટલું તેલ આપે છે એ પ્રામાણિક તેલ નથી, એટલું તો ભજીઆંવાળો જાણે છે એમ એની આંખો જ કહેતી હતી. પણ હવે મામલો ઘરની અંદર જ રહ્યો એટલે બીક ઓછી રહી. પણ પરિણામ ઊંધું જ આવ્યું. ભજીઆંવાળાને મફતનું ગમે તેટલું મળતું તેલ બંધ થયું એટલે એનાં આંખમીચામણાં પણ બંધ થયાં. એની નજર ઝીણી થઇ અને ગંગોત્રીનાં યાત્રીની પેઠે એ તેલનું મૂળ શોધવા નીકળ્યો. થોડા જ દિવસમાં વિઠ્ઠલની હનુમાનભક્તિનું મૂળ લોકોને જડ્યું અને વિઠ્ઠલનાં હાડકાં નરમ થયાં.

નંદીગઢ પૈસાદારોનું એક ગામડું છે. એક દિવસ વિઠ્ઠલ કોઈના લગ્નમાં વણનોતરે ત્યાં ગયો. એણે યુક્તિ કરી. બજારમાં જઇ એણે પાનસોપારીનાં સોબસો બીડાં આણ્યાં, (ખરીદ્યાં એમ તો ખાત્રીપૂર્વક ન જ કહેવાય ને?) અને લગ્નમંડપમાં જઇ આવેલા મહેમાનોને એણે બીડાં આપવા માંડ્યાં.

મહેમાનોએ માન્યું કે પોતાનામાંનો કોઇ હોંશીલો માણસ છે. બીડાં પૂરાં કરી એણે ઘરમાંથી અત્તરદાની મંગાવી બધાને અત્તર આપી અત્તરદાની પાછી સોંપી અને ગુલાબદાની માગી આણી; એ પણ વખતસર પાછી સોંપી, એટલે લગ્નવાળાના ઘરમાં પણ થયું કે આ કોઇ જવાબદાર માણસ છે. જમવાનો વખત થયો એટલે વિઠ્ઠલ ચાંદીનો લોટો લઈ જમવા ગયો. ઉતાવળે ખાધું અને જાણે જમ્યા પછી મહેમાનોની આગતાસ્વાગતા માટે તૈયાર રહેવાનો હોય તેમ ઉતાવળેઉતાવળે લોટો લઇ હાથ ધોવા બહાર ગયો.

બહાર કપડાં ચડાવી ભાઇસાહેબે ચાંદીના લોટા સાથે પલાયન કર્યું. એક ગાડીવાળાને કહે 'ચલો અભી કે

(અનુસંધાન આગળ પૃ. ૧૭૭ મે)

ચન્દ્રદર્શન



ઠરી ગએલા જ્વાલામુખીનાં મુખો જેવાં અસંખ્ય જંગી પર્વતમુખોથી છવાએલી ચન્દ્રની સપાટીનો એક ભ ગ

સહસ્રો નહિ પરંતુ લાખો વર્ષો પહેલાં મનુષ્યે જ્યારથી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ પિછાન્યું અને પ્રમાણ્યું ત્યારથી નીલાકાશનું તેજોમંડળ તેની કુતૂહલવૃત્તિ જગાડતું આવ્યું છે. આપણને પણ ઘણીવાર ખુલ્લામાં સૂતાં સૂતાં એવો વિચાર નથી આવતો કે આ તેજઘુમ્મટનું યત્કિંચિત્ રહસ્ય પણ આપણે શે પામીએ? આપણા પ્રાચીનતમ પૂર્વજોને પણ એમ જ લાગેલું અને એટલે જ આર્ય ખગોળવિદ્યા એટલી ઉન્નત બની;–સંપૂર્ણ તો ક્યાં યે નહિ, કારણ કે એ તેજ-ઘુમ્મટ હજુ સુધી એવો જ કુતૂહલગર્ભિત નિગૂઢ છે.

ચન્દ્રની શીતલ ચારુતા અને મદભર ચાંદની માનવીના મગજ સાથે અન્ય ગ્રહોપગ્રહો કરતાં ઘણો નિકટનો સંપર્ક રાખે છે. તેના જેટલી ઉત્તેજના ભાગ્યે જ અન્યે કરી હશે; અને એ વિજ્ઞાનથી યે સિદ્ધ છે. મનોસ્થિત કોઇપણ તરંગને ચન્દ્રનો રૂપેરી પ્રકાશ વધુ ઉત્તેજિત કરે છે અને એ માટે જ ઉપમાભિલાષી આપણા રસતરસ્યા કવિજનોએ તેને એટલો તો પીંખી ખાધો છે કે એ બીચારો કોઈ જીવધારી હોત તો એકાદ અગોચર ખૂણો જ શોધી લેત.


ચન્દ્રલોકની પુરાણાંતર્ગત કથાઓ આપણામાંના ઘણાએ સાંભળી હશે; નાનાં ચેકુસોની 'ચાંદાપોળી'ની રમતોથી ઘણાયે રીઝ્યા હશે, એટલું જ નહિ પણ એ 'પ્રફુલ્લ અમીવર્ષણ ચન્દ્રરાજ'ની 'ચળાતી જ્યોત્સ્ના'માં ઘણાંયે ઉરોની હૃત્તંત્રી આલ્હાદપૂર્વક આંદોલિત થઇ હશે. પણ એ જ ચન્દ્રરાજમાંથી સઘળી કલ્પનાઓની બાદબાકી કરી નાખીએ તો?

એ જ ઉદ્દેશે આપણે આ લેખમાં આગળ વધવાના છીએ. કલ્પનાવાદીઓ માટે ચન્દ્રનો વિકાસ કે ઇતિહાસ ગમે તે હોય, આપણે તો વિજ્ઞાનના પગથારે પગ મૂકવાના છે.

ચન્દ્ર એક મૃત ગ્રહ છે અને પૃથ્વીની પેઠે સૂર્યની પ્રદક્ષિણા કરે છે એ તેને વિષેનું સામાન્ય જ્ઞાન છે જ. તેમાં દેખાતું કાળુંધાબું સમુદ્રોનું બનેલું છે એવી માન્યતા છે. પરંતુ સમુદ્રો તો શું પણ કોઇ પ્રકારના જળપ્રદેશોનું ત્યાં અસ્તિત્વ સરખું યે નથી એ દૂરબીનથી સાબીત થઇ ચૂકેલું છે. પોતે રશિયન સામ્રાજ્ય જેવડો મોટો હોવા છતાં કશા યે સજીવતાથી ચન્દ્ર રહિત છે.

ચન્દ્ર આપણી પૃથ્વીનો છૂટો પડેલો એક ટુકડો છે એ આપણે ખગોળમાં જાણી ચૂક્યા છીએ. એને લઇને બંનેને પરસ્પરનું આકર્ષણ એટલું બધું રહ્યું છે કે સૂર્યની પરિક્રમા બંને સાથે રહીને જ કરે છે. આથી આપણામાંનો કોઇ હજુ ચન્દ્રનો બીજો અરધ જોવા શક્તિમાન થયો નથી. કદાચ પૃથ્વીની પ્રવાહી અવસ્થામાં જ પાંચસો કરોડ ઘનમાઇલનો એ ટુકડો તૂટી જઇ શૂન્યમાં લટકી રહ્યો હશે. આ વિયોગ પછી તો તેનો ઇતિહાસ ઘણો આશ્ચર્યજનક છે. સૂર્યનાં અસહ્ય કિરણો લાગલાગટ ત્રણસો કલાક તેના પર પડે છે. પૃથ્વીના વિષુવવ્રતવાળા પ્રદેશોમાં ગરમી જે છેલ્લી ટોચે પહોંચે છે એટલી તો ત્યાં હમેશ ચાલુ રહે છે. અને રાત્રે ત્યાં ટાઢ એટલી કે ધ્રુવપ્રદેશોને ક્યાંય આંટી દે. એવા એ ગ્રહ પર વસનાર કોઇ માઇનો પૂત કોઇ સમયે યે હશે તો તેને એ ઠંડી–ગરમીનાં આંદોલનોનો એવો તો સામનો કરવો પડ્યો હશે કે આપણે કલ્પના, અનુમાન કે તર્કથી પણ તેને ન પ્રમાણી શકીએ.

સૌ જાણે છે કે આકાશી પદાર્થોનો જન્મ નિહારિકાઓ (હવામય તેજસમૂહો)માંથી થયો મનાય છે. જોસભેર ફરતા એ સમૂહોમાંથી સૂર્યો થયા, અને તે જેમજેમ ઠરતા ગયા તેમતેમ ગ્રહો થતા ગયા. આ ઠરવાની ક્રિયા પહેલાં તેઓ પોચા હતા તે કાળમાં એ બધા અતિશય વેગથી ફરતા હોવાને કારણે તેમાંથી, સૌર ભરતીઓનાં આકર્ષણને લીધે, અમુક લચકા છૂટા પણ પડ્યા ચન્દ્ર એ પૃથ્વીમાથી એવો છૂટો પડેલો એક લચકો જ છે, અને આજથી પાંચ કરોડ અને સિત્તેર લાખ વર્ષ પહેલાં આ બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે તે પૃથ્વીથી છૂટો પડ્યો છે. કેટલાક માને છે કે તેના આ પ્રકારના જન્મને ચાર અબજ વર્ષ થયાં છે. સૌ પહેલાં તો મથાળે બતાવ્યા મુજબના ગોળ આકારની પૃથ્વી હતી. પછી સૌર ભરતીના આકર્ષણને લીધે તેનું જમણી બાજુનું (સૂર્ય તરફનું) પેટાળ ખેંચાઇને તે અંડાકાર બનતી ગઇ, અને બીજો વધારે વખત જતાં ત્રીજા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જામફળના આકારની થઇ. તે પછી અંતે તેનું એ ટોચકું ચોથા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે છૂટું પડીને ચન્દ્ર બન્યો. પણ પૃથ્વીના ગુરુત્વાકર્ષણને લીધે તે અવકાશમાં દૂર ન જઇ શકતાં પૃથ્વીની જ આસપાસ ફરવા લાગ્યો. ચન્દ્ર રૂપી લચકાના છૂટા પડવાની આ ક્રિયાથી બન્યું એવું કે જ્યાંથી તે છૂટો પડ્યો હતો તેટલો પૃથ્વીનો એ ભાગ, પાંચમા ચિત્રમાં જણાય છે તે મુજબ, અણીઆળો રહેલો. ને વર્ષોના વેગભર ફરવા છતાં પણ હજી તે સરખો થયો નથી, પણ છેલ્લા ચિત્રમાં બતાવ્યા મુજબ આજે યે એક છેડેથી ટેકરા પડતો રહ્યો છે.




(Courtesy: 'Science for All')

ચન્દ્રનો જન્મ

ત્યાં સૂર્યકિરણો આટલાં ઉગ્ર હોવાનું કારણ એ છે કે તેમને અટકાવવા ત્યાં કોઇ વાદળસમૂહ નથી, તેમ વાયુનું યે ત્યાં નામનિશાન નથી, એટલે બધાં કિરણો સીધાં ત્યાં પડે છે. આથી દિવસે (આપણા એક માસ બરાબર ત્યાંની દિવસરાત) ત્યાં તીવ્ર પ્રકાશ અને ભીષણ ગરમી તથા રાતે કરાલ અંધકાર અને અસહ્ય ટાઢ રહે છે.

ચન્દ્રની ઉત્ક્રાન્તિ આપણી પૃથ્વીની પેઠે જ થએલી છે. તે પણ એક સમયે વરાળનો સમૂહ હતો, અને ઉત્ક્રાન્તિક્રમનાં અનુક્રમે એક સમયે સજીવ તત્ત્વોથી પણ તે વસાએલો હોવો જોઇએ. વરાળ અને વાદળોનાં તેનાં આવરણો એક વખત સમુદ્રો અને મહાસાગરોમાં પરિણમ્યા હોવાનું શું અસંભવિત છે? પૃથ્વીથી છૂટો પડેલો એ તેજગોળો આજની ચેતનહીન શૂન્ય, નિર્જીવ અને ભયંકર અવસ્થાએ આવતાં પહેલાં આપણી પૃથ્વીની જે હાલ સ્થિતિ છે તે હાલની સ્થિતિએ ચોક્કસ આવી ગયો હશે. આમ જીવસૃષ્ટિને ધારણ




(Courtesy: 'Science for All')

ચન્દ્ર ઉપરની સપાટી

☾ ચન્દ્રના જન્મવાળા ચિત્રમાં આપણે જોયું તેમ તે પૃથ્વીનો જ પુત્ર હોવા છતાં તેનો દેખાવ, ચેતન-સૃષ્ટિથી ધબકતી વિવિધરંગી અને સાંદર્યમયી આપણી પૃથ્વી કરતાં તદ્દન જુદો જ છે. તે જીવનહીન, મૃત ગ્રહ છે, અને નરી આંખે તે શીતળ ચાંદની રેલાવતો સોહામણો તેજગોળો લાગતો છતાં દૂરબીનમાં-થી જોતાં તો કોઇ આકરા શીળી નીકળેલા માણસના, ચાઠાંથી છવા-એલા ચહેરા જેવી તેની આખી સપાટી અસંખ્ય જંગી જ્વાલામુખો અને પર્વતશિખરોથી છાએલી જ-ણાય છે. પર્વતમાળાઓ ત્યાં ઓછી છે. પણ ઠરી ગએલા જ્વાલામુખી પર્વતોનાં મુખ જેવાં મુખ ત્યાં બે-શુમાર છે, અને છેલ્લી મોજણી મુજબ તેનો આંકડો ત્રીસ હજાર ઉપર જાય છે. અને આ જ્વાલા-મુખો નાનાંસૂનાં પણ નથી. આપણી પૃથ્વી પરનાં જ્વાલામુખો વધુમાં વધુ સાત માઈલની પહોળાઇનાં છે; પણ અજબ વાત છે કે ચન્દ્ર પૃથ્વી કરતાં કદમાં અતિ નાનો હોવા છતાં તેનાં આ પર્વતમુખો પચાસથી સો માઇલ પહોળાઇનાં છે અને કેટલાંક તો દોઢસો માઇલનાં પણ છે. પાંચ-થી પંદર માઇલની પહોળાઇનાં મુખો તો ત્યાં સેંકડો છે. આ પર્વતમુખો મોટે ભાગે ગોળાકાર જ છે. વળી નવાઈની વાત તો એ છે કે તેની ચોમેરની કિનારો હજારો ફીટ ઊંચા પર્વતો રૂપે છે, જેની ઊંચાઈ ક્યાંક ક્યાંક તો વીસત્રીસ હજાર ફીટ જે-ટલી છે. ચન્દ્રના કદના પ્રમાણમાં આ ઊંચાઇ અતિઘણી કહેવાય. તેનો ખ્યાલ લાવવો હોય તો કલ્પના કરો કે આપણી પૃથ્વીનું ઊંચામાં ઊંચું શિખર એવરેસ્ટ જે અત્યારે પાંચેક માઈલ ઊંચાઇનું છે તે ત્રીસ માઇલ ઊંચું હોય તે. જેવડું લાગે તેવડી એ પર્વત-કિનારો ચન્દ્ર ઉપર લાગે છે. બીજી નવાઇ એ છે કે એ પર્વતમુખોની વચ્ચે પણ ચોમેરની કિનાર જેટલું ઊંચું શિખરમંડળ હોય છે.

વળી, જાણીને અચંબો થશે કે ચન્દ્ર ઉપરની આ ખીણો ને પર્વતોનાં માપ પૃથ્વી પરની મોજણી કરતાં પણ વધારે ચોક્કસાઇ-વાળાં મળે છે. સૂર્યનો પ્રકાશ એ પર્વતોપર પડતાં તેના પડછાયાઓની લંબાઇ પરથી આ માપની ગણતરી કરી લેવામાં આવે છે.

કરવા યોગ્ય અન્યો હોવા છતાં તેના પર તેનો ઉદ્ભવ હતો કે નહિ તે એક કોયડો છે. નિહારિકામાથી ચન્દ્ર અને પૃથ્વીનો ઉદ્ભવ સાથે જ થયો હોવાં છતાં તે વહેલો કેમ ઠરી ગયો ? તેનું કારણ એ જ હોઇ શકે કે,



અમેરિકાની માઉન્ટ વિલ્સનની વેધશાળામાંના દુનિયાભરના મોટામાં મોટા ૧૦૦ ઇંચના દૂરબીનમાંથી લીધેલો આ ફોટોગ્રાફ છે. દૂરબીનમાંથી લીધેલો ફોટોગ્રાફ હમેશાં ઊલટી વસ્તુઓ બતાવે છે; એટલે ઉપરના ચિત્રમાં જે નીચેનો ભાગ જણાય છે તે નરી આંખે જોતાં ચન્દ્રનો ઉપરનો ભાગ છે. ચન્દ્ર ઉપરના આ જ્વાલામુખો, પર્વતો અને મેદાનોનાં નામ પણ પાડેલાં છે જે ઉપલા ચિત્રમાં લખેલાં જણાય છે. મુખોનાં નામ પ્રાચીન ગ્રીક વૈજ્ઞાનિકોનાં નામ ઉપરથી ને પર્વતમાળાઓનાં નામ આપણી પૃથ્વીની જ ગિરિમાળાઓનાં નામ પરથી પાડેલાં છે. જે મેદાનો છે તેને પ્રાચીન ખગોળશાસ્ત્રીઓએ સમુદ્રો માનેલા, તેથી તેમણે એમનાં સમુદ્રો તરીકે નામ પાડેલાં તે આજે પણ કાયમ છે. (Courtesy: 'The World of Wonder')


તે નાનો હોઇ તેની શક્તિનો હ્રાસ વહેલો થવા પામ્યો.

આજે તો ચન્દ્ર પર એ સ્થિતિ છે કે તોપોના ભડાકા પર ભડાકા થવા છતાં ત્યાં એક્કે શબ્દ ન સંભળાય! કારણ કે ત્યાં વાયુનો બિલકુલ અભાવ છે. કદાચ કોઇ સમયે આદમજાત ત્યાં ઉદ્ભવી હોય તો તે કદાચ મૂંગી અને બહેરી જ સંભવે એમ આ કારણ પરથી તારવી શકાય!

ચન્દ્રમાં જે ડાઘા દેખાય છે તે સંબંધે ઘણી કલ્પનાઓ થઇ ચૂકી છે. આપણાં દાદીમાઓએ સસલું, હરણનું બચ્ચું, રેંટિયો કાંતતી ડોશી વગેરેની કલ્પનાકથાઓ જોડી આપણી કિશોરવયની એક રંગદર્શી (Romantic) સૃષ્ટિ તરીકે ચન્દ્રને રજુ કરેલો છે. જુદાજુદા દેશોમાં એ ડાઘ સાથે ઘણીયે રંગદર્શી ફૂલગુંથણી કરવામાં આવી છે. પરંતુ દૂરબીને એ સર્વ કલ્પનાસૃષ્ટિઓનો પ્રલય કરી એ ડાઘ સેંકડો જવાળામુખીઓથી બન્યો હોવાનું સાબિત કર્યું છે. આપણાથી આટલો દૂર રહેલો ચાંદો દૂરબીનથી જોતાં માત્ર ચાલીસ માઇલ જ છેટો રહે છે, અને વાયુનું નડતર ન હોય ત્યારે તો એ અંતર ઘણી વખત ત્રીસ માઇલ સુધી પણ પહોંચે છે. જ્વાળામુખીઓને લઇ ઘણે સ્થળે તે ઉપસી પડ્યો છે. તેનો સૌથી મોટો જ્વાળામુખી પચીસ માઇલ લાંબો છે અને તેની તળેટી પીગળેલી ધાતુઓથી છવાએલી છે. તેના એક જ શિખર ઉપર ઇંગ્લંડની બધી વસ્તી સમાઇ જાય;—અને જરાવારમાં સફાચટ પણ થઇ જાય, કારણ કે તેના ફાટવાથી એકસામટો એક હજાર ઘનફૂટ ગરમ પદાર્થ ઊડી નીકળે છે.

બીનજ્વાળામુખી પર્વતો પણ ચન્દ્ર પર અસ્તિત્વ ધરાવે છે. આલ્પ્સ નામે ઓળખાતી તેની એક જ પર્વતમાળ ત્રણ હજાર પર્વતોની બનેલી છે વચ્ચે એક ઘાટ પણ છે જે એંશી માઇલ લાંબો ને પાંચ માઇલ પહોળો છે. સૂર્યોદય સાથે એ પર્વતમાળના પડછાયા એંસી થી નેવું માઇલ સુધી લંબાય છે.

ચન્દ્રની ગતિમાં ખાસ નોંધવા જેવું તો એ છે કે તેને જેટલો સમય પૃથ્વીની પ્રદક્ષિણા કરતાં લાગે છે તેટલો જ સમય પોતાની ધરી પર ફરતાં લાગે છે. અને આ વિચિત્રતા આણવા માટે આપણી પૃથ્વી જ જવાબદાર છે. આમ જેમ જેમ આપણે ચન્દ્રના ભૂતકાળ તરફ ઢળતા જઇએ છીએ તેમ તેમ તેમાંથી રસ, કુતૂહલ અને વૈવિધ્ય પામીએ છીએ.



☾ ચન્દ્ર ઉપરનો બીજો એક અજબ જેવો દેખાવ તે તેના એક તરફના મથાળાના ભાગ ઉપરથી આખા ગોળાર્ધ ઉપર પ્રસરતાં કોઇ એવી કિરણોનો છે. એ, અલબત્ત, દૂરબીનમાંથી જ જોઇ શકાય છે. ઉપલા ચિત્રમાં ટાઇકો નામના પર્વતમુખમાંથી પ્રસરતાં કિરણો બતાવ્યાં છે. આ કિરણો સેંકડો માઇલ લાંબાં અને કોઇકોઇવાર તો પાંચથી દસ માઇલ પહોળાં હોય છે. ચન્દ્ર ઉપરની તિરાડોની માફક તે પણ ખીણો, પર્વતો ને જ્વાલામુખો સોંસરાં ચન્દ્રની સમસ્ત સપાટી પર અંકાઇ રહેલાં ઘણીવાર દેખાય છે.

આપણા મહાસાગરો પર ચન્દ્ર જે અસર કરે છે તે જ અસર આપણી પૃથ્વીએ તેના પર સમુદ્રો હશે ત્યારે તેમના પર પણ કરી હશે એમ ઘણા માને છે. પૃથ્વી ચન્દ્રથી એકાશીગણી મોટી હોઇ તેનું પરિબળ વિશેષ રહે એ દેખીતું છે; પરંતુ આપણી પૃથ્વી ચન્દ્ર પરથી જે જળ શોષે તેના કરતાં ચન્દ્ર આપણી પૃથ્વી પરથી જે જળ શોષે તેનું સાપેક્ષ ભિન્નત્વ—કે જે જુવાળનું એક આવશ્યક અંગ છે—તે ઓછું જ હોય. એથી ચન્દ્ર પરના જુવાળમાં વેગ ન સંભવે. આપણા સમુદ્રોના જુવાળ પૃથ્વીની દૈનિક ગતિને થોડી થોડી પણ ચાલુ અવરોધતા આવે છે અને તેથી આપણી પૃથ્વીની ગતિ સરવાળે એટલી ધીમી પડી જશે કે એ જુવાળની અસરથી તદ્દન અલિપ્ત રહેશે. આ બનશે ત્યારે તો કરોડો વર્ષો વીતી ચૂકયાં હશે છતાં ચન્દ્ર એક રીતે આપણી પૃથ્વીના ભવિષ્યનું કેવું તાદૃશ્ય રૂપ રજુ કરે છે!

હવે ચન્દ્રને એક ગ્રહ તરીકે જોઇએ. આપણી

પૃથ્વીથી તે છૂટો પડ્યો તે વખતે તે વરાળ સ્વરૂપે હોઇ પૃથ્વીના બાહ્ય ઢાંકણ તરીકે ફરવાની તેને આવશ્યક ફરજ પડી હશે. એટલે પૃથ્વીના બાહ્ય વિભાગમાં ફરવાને જેટલો સમય લાગ્યો હશે તેટલો જ સમય તેને પોતાની ધરી પર ફરતાં લાગ્યો હશે. પરંતુ પૃથ્વીના શીતભવનને લઇને જે વખતે તે દૂર ને દૂર થતો ગયો હશે તે વખતે અવકાશમાંથી આવી તેના પર દરતાં રજકણો અને તેનું પોતાનું ક્રમિક શીતભવન તેની ગતિ ધીમી પાડવા તરફ જરૂર વલણ લેત; પૃથ્વી ફરતા આવેલા વરાળસમૂહો પણ તેમાં કશો અંતરાય ન નાખત અને તેની બંને ગતિઓનો સમેળ ઊડી જાત. છતાં એમ ન બન્યું અને તેની બંને ગતિઓ (પોતાની ધરી પર ફરવાની તેમજ પૃથ્વીની આસપાસ ફરવાની) સમેળ જ રહી. તેનું કારણ, ચન્દ્રમાં એક એવું પરિબળ રહેલું છે કે જે ચન્દ્રને એવાં તોફાનો આચરતાં અટકાવે છે. જોકે એ પરિબળ બંને ગતિઓનો મેળ સાધવા પૂરતું જ છે, વધુ નહિ.


ચન્દ્રની જળપવન વિનાની આજની સ્થિતિ કંઇ નહિ તો તેના પરિવારના ભાવિ માટે પણ આપણને આકર્ષે છે. જોકે એ સ્થિતિએ આપણું તો ઘણું ઓછું લક્ષ્ય ખેંચ્યું છે. આપણી પૃથ્વી આજે જે ઉન્નતિ-ક્રમમાંથી પસાર થાય છે તે ક્રમને આરે ચન્દ્ર ઊભેલો હશે ત્યારે ત્યાંની હવા અહીંના દર ચોરસ માઇલના પ્રમાણે ઓછી હશે. ચન્દ્ર આપણી પૃથ્વીના એકાશીમા ભાગનો હોઇ ત્યાંનું વાતાવરણ પણ એકાશીમા ભાગનું હશે એમ આપણે ગણી કાઢીએ. પણ ખરી રીતે તેમ નથી. તે માત્ર તેરમા ભાગ પૂરતું જ છે; અને તે ગુરુત્વાકર્ષણના માત્ર છઠ્ઠા ભાગથી જ દબાતો હોઈ ત્યાંની હવાની જાડાઇ અહીંના કરતાં છઠ્ઠા ભાગની હશે. તેના કિનારાનો પટ કિનારાની રેખા કરતાં એટલો નીચો ઢળતો છે કે એ નીચાણ જ તેના પરનું પાણી અલોપ કરવા કારણભૂત થયું હોય! ઘણાકો તેમાં કલ્પાએલા પોલાણને તેના કારણભૂત માને છે, પરંતુ સપાટી નીચે દશબાર માઇલ સુધીમાં એવું કોઇ પોલાણ હોવું અસંભવિત જ છે. ચન્દ્ર ગમે તેટલો સંકોચાયો હોય પણ તેના પરના ચોથા ભાગ જેટલા પાણીને સમાવી રાખે એવડું મોટું પોલાણ થવું તેમાં અસંભવિત જ છે. એ સંભવિત ત્યારે જ બને, જ્યારે તે મધ્યબિંદુ સુધી દરી ગયાં હોય. કદાચ તેના પરના પાણીનો ત્રીજો કે ચોથો ભાગ અદૃશ્ય થયા પછી બાકીનો ભાગ મધ્યબિંદુના સંકોચ સાથે શોષાઇ ગયો હશે. પરંતુ તેની આખરી પરિસ્થિતિ સુધીમાં કેટલું પાણી શોષાયું હશે તેનું પ્રમાણ નથી જણાયું. કદાચ નજદીકના જ ભવિષ્યમાં આપણે તે ચોક્કસ જાણી શકીશું. ચન્દ્ર પરનું પાણી ગમે તે કારણે અદૃશ્ય થયું હોય, પણ આજે તેની સપાટી પરથી પાણીનું એકેએક બિન્દુ અદૃશ્ય થયું છે એ તો ચોક્કસ છે. એક સમયે ત્યાં પાણી હશે એવી નિશાનીઓ આજે પણ ચોકખી જણાય છે.

આમ, ચન્દ્ર ગ્રહની સઘળી અવસ્થાઓ વટાવી ચૂકયો છે જ્યારે શનિ અને બૃહસ્પતિ હજુ પ્રાથમિક અવસ્થામાં જ છે. સૂર્ય તેથી યે પ્રથમની અવસ્થામાં છે. અને ચકચકિત તારકવરાળ તથા નિહારિકાના જથ્થાઓ સૌથી પ્રથમ હરોળમાં છે. બીજી બાજુ નાની સરખી સમુદ્રરેખાઓ અને આછા વાતાવરણવાળો મંગળ જે આપણી સનમુખ છે તે પૃથ્વી અને ચન્દ્રની હાલની પરિસ્થિતિઓ વચ્ચેનો અંકોડો છે, બુધનો ગ્રહ ચન્દ્રને લગભગ મળતો જ છે, જ્યારે શુક્ર નાનો હોવા છતાં ગ્રહ તરીકેનું અસ્તિત્વ હજુ હમણાં જ પામ્યો છે.

ચન્દ્ર એક મૃત ગ્રહ છે એટલે તેમાં કશી વિશિષ્ટતા ન હોવાની ભૂલ રખે આપણે કરી બેસીએ. તેમાં જે વિશિષ્ટતા છે તે તેની સહચરી પૃથ્વીમાં નથી. લાંબા અને ભીષણ ગરમીભર્યા દિવસકાળમાં તેની સપાટીનો ખડકભાગ ખૂબ જ ઉપસતો હશે કારણકે તે વખતે તેનું ઉષ્ણતામાન લગભગ ઊકળતા પાણી જેટલું હોય છે. ધ્રુવપ્રદેશની અસહ્યમાં અસહ્ય ઠંડીને પણ કોરે મૂકે એવી ઠંડીભરી તેની રાત્રિએ એ ભાગ એટલો જ પાછો સંકોચાતો હશે. આ ક્રમને લઇને તેની ઊંચાણ-નીચાણ ધીમેધીમે સફાચટ થઇ જઇ એક સરખી સપાટી જ રહેવા પામશે. ચન્દ્ર પરની લિન્નિ નામની ચીરાટનું અદૃશ્ય થવું તેને જ આભારી છે. માદબરે જોએલી સાત માઇલની એ ચીરાટ આજે માત્ર બે માઈલ રહી છે. જ્વાળામુખીનું એ ફેરફારમાં કારણભૂત હોવું અશક્ય છે, કારણકે ચન્દ્રના પેટાળમાં જો હજુ એવી શક્તિ રહેલી હોય તો આવા ફેરફારો ચાલુ જ રહ્યા હોય.

આમ અવકાશમાં આવી રહેલો રૂડો રૂપાળો આપણો ચાંદલો છેવટ તો મૃત ગ્રહ જ છે તેની કોઇથી ના પાડી શકાય એમ નથીઃ અને એ જ ભાવિને દોરડે સૂર્ય સુદ્ધાં સારૂં યે સૌરજગત બંધાએલું છે. લય એ સર્વની છેવટની પરિસ્થિતિ છે. વિનાશનો ઘંટ ક્યારે અણવાગ્યો રહ્યો છે? કાળની દાઢ ક્યારે અણ-ચાલી રહી છે? અફસોસ એટલો જ કે માનવી અન્તવાન છે. અવકાશને આવરી રહેલા સર્વે નકામપોશ નાઝ-નીઓસમા એ ગૂઢ સૌર જગતનું સંપૂર્ણ દર્શન પામવા જેટલા જ્ઞાનની, સીમાએ આપણે પહોંચીશું તે પહેલાં તો આપણી પૃથ્વી કાળની દાઢે જઇ પડી હશે. ખરે, જ્ઞાન અસીમ છે અને અનન્ત જ રહેવાનું છે.

(સંકલિત) **અશોક હર્ષ**



વેડફાએલું જીવન (અનુસંધાન પૃ. ૧૭૦થી)

અભી સ્ટેશન તક મુઝે લે જાઓ'. સ્ટેશન બહુ દૂર. બાર વાગ્યાનો અંગાર જેવો તડકો. ગાડીવાળો કહે આવા તડકામાં કોઇને ફાંસીએ પણ નથી ચડાવતા, તો હું તે શાનો ગાડી જોડવાનો હતો? વિઠ્ઠલ કહે મારે બપોરની ગાડી પકડવી જોઇએ; તું માગે તે આપું. ગાડીવાળો લલચાયો. બળદને મારીમારી મહામુસીબતે સ્ટેશન સુધી પહોંચ્યો. વિઠ્ઠલના ગજવામાં પૈસા શાના હોય? સ્ટેશન થોડુંક દૂર રહ્યું એટલામાં ગાડીનું પાછળનું બારણું ખો-લીને તેણે રસ્તો પકડ્યો અને બીજે રસ્તે દોડતો જઈ ગાડી પકડી. થોડીવારે બીચારા ગાડીવાળાએ ખાલી ગાડી જોઇ ભારે પસ્તાવો કર્યો, ચાલતી ટ્રેનમાં વિઠ્ઠલને બેઠેલો જોઈ ગોંભરીને ગાળો દીધી અને પાછો ફર્યો!

વિઠ્ઠલનાં આવાં પરાક્રમો વધતાં જ રહ્યાં. અંતે એક ચોરીમાં સપડાઈ એ જેલમાં ગયો. શરીરે મજબૂત એટલે એક વખતે જેલમાંથી જંજીર તોડી નાઠો. પોલીસ-સવાર એની પાછળ પડ્યા. શક્તિ હતી ત્યાં સુધી વિઠ્ઠલ દોડ્યો અને અંતે લાચાર થઇને ઝાડપર ચડ્યો. ત્યાં ઘોડેસવારે ભાલો માર્યો એને ઘાયલ કર્યો. પછી એનું શું થયું એની મને ખબર નથી.

એને સારા સંસ્કારો મળ્યા હોત તો આટલી બુદ્ધિ-શક્તિવાળા એ માણસનું જીવન જુદી જ રીતે લખાત.

('સોપાન'માંથી) **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

થોડી મૂડીમાં જીવનનિર્વાહ મેળવવાનો

રબ્બર સ્ટૅમ્પ બનાવવાનો હુન્નર

[અમદાવાદમાં રાજનગર ટાઇપ ફાઉન્ડ્રી નામનું બીબાં ઢાળ-વાનું કારખાનું ચલાવતા અમારા મિત્ર પુરુષોત્તમદાસ જાતે જ્ઞાનપિપાસુ કારીગર હોવા ઉપરાંત જ્ઞાનપ્રચારના પણ અતિ સહૃદય ને ઉત્સાહી હિમાયતી છે અને પોતાના ધંધાને અનુ-ષંગી જે વિવિધ હાથકારીગરીઓનો એમને અનુભવ છે તેનો બહોળો ફેલાવો કરવાની સક્રિય અભિલાષાઓ સેવે છે. ઉપરના વિષયનું જ્ઞાન આપતું સરળ સચિત્ર પુસ્તક તૈયાર કરીને નજીવી પડતર કિંમતે બહાર પાડવાનો તેમનો ઈરાદો અમારી જાણમાં આવતાં 'કુમાર'ના વાચકોને તે રસદાયક ને ઉપયોગી થઇ પડશે એમ લાગવાથી અમે તેની 'કુમાર' માટે માગણી કરી અને તેમણે તરત અનુમતિ આપી. આ નીચે તેનો પ્રવેશભાગ પ્રકટ થાય છે. પછીનાં પ્રકરણો હવે પછી પ્રકટ થતાં રહેશે.]

આપણા દેશમાંથી હાલના સમયમાં દેશી ધંધા ઉદ્યોગોનો ધીમેધીમે નાશ થતો જાય છે. અને સાધારણ સ્થિતિનાં સંખ્યાબંધ માણસો બેકાર જોવામાં આવે છે. રબ્બરના સિક્કા બનાવવાનો આ હુન્નર અર્વાચીન છે; તેમજ લગભગ એકેએક દુકાન-દાર, વ્યાપારી, હૉટેલવાળો, દૂધવાળો, ફેરીઓ, નાટક-વાળો, સીનેમાવાળો, ઑફિસવાળો, કોર્ટ, મ્યુનિસિ-પાલિટી વગેરે આવા સ્ટૅમ્પોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરતા હોઈ, શહેરોમાં તેમજ જ્યાં થોડો પણ વેપાર ચાલે છે એવા ગામડામાં પણ આ હુન્નરને સ્થાન છે. પણ હજી તેનું સવિસ્તર જ્ઞાન જોઇએ તેટલું ને જોઇએ તેવું પ્રજાની જાણમાં આવેલું નથી. ખાસ કરીને છાપ-ખાનાના માલેકો અથવા મૅનેજરો કે ફોરમેનો તો આ ધંધો બહુ સરળતાથી એક સહધંધા તરીકે થોડી વધારા-ની મૂડી રોકીને ચલાવી શકે. ઉપરાત સાધારણ ભણેલો કોઈ પણ ધૈર્યવાન તેમજ બુદ્ધિમાન માણસ આ હુન્નર સહેલાઇથી શીખી શકે અથવા સહેલાઇથી કરી શકે એમ છે.

થોડાં વર્ષ પૂર્વે આ હુન્નર શીખવાને માટે મને પો-તાને ઘણી અડચણો પડેલી. આખરે ધ્રાંગધ્રા સ્ટેટ પ્રેસ-ના મૅનેજરને ત્યાં આ ધંધાની આછી રૂપરેખા હું જાણ-વા પામેલો. આ પ્રાથમિક મદદ માટે આજે પણ હું તેઓશ્રીનો ઋણી છું. પણ માત્ર તેના આછા અક્ષર-જ્ઞાનથી હું એ સફળતાથી કરી ન શક્યો એટલે વધુ

અખતરા કરવા જારી રાખીને જ્યાંથી જેટલાં મળ્યાં તેટલાં આ હુન્નર વિષે જ્ઞાન તથા અનુભવ મેળવ્યા કર્યાં અને અંતે ઘણી મહેનતે હું તેમાં સફળ થયો. ત્યાર બાદ કેટલાક જિજ્ઞાસુ ભાઇઓને પણ તે શીખવ્યો અને તેઓ આજે સફળતાથી એ સહધંધા તરીકે ચલાવીને વધારાની કમાણી કરી રહ્યા છે.

મને ઘણા વખતથી એમ થયા કરતું હતું કે આ હુન્નર વિષેના મારા જ્ઞાન તથા અનુભવને એક સચિત્ર ને સારી માહિતી આપનાર પુસ્તક આકારે માત્ર નજીવી કિંમતે છપાવીને જનસમૂહ આગળ રજુ કરવામાં આવે તો તે જરૂર લોકોપયોગી થાય, અને આવા બેકારીના વખતમાં દેશભાઇઓને થોડી મૂડીવાળો તેમજ પોતાના ઘરમાં જ વધારાના વખતમાં કરી શકાય તેવો એક હુન્નર પ્રાપ્ત થાય. આ ઉદ્દેશથી આ લખવાને હું પ્રેરાયો છું, ને જો મારો આ પ્રયાસ થોડા પણ માણસોને રોજી અપાવવામાં સહાયભૂત થશે તો તે સફળ થયો માનીશ.

૧ . . . . સાધનોની યાદી

રબ્બર સ્ટૅમ્પ બનાવવામાં સૌથી પ્રથમ તો કયાં બીબાંમાં સિક્કો ગોઠવીએ તો તે સુશોભિત, સ્પષ્ટ ને મનપસંદ બને એ વિચારવાનું હોય છે. વળી સ્ટૅમ્પ બનાવવામાં કંઈ જે તે જાતના ટાઇપો કામ આવતા નથી. એટલે આ ધંધાની નાનામાં નાની પણ શરૂઆત કરનારને માટે પ્રથમ સાધન તે બીબાં છે. આ વિષે વધુ માહિતી બીજા પ્રકરણમાં આવશે. અહીં તો માત્ર સાધનો જ ગણાવી જઇએ. બીબાં ગોઠવવા માટે ટાઇપોની સાથે લેડ તથા સ્પેસ અને કૉદરેટ-કોટેશન ખરીદવા ઉપરાંત એ બધી ચીજોને રાખવાના ખાનાંખાનાંવાળા લાકડાના કેસ પણ લેવા પડે છે. સાથેસાથે કંપોઝ કરવાની (બીબાં ગોઠવવાની) સ્ટિક તથા એક નાનો ચીપીઓ પણ લેવાં જરૂરી છે. આ ઉપરાંત લાકડાનો નાનો પ્લેનર અને મૅલેટ અથવા મોગરી પણ જરૂરનાં. પછી તેની કાચી હાથછાપ કાઢવા સારૂ ગોઠવવા માટે લાકડાની નાની માપસરની ચીપો (જેને 'ફર્નિચર' કહે છે તે) તેલ લગાડવાનો કઠણ વાળનો બ્રશ, ઝીણું મલમલ જેવું કપડું, ટિશ્યુ પેપર, રિંગોના બ્લૉક, સ્ટવ અથવા સઘડી, થર્મોમીટર, રબ્બર સ્ટૅમ્પ બનાવવાનું મશિન, પ્લાસ્ટર ઑફ પૅરીસ, મોલ્ડિંગ કૉમ્પોઝીશન, ડેકસ્ટ્રીન, ફ્રેંચ ચૉક, સરખી ધારવાળી મોટી છરી, પ્લાસ્ટર વગેરે મેળવવાની ઇનૅમલની ડિશ, એક નાનું હૅન્ડ ડ્રિલ (શારડી), હથોડી, શાચડો, હૅન્ડલો, વાર્નિશ કરેલી લાકડાની પેટીઓ, પિત્તળની ફુદડીઓ અથવા ટૅગ્સ, ટાઈપ છાપવાની શાહી, સ્ટૅમ્પ છાપવાનું પેડ તથા શાહી, પોતાના નામનો સ્ટીલનો પંચ વગેરે સાધનોની જરૂર પડે છે. આ બધાં સાધનોના ગુણદોષ તેના ઉપયોગના વર્ણન સાથે આપણે આવતા હપતાઓમાં જોઇશું. અત્રે જે સાધનો બતાવવામાં આવ્યાં છે તે માત્ર આ ધંધાની શરૂઆત કરનારને માટે છે. જામી ગએલા ધંધાદારીઓને તો પોતાને જરૂર પડતી જાય તેમ વધુ ને વધુ નવાં સાધનો ઉમેરતાં જવું પડે છે. તેમની દૃષ્ટિએ આ યાદી અલ્પ જ ગણાય.

(ચાલુ) **પુરુષોત્તમ દલસુખરામ પટેલ**

હીરો

તું હીરો થયો, તેનું શું ફળ મળ્યું ? એ જ કે તું વજ્ર થયો અને તારા સાથીઓથી છૂટો પડયો. તેં તારો વર્ણ (રંગ) ખોયો અને હવે જેવી છાયા પડે તેવો જ તારો રંગ થઇ જાય છે. તારી મૌલિકતા કયાં રહી ?

આ પ્રમાણે તારૂં મૌલિકપણું સ્વત્વ તેં ખોયું એટલે લોકો શિલા પર ટીપી ટીપીને સરણે આવી આવીને તને પોતાને અધીન કરતા થયા. તારી સ્વતંત્રતા ગઇ અને તું વીંટીના બંધનમાં પણ મૂકાયો.

માટે તું કોયલા રૂપમાં રહે તેમાં જ તારી સાર્થકતા છે; તારો મહિમા છે પણ છે કેમકે એ રૂપમાં જ તું સ્વયં પ્રજ્વલીત થઇને બીજાઓને ઉષ્ણતા અને પ્રકાશ આપે છે, બીજાનું કલ્યાણ કરવા સમર્થ થાય છે.

(રાય શ્રી કૃષ્ણદાસજીના લેખ ઉપરથી) **શંકરદેવ વિદ્યાલંકાર**

કુરકુરિયાં

તો નાનાં મોટાં સૌને ગમે છે ને?—આ બાળનાટિકા પણ એ જ રીતે સૌને સરખી ગમે એવી છે



પાત્રો : સુધા · ઉષા · વિનતા
દત્ત · બકુલ · રશ્મિ · ઈન્દુભૂષણ
સ્થળ : અમદાવાદમાં 'મોતીપોળ'નું પાછળનું ચોકઠું

[કારતક મહિનાની એક સવારે 'મોતીપોળ'નું પાછળનું ચોકઠું નાનાં બાળકોના કિલકિલાટથી ગૂંજી રહ્યું છે. બે છોકરાં એક ઘરના ઓટલા ઉપર એકબીજાની સામે બેસી કંઇક મહાન કોયડો ઉકેલવાનો હોય તેમ ઝીણી આંખો કરી વિચાર કરે છે; અને ચારેક છોકરાં તેમની સામે આવેલા પડી ગએલા ઘરની ખંડિયેર જેવી પરસાળ સામે કુતૂહલથી જોઇ રહ્યાં છે, તેથી કાંઇ નવીન વસ્તુ હાથ લાગી હોય તેમ માલૂમ પડે છે. ઘર તરફ જોઇ રહેલાં છોકરાંમાંથી એક નાની છોકરી ઓટલાનાં પગથિયાં ચડે છે અંદરથી સહેજ ઘુરકાટ સંભળાય છે એટલે ત્યાં ને ત્યાં તે ઊભી રહે છે. થોડીવારે હિંમત કરીને મોઢેથી બુચકારા બોલાવતી અને 'લાલી! લાલી! લાલી!' કરતી અંદર જાય છે. તેનું નામ વિનતા. તેણે સફેદ ફ્રૉક અને ચડ્ડી પહેરી છે, અને વાળની લટો છૂટી ગૂંથેલી છે. બીજાં પણ ત્રણેક બાળકો હિંમત રાખીને મોઢેથી બુચકારા બોલાવતાં પગથિયાં સુધી આવીને શું થાય છે તે જોયા કરે છે. અંદરથી ગણવાનો અવાજ આવે છે તે તરફ બધાં છોકરાં ઝીણી આંખો કરી કાન માંડે છે. એમનામાં બે છોકરા ને એક છોકરી છે તેમનાં નામ, દત્ત, ઇન્દુભૂષણ અને ઉષા.]

વિનતા: (હસતી હસતી, બહાર આવીને) સાત! સા...આ...ત!

દત્ત: [તેણે સફેદ બાંડીઉં અને ચપોચપ ઈજાર પહેરેલી છે; વાળ જેમતેમ ઓળેલા છે; સ્વભાવ બીકણ છે.] (સામે આંગળી કરીને રૂવાબથી) શું કહ્યું? કેટલાં કહ્યાં?

ઈન્દુ: (બધું સમજતો હોય તેમ) કહ્યું તો હવે ખરૂં સાત!

દત્ત: (સમજણ પડી હોય તેમ) એ...મ?

ઈન્દુ: હા, પણ 'એમ' મણિલાલનો.

[બધાં હસી પડે છે.]

ઉષા: [રંગે સહેજ ગોરી; તેણે ફક્ત કાળું ફ્રૉક જ પહેર્યું છે. વાંકાપાડો સ્વભાવ અને હાલતાંચાલતાં ફરિયાદ કરવાની ટેવવાળી સાતથી આઠ વર્ષની બાલિકા.] પણ આપણે તો—(પોતાની સંખ્યા ગણે છે. સામે ઓટલે બેઠેલા છોકરા તરફ આંગળી કરી) ચાર અને બે: (આંગળીના વેઢા ગણે છે.) પાંચ ને એક આ છ, છીએ!

ઈન્દુ: (ન્યાયાધીશની ઢબે) તો હવે, સાતમું વહેંચી લેવાશે.

વિનતા: વારાફરતી દરેકને ઘેર રાખીશું.

ઉષા: (સંશય પડતો હોય તેમ) પણ દૂધ પાવાનું?

દત્ત: જેને ઘેર જાય તે દૂધ પાય........

ઈન્દુ: એમ તે કંઇ ચાલે? છે તો બધાંનું સહીઆરૂં ને?

ઉષા: (સમજણ ન પડતી હોય તેમ) એટલે?

દત્ત: બરાબર છે. જેને ઘેર જાય તે—

વિનતા: (વચમાં જ)—દૂધ પાય; હાસ્તો. એવું સરસ કુરકુરિયું કંઇ મફત રખાય છે?

દત્ત: નહિ તો ન રાખે.

ઈન્દુ: જોઇશું.

ઉષા: (વાત ફેરવતી) હેં, પણ રંગ કેવા છે, વિનતા?

વિનતા: બાપરે! રંગ જોવાના, ભૂલી જ ગઈ. લાવ તો ફરીથી જોઇ આવું. તમે ન આવતાં હો, નહિં તો લાલી બચકું ભરશે! એ તો હું છે, ને! તે રોજ (ધીમેથી) મારી અજીઠી રોટલી નાખું ને, એટલે મને ન કરડે. (હસે છે) જોયુંને, મેં બુચ, બુચ કર્યું કે કેવી પૂંછડી હલાવતી'તી?

દત્ત: તે અમે એ બધું ક્યાં જોયું છે?

વિનતા: પણ છાની તો રહી ગઇને?

ઉષા: (વચમાં જ) જા, રંગ તો જોઇ આવ.

[વિનતા અંદર જાય છે

ઈન્દુ: આપણે તો ભાઇ કાબરૂં લેવાના.

દત્ત: અને આપણું ભૂરિયું.

ઉષા: આપણું કાળિયું.

[બધાં હસી પડે છે.]

ઉષા: મારા ભાઇના જડ સાહેબ છે ને, એમને બંગલે તો બા કાળી 'પપશી' છે. એ...વી સરસ છે. (હાથનો લહેકો કરે છે) વાળ તો સુંવાળા, ને ચમકે, ને પાછી ચોકી કરે, તે તમને તો બંગલામાં પેસવા ય ન દે. પણ હું જઇને 'પપશી! પપશી!' કરૂં એટલે કૉલ આપે. મને ઓળખી ગઇ છે. હું ય મારા કુરકુરિયાનું નામ 'પપશી' પાડીશ અને એને ય સાહેબને બંગલે લઇ જઇશ.

ઈન્દુ: પણ રંગ તો કાળો જ ને?

ઉષા: તેથી શું? રંગે ગમે તેવું હોય, પણ કુરકુરિયું મોટું થાય એટલે વફાદાર જ રહે, સમજ્યા ને?

ઈન્દુ: (સંમત થતો) હાસ્તો; અમારી ત્રીજી ચોપડીમાં જ કવિતા છે. [ગાય છે.]

'વફાદાર હું પ્રાણી પ્યારૂં ખાઉં ધણીનું ધાન,
હલાલ તેનું નિમક કરૂં છું મનમાં રાખી માન.'

ઉષા: (જીત થઇ હોય તેમ) હા, પણ નિમક એટલે શું, દત્ત?

દત્ત: (માસ્તરની ઢબે) એટલું નથી આવડતું? મીઠું. મને તો એનું અંગ્રેજી ય આવડે છે. (પહેલાં જોડણી બોલીને પછી ઉચ્ચાર કરે છે) SALT 'સેલટ' એટલે મીઠું, સમજી?

ઉષા: (સમજણ ન પડતી હોય તેમ) પણ કુતરાં કંઇ મીઠું ખાય?

દત્ત: (ગરમ થઇને) પણ દાળ ભાત ખાય તેમાં મીઠું ન આવે?

[ઉષા શાંત થઇ જાય છે.]

ઈન્દુ: અને દત્તભાઇ, હલાલ એટલે શું?

[દત્તને જવાબ નથી જડતો તેથી ગૂંચવાય છે. થોડીવારે વિચાર કરીને]

દત્ત: (ગુસ્સામાં) તારા સાહેબને પૂછી જોજે; હું કંઇ તારો માસ્તર નથી.

ઈન્દુ: (ચાળા પાડતો) હું કંઇ તારો...મા...સ્ત...ર નથી. મોટી ફસ ભણે છે!

[દત્ત ડોળા કાઢે છે]

ઇન્દુ: (સામે જોઇને) પેલાં બે જણ કેમ પણે બેસી રહ્યાં છે? (ઓટલા ઉપર બેઠેલાં બે જણને) અહ્યાં આમ આવો. તમારે નથી જોઇતાં?

[બકુલ અને રશ્મિ દોડતાં આવે છે.]

રશ્મિ: જોઇએ છે સ્તો, પણ તમે આપો ત્યારે ને?

બકુલ: (રૂઆબમાં) આપણી જાતે લઇ લેવાનાં.

દત્ત: એમ?

બકુલ: હા, જરૂર.

ઇન્દુ: વધેલાંસ્તો.

ઉષા: બોલો, તમારે કયા રંગનાં જોઇએ છે?

ઇન્દુ: એ બ્હેને તો માથાના વાળ જેવું.....

[ઉષા આંખો કાઢે છે એટલે ચૂપ થઇ જાય છે; જાણે છે કે હમણાં રોઇ દેશે]

ઉષા: એવું નહિ કહેવાનું, હોં.

[આંખ ઉપર હાથ રાખીને પાછળ ફરીને રૂએ છે.]

ઇન્દુ: હં! થુંક ચોપડો થુંક! ખોટું ખોટું રૂઓ!

ઉષા: (પાછળ ફરીને) જો હવે, કોણે થુંક ચોપડ્યું છે? (બકુલ તરફ ફરીને) જો, બકુલ એ હું રડી છું ને? મેં કંઇ થુંક ચોપડ્યું છે?

બકુલ: ના, પણ આંખમાં આંસુ નથી.

રશ્મિ: (વચમાં) તે કોઇને ન ય આવે. મારી નાની બેન છે, તે રડે છે ત્યારે યાઉં! યાઉં! કરે છે, પણ આંખમાં આંસુ નથી આવતાં.

ઇન્દુ: તે ઉષા કંઇ તારી બેન જેવડી છે? મોટાં રડે ત્યારે તો આંસુ આવે. હું રડું છું ત્યારે આંસુ આવે છે.

દત્ત: (યાદ આવ્યું હોય તેમ) હા, સુધાબેન રડે છે ત્યારે ય આંસુ આવે છે.

રશ્મિ: અને તમારો ઉશી રડે છે ત્યારે આવે છે?

દત્ત: (યાદ કરતો હોય તેમ) કાલે ઢીંગલી માટે રડતો'તો ત્યારે તો નો'તાં આવ્યાં. પણ આવતાં ય હોય.

ઉષા: (સલાહ આપતી હોય તેમ) બેનને પૂછજે; કાલે હું રમાડતી'તી ત્યારે નો'તાં આવ્યાં.

દત્ત: (ચિડાઇને) બહુ ડાહી છે. હું તારાથી ના'નો છું?

ઉષા: અમારી સાથે કેમ રમે છે?

દત્ત: તારી કટ્ટી કરીશ, હોં.

ઉષા: (ખોટું લાગ્યું હોય તેમ રોવા જેવું મોં કરીને) સુધા બેનને કહી દઇશ. (થોડીવાર પછી) આ કહી આવું. [જાય છે]

દત્ત: જા, સુધાબેનથી વળી કોણ ડરે છે?

વિનતાઃ (બહાર આવીને) એક કાળું !

[બધાં ઊંચી નજરે તેની સામે જોઇ રહે છે.]

ઇન્દુઃ (મજાકમાં) ઉષાનું.

વિનતાઃ વચમાં નહિ બોલવાનું, હોં ઇન્દુ!

ઇન્દુઃ સારૂં; વચમાં કોણ બોલે છે ? તારા બોલ્યા પછી બોલ્યો છું.

વિનતાઃ એક ભૂરિયુંઃ બે.

દત્તઃ આપણું.

વિનતાઃ તું કેમ બોલ્યો?

ઇન્દુઃ મ્હોડેથી!

રશ્મિઃ પછી?

વિનતાઃ કાબરૂં.

[ઇન્દુ ખુશ થાય છે પણ બોલતો નથી]

વિનતાઃ બે સફેદ.

રશ્મિઃ (વિનતિ કરતો.) બોલું, વિનતા?

વિનતાઃ (રૂવાબથી) ના.

[રશ્મિ અને બકુલ બંને ઊંચાનીચા થાય છે.]

ઇન્દુઃ (વચમાં જ) એક બકુલનું અને એક રશ્મિનું.

વિનતાઃ તને કોણે ડા'પણ કરાવ્યું? બહુ ડાહ્યો!

ઇન્દુઃ (ચાળા પાડે છે.) બહુ . . . ડા . . . હ્યો . . . ત્યારે તું દો . . . ઢ . . . ડા . . . હી!

દત્તઃ (ઉપરાણું લેતો) એ ઇન્દુ, ચાળા કેમ પાડે છે?

(ઈન્દુ ચૂપ થાય છે.)

વિનતાઃ એક ચટાપટાવાળું; તે આપણું.

[બધાં એકબીજાની સામે જોયા કરે છે.]

રશ્મિઃ પછી?

વિનતાઃ એક ટીલિયું.

ઇન્દુઃ બધાંનું સહિયારૂં. [બધાં કૂદે છે.]

[સુધા અને ઉષા આવે છે. સુધા આનંદમાં ગાય છે.]

'કાળુડી કુતરીને આવ્યાં ગલુડિયાં
ચાર કાળીયાં ને ચાર ભૂરિયાં જી રે!'

ઇન્દુઃ (ચાળા પાડતો ગાય છે.)

'ભણ્યાં પણ ગણ્યાં નહિ જીરે!'

સુધાઃ કેમ ઇન્દુ? (રૂવાબમાં) નાનામોટાનું કંઈ માપ સમજે છે કે નહિ?

ઇન્દુઃ બેન સાહેબ, સાચું કહું છું; તપાસ કરો.

સુધાઃ શી તપાસ કરો? ચાંપલો!

ઇન્દુઃ શી તે . . . . (વાંકુ મોઢું કરીને) કુતરી 'કાળુડી' નથી પણ 'લાલુડી છે.

વિનતાઃ અને બચ્ચાં આઠ નથી પણ સાત છે.

ઇન્દુઃ અને 'ચાર કાળિયાં ને ચાર ભૂરિયાં' નથી પણ બધાં જુદાજુદા રંગનાં છે, સમજ્યાં?

સુધાઃ (ખિજાઇને) હું કંઈ તમારાં કુરકુરિયાંનું ગીત નહોતી ગાતી.

ઇન્દુઃ ત્યારે?

સુધાઃ (શિક્ષકના રૂવાબથી) કોઇ દિવસ 'કુમાર' વાંચ્યું છે?

ઇન્દુઃ ઘણીવાર, તમે એકલાં જ વાંચતાં હશો?

સુધાઃ બસ, તો તેમાં આ કવિતા આવી હતી. સમજ્યો? કંઈ જાણે નહિ ને બધામાં માથું મારવું?

ઇન્દુઃ એકબે લીટી મોઢે રહી તેમાં વટ શેનો કરો છો.

વિનતાઃ (વચમાં પડીને) ઇન્દુ, આ શી નકામી તકરાર? નાહક સુધાબ્હેનની સામે બોલે છે?

[ઇન્દુ શાન્ત થાય છે.]

ઉષાઃ સુધાબ્હેન, ચાલો કુરકુરિયાં જોવા.

વિનતાઃ સરસ નાનાંનાનાં છે, પણ (શિખામણ આપતી હોય તેમ) સાચવજો હોં, લાલી ઘુરકે નહિ!

સુધાઃ એમ શેની ઘુરકે છે?

[બંડિયેર જેવી પરસાળમાં બધાં વારાફરતી જાય છે. દત્ત અને રશ્મિ લાલી ઘુરકે તો વહેલા નસાય એવા ઇરાદાથી બારણા આગળ જ ઊભા રહીને મહીં ડોકિયાં કરવાનો પ્રયત્ન કરે છે]

વિનતાઃ (બહાર આવીને) દત્ત, રશ્મિ, ચાલોને, તમારે નથી જોવાં?

દત્તઃ રશ્મિઃ (ગરીબ ગાય જેવાં મોઢાં કરીને) જોવાં તો છે રતો, પણ લાલી . . . . . . ?

વિનતાઃ સુધાબ્હેન છે, હું છું, એટલે નહિ કરડે. મોઢેથી બુચ, બુચ, બુચ, કરજો ને (શિખામણ આપતી હોય તેમ) બચ્ચાંને ન અડકશો, નહિ તો કરડશે.

દત્તઃ રશ્મિઃ સારૂં.

[બંને જણ વિનતા સાથે અંદર જાય છે.]

સુધાઃ (બહાર આવીને, સંતોષથી) સરસ છે.

દત્તઃ (બહાર આવીને) કેવાં ધાવે છે!

રશ્મિઃ એય ચાઉં! ચાઉં! તો કરે છે.

બકુલઃ (બહાર આવીને) હેં સુધાબ્હેન એમની આંખો કેમ મીચેલી છે?

સુધાઃ હજી આંખો ઊઘડી નથી.

બકુલઃ (આશ્ચર્યથી) સવાર થઈ ગઇ ને? પાણી છાંટું?

સુધા: ના, ભાઇ ના.

રશ્મિ: ક્યારે ઊઘડશે?

સુધા: સાત દિવસ પછી,

બકુલ: કેમ? આંખો દુખતી હશે?

સુધા: (જવાબ જડતો નથી એટલે) ના, એમ જ; ઊઘડે ત્યારે જોજો.

રશ્મિ: (કંઇ યાદ આવ્યું હોય તેમ) મારી બે મહિનાની બ્હેન છે એની તો પહેલેથી ઉઘાડી છે. એમ કેમ, બ્હેન સુધા?

સુધા: (ગૂંચવાઇને) તારી બ્હેન કુરકુરિયું છે?

રશ્મિ: (અપમાન થયું હોય તેમ, ચિડાઇને) તમારો ઉશી કુરકુરિયું હશે.

વિનતા: (વચમાં જ) અને સુધાબ્હેન ઉશીની? તમારા એની ય પહેલેથી ઊઘાડી છે?

[સુધા ચિડાય છે, પણ જવાબ આપતી નથી.]

બકુલ: હશે સ્તો.

વિનતા: સુધાબ્હેન, એ કેવી પૂંછડી હલાવતાં'તાં?

રશ્મિ: (યાદ કરીને)

'ચામડી ઉપર ચટાપટાને પૂંછડી પટપટ થાય,
ખૂણા વચાળા બોળી....' [અટકે છે]

અમારા સાહેબ ખરૂં કહેતા હતા.

બકુલ: (પોતાને ખરી ખબર હોય તેમ) એ તો બિલાડી.

રશ્મિ: (વિનતાને) વિનતા, એ ય પૂંછડી નથી પટપટાવતાં?

વિનતા: પટપટાવે છે સ્તો, ને વળી મારું જ ચટાપટાવાળું છે. હું તો એને શિકારી કુતરો બનાવીશ.

સુધા: (હસીને) તું પાછી બહુ શિકારે જવાની ખરી ને?

બકુલ: શિકારે કોણ જાય?

દત્ત: રજપુત. અમે ધંતુરા ગયા'તા ને, ત્યાંના ઠાકોર સાહેબ પણ બંદુક લઇને શિકારે જતા'તા.

રશ્મિ: અને સાહેબલોક ન જાય?

સુધા: જાય; (વિનતાને) પણ તું સાહેબ છે?

વિનતા: (ચિડાઇને) હા, બોલો.

ઇન્દુ: વિલાયતી માકડું!

વિનતા: (ચિડાઇને) માકડા જેવો જ છે!

સુધા: (વચમાં પડીને) અને રશ્મિ તુ તારા ધોળિયાને શું કરીશ?

રશ્મિ: હું તો મારા ધોળિયાને કૉલ આપતાં શીખવીશ; ને પછી આમ સીટી વગાડું (સીટી વગાડે છે) કે આવીને પૂંછડી હલાવે; ને 'છૂ!' કરૂં ને કે ધારૂં તેને કરડાવું.

બકુલ: (પોતાને કોઇ જ પૂછતું નથી એમ ધારીને) હું કહું સુધાબ્હેન?

સુધા: (શિક્ષકના રૂવાબથી) હં.

બકુલ: હું તો, અમારે બીજી ચોપડીમાં છે ને તેમ, ગાડી ઉપરથી, એં, ગાર્ડ પાસેથી છાપું લાવતાં શીખવી...શ, ને એને ઘુઘરીવાળો પટો બાંધી...શને

દત્ત: અને હું તો—(બધાં હસી પડે છે) મારા ભૂરિયાનું નામ 'ટૉમી' પાડીશ ને—

[બધાં ફરીથી હસી પડે છે એટલે ચૂપ થઈ જાય છે.]

ઇન્દુ: બસ? [દત્ત ડોળા કાઢે છે.]

સુધા: તું તારી જ વાત કરને? તું શું કરીશ?

વિનતા: એનું તો કાબરૂં કુરકુરિયું છે.

ઇન્દુ: હા, હું તો એ મોટું થશે એટલે એવું ફસકલાસ કરીશ. રોજ સવારના દૂધ પાઇશ; ને તાજું થશે એટલે અહીં પેલું 'કાર્લસકર' સરઘસ આવ્યુંતું'ને? તેમાં કુતરા કેવું કામ કરતા'તા? તેવું કામ શીખવીશ. ચોર પકડતાં શીખવીશ ને વાઘને હંફાવે તેવું બનાવીશ.

સુધા: ઠીક, પણ તારી બા ઘરમાં રાખવા દેશે?

વિનતા: ધોકણું લઇને બીચારાના પગ ભાંગી નાખશે.

[બધાં હસી પડે છે]

ઇન્દુ: (ગંભીર થઇને) હવે તમે રાખશો તે જોઈશું. હું તો એક સાંકળી લાવીને જાળી સાથે બાંધી રાખીશ. ને બપોરે દફતરમાં ઘાલીને નિશાળે લઈ જઇશ.

બકુલ: મારી બા તો બચ્ચાંને દૂધ પાય છેને તે વખતે હું છાનોમાનો દૂધ પાવાનું કહીને અમારી કોલસાની ઓરડી છે ને, ત્યાં સંતાડી દઇશ.

રશ્મિ: મારી બ્હેન તો નહિ લડે. મારી નાની બ્હેન છે ને, તેને રમવા માટે તો હું ઘરમાં જ રાખીશ.

દત્ત: હું પણ એમ જ. મારા ઉશીને કુરકુરિયાં બહુ ગમે છે. કુરકુરિયાં દેખીને એ એવી કિલકારી કરશે! (હાથના ચાળા કરે છે) એને રમાડવા લઇ જઇશ એટલે કંઈ બ્હેન લડશે, સુધાબ્હેન?

સુધા: બ્હેન નહિ લડે; પણ જો ઘરમાં કંઇ બગાડયું તો હું જ પગ ઝાલીને ફેંકી દઇશ. દૂધ પાવું હોય તો પાજે, પણ એને ઘરમાં ઝાંસ્યું તો પ્રસાદી મળશે.

દત્તઃ બહેન કહેશે તો ય?

સુધાઃ બહેન ઘરમાં રાખવાની હા કહે જ નહિ ને. અમારે પરીક્ષા હોય ને વાંચીએ ત્યારે કાંતો તમારૂં કુરકુરિયું ભેરવી છોડે.

વિનતાઃ સુધાબહેન નકામાં ડરાવે છે!

સુધાઃ કેમ?

વિનતાઃ એમ તે કંઇ કુરકુરિયાં રડતાં હશે? દૂધ પાઇએ એટલે સૂઈ જાય.

સુધાઃ મારા કરતાં પાછી વધારે જાણનારી!

વિનતાઃ ત્યારે કયા રખાય?

સુધાઃ (હસતાંહસતાં) તું તારા રસોડામાં રાખજે.

વિનતાઃ (ચિડાઇને) અને તમે તમારા દેરાસરમાં રાખશો?

સુધાઃ (હસીને) અમારે તો ખંડિયેર છે ત્યાં થોડી માટી ખસેડીને એક કંતાન બાંધશું એટલે એને ઘર જેવું થઇ રહેશે.

ઇન્દુઃ કુરકુરિયાં ક્યારે લેવાય?

સુધાઃ સાત દિવસ પછી.

રશ્મિઃ ત્યાં સુધી કયાં રાખવાનાં?

સુધાઃ અહીં જ, એની મા પાસે.

બકુલઃ એમ?

દત્તઃ કોઇ મારી કહાડશે તો?

વિનતાઃ પેલો ડાઘીઓ મારી નાખે તેવો છે.

ઇન્દુઃ અહીં આવે તો એના પગ જ ભાંગી નાખું. સા... પરમ દિવસે એક ખિસકોલીને પકડી લાવ્યો તો. (બધાં થૂંકે છે.) ને પછી મારી નાખી.


[હાથના ચાળા કરે છે]

વિનતાઃ એ પાપી છે. એ તો હાડકાં ય ચાટે છે.

સુધાઃ એ તો આ કુરકુરિયાં પણ ચાટવાનાં.

વિનતાઃ હજી મોટાં તો થાય.

ઇન્દુ—રશ્મિ—બકુલઃ (બધા સાથે બોલી ઊઠે છે.)



બાઘુએ બિલાડી પાળી
　　નામ પાડ્યું પશી,
ચાંદરણાંને દૂધ ધારી
　　પીવા જાય ધસી.

એની ડોકે ઘંટડી બાંધી
　　બોલે ટન્ ટન્,
ઉંદરડાંને મઝા પડી ગઈ
　　ખેલે રાતદન.

રમણલાલ સોની

આપણે તો બાંધી રાખીશું; પછી?

વિનતાઃ આપણે તો છૂટું ફરવા દઇશું; પણ હાડકાંને અડકે જ નહિ ને?

દત્તઃ હું તો એને ખાડામાં ખાવાનું નાખીશ એટલે ખાધા કરશે. પછી કંઈ હાડકું ચાટશે?

[બધાં વિચારમાં પડે છે. દત્ત કંઇ પૂછવાનો વિચાર કરે છે, ત્યાં તો પાછળથી કોઇ 'ઉષા, નિશાળે જવાનો વખત થયો!' એમ બૂમ પાડે છે; એટલે ઉષા, બકુલ અને રશ્મિ નંબર જવાની બીકે ઘર તરફ દોડી જાય છે.]

ઇન્દુઃ આપણે નિશાળે જઇશું, વિનતા, ત્યારે આ બચ્ચાં કોણ સાચવશે?

દત્તઃ હા, ખરી વાત.

વિનતાઃ (થોડીવાર વિચાર કરીને) હજી બીજા ચોકઠાવાળા કોઇને ખબર નથી, નહિ તો એ લોક આપણાં કુરકુરિયાં ઉપાડી જાય.

દત્તઃ પણ ખબર પડી જશે તો?

ઇન્દુઃ તો એ લોકની દિવસે કંઈ જિગર નથી.

સુધાઃ (ડરાવતી હોય તેમ) તમારા એકલામાં જ જીગર હશે? તમને ખબરે ય નહિ પડે ને ઉઠાવી જશે.

[ત્રણે ઢીલાં થઈ જાય છે.]

ઇન્દુઃ (નિરાશ થઇ) આજે આપણને રજા કેમ ન પડી?

વિનતાઃ પડી હોત તો કેવું સારૂં?

દત્તઃ (તદ્દન નરમ થઇને) હું ય એ જ વિચાર કરૂં છું. રજા પડી હોત તો કેવાં સચવાત?

વિનતાઃ સુધાબ્હેન, આજે તમારે તો રજા છે ને?

ઇન્દુઃ હેં, સુધાબ્હેન?

સુધાઃ (રૂવાબથી) હા, કેમ?

દત્તઃ શેની રજા સુધાબ્હેન?

સુધાઃ મ્યુનિસિપાલિટીના પ્રમુખ પકડાયા તેની.

ઇન્દુઃ (દત્તને) દત્ત, આપણા હેડમાસ્તર કેમ ન પકડાયા?

[સુધા હસે છે.]

વિનતા: (વીનવતી હોય તેમ) તો . . . સુધાબ્હેન . . . . અમારાં બચ્ચાં આજનો દિવસ ન સાચવો ?

ઇન્દુ: (વીનવતો) હા સુધાબ્હેન, એટલું ન કરો ?

સુધા: (રુવાબથી) સામું બોલતાં સારૂં લાગે છે, નહિ?

વિનતા: (સાચું કરાવતી હોય તેમ) હું કંઇ બોલી છું?

ઇન્દુ: હું ય ક્યાં બોલ્યો છું ?

સુધા: હા, તું જ (ચાળા પાડે છે.) 'ત...પા... સ... ક...ર...જા...' એમ મેં કહ્યું હશે, નહિ ?

ઇન્દુ: (વિચાર કરીને) તપાસ કરવાની કહી તે કંઇ સામું બોલ્યું કહેવાય, દત્તભાઇ ?

વિનતા: (શું બોલવું તે નહિ સૂઝવાથી) ના, પણ એવું શું કરવા કહ્યું? મોટાંની સામે બોલાય?

દત્ત: ભૂલ થઇ ગઈ એમ કહી દે.

[સુધા મનમાં મલકાય છે અને રુવાબથી સામે જુએ છે.]

ઇન્દુ: (પીગળતો) એમાં ભૂલ શેની થઇ, વિનતા ?

સુધા: (મક્કમતાથી) હજી ભૂલ નથી થઇ ? (લાગ જોઇને) ત્યારે કુરકુરિયાં સાચવજે—

વિનતા: ઇન્દુ, ભૂલ થઇ ગઇ એમ કહી દે ને, નહિતો આવાં સરસ કુરકુરિયાં કોઇ લઇ જશે.

દત્ત: હા, કહી દે ને, ઇન્દુ.

ઇન્દુ: (બીજો રસ્તો નહિ જડવાથી) વાંકુ મોઢું કરી) ભૂ...લ...થઇ ગઇ. [આમ કહી દોડી જાય છે.]

સુધા: હવે ઠેકાણે આવ્યો.

વિનતા: (આજીજી કરતી) સુધાબ્હેન, હવે સાચવશો?

દત્ત: હા, કહોને, સુધાબ્હેન.

(દત્તના નામની બૂમ સંભળાઇ એટલે તે દોડી જાય છે.)

સુધા: (કોઈ મહાન કાર્યનો ભાર માથે આવી પડ્યો હોય તેમ) હા; ભાઇ હા. થયું ? (મનમાં) મારે ક્યાં સાચવવાં છે ? એની મા લાલી સાચવશે. (હસે છે. એવામાં કોઇ કુતરાનો ઘુરકાટ સંભળાય છે તે તરફ આંગળી કરી) જો વિનતા, પેલો ડાઘીઓ આવ્યો લાગે છે; મારી કાઢ. [ઘુરકાટ નજીક સંભળાય છે.]

વિનતા: હં, ઊભો રહેજે તું.


[પથ્થર લઇને તે તરફ દોડે છે.]

સુધા: હા . . . શ, હવે નિરાંતે વંચાશે.

[ગાતીગાતી દોડી જાય છે]

'કાળુડી કુતરીને આવ્યાં ગલુડિયાં—
ચાર કાળિયાં ને ચાર ભૂરિયાં જી રે'

ગોવિન્દપ્રસાદ માલવીય



પ્રાચીન સાંસ્કૃતિક ભવ્યતાનાં સ્મરણો જગાડતાં રાજગૃહ, ગયા, નાલંદા વગેરે સ્થળોનું

પંદર દિવસનું પર્યટન

બનારસથી બીજે દહાડે સવારે દસ વાગે ઊપડી ત્રણેક વાગ્યે અમે ગયા આવી પહોંચ્યા. સ્ટેશનથી એ'ક માઇલ પગે ચાલી ગામની ઉત્તરે આવેલી મોટી ધર્મશાળામાં ઊતર્યાં. હાથમોં ધોઇ જરા આરામ લઇ તરત જ બુદ્ધગયાનાં દર્શન કરવા ઊપડ્યા. ગયાથી ઉત્તરે છ માઇલ પર આ સ્થાન આવેલું છે. જ્યાં બુદ્ધ ભગવાને વર્ષોની અનેકવિધ તપશ્ચર્યા પછી 'બોધિ' પ્રાપ્ત કર્યું તે સ્મરણીય સ્થળ જોવાની ઉત્કંઠા ખૂબ હતી તે શમી. ત્યાં સારનાથ જેવું સુંદર વ્યવસ્થિત સંગ્રહાલય નથી. અવશેષોના જેમતેમ ઢગલો ત્યાં કરી મૂક્યો છે. એમાં કંઇ બહુ રસ ન પડતાં નીચે ઊતર્યાં અને પ્રખ્યાત મંદિર પાસે આવી પહોંચ્યા. અંદર પ્રવેશ કરતાં જ સામે બુદ્ધની વિશાળ મૂર્તિ બ્રાહ્મણ પૂજારીને હાથે પૂજા પામતી જોઇ! અસંખ્ય નાના દીવડાઓ ત્યાં પ્રકાશતા રહે છે. બાજુની સીડી પરથી ઉપર જવાય છે. ઉપર ચડતાં બેત્રણ એવી મૂર્તિઓ જોઇ કે જેમને ઓળખી ન શક્યા. પૂજારીઓએ એમના પર પીળાં કપડાં પહેરાવી દીધાં છે અને ખુલ્લા મોં પર રંગતેલ લગાડી, આંખોને આંજી, આખી મૂર્તિના સ્વરૂપને કદરૂપું તથા ઘૃણા ઉપજાવે એવું કરી મૂક્યું છે. એમને કોણ સમજાવી શકે? વિધર્મીઓને હાથે આપણી કલાના અવશેષોને થએલું નુકસાન એટલું બધું છે કે ઘડીભર તો એમની એ ધર્મઘેલછા અને ગુંડાપણા પર તિરસ્કાર અને ક્રોધની લાગણી અનુભવ્યા વિના નથી રહેવાતું. સારનાથ વાળી 'ધર્મચક્રપ્રવર્તન'ની સુંદર મૂર્તિ પણ આથી બચી જવા પામી નથી. એવી જગ્યાએ નુકસાન કરવામાં આવતું કે આખી મૂર્તિનું સ્વરૂપ જ ફરી જાય. બાકી બધું ય સુંદર હોય, પણ માત્ર નાક કે આંખ ખંડિત થએલાં હોય. આવા અનેક દાખલાઓ આપણને ઠેરઠેર પ્રાચીન અવશેષોમાં દેખાય છે.

બુદ્ધગયાના ભવ્ય મંદિરની કારીગરી અતિ ઉત્તમ છે. એક તો એની બાંધણી જ સૌથી જુદી તરી આવે એવી છે. ચારે પાસ પદ્માસનસ્થ બોધિસત્ત્વોની નાની નાની પ્રતિમૂર્તિઓ આખા મંદિરની દીવાલોના ખાડાઓમાં મૂક સંદેશા પાઠવતી દેખાય છે. મંદિરની આસપાસ એવા અવશેષોથી આખો ચોગાન ભરેલો પડ્યો છે. મંદિરની પૂર્વ તરફ જ્યાં બોધિવૃક્ષ નીચે બુદ્ધે 'બોધિ' મેળવ્યું ત્યાં આજે તો એક ઓટલા પર પીપળાનું ઝાડ સ્મરણ જગાવતું ઊભું છે. ચારે તરફ ખૂબ ફરીને થાક્યા પછી પશ્ચિમ તરફ આવેલી ફલ્ગુ નદીની રેતીમાં થોડીવાર આરામ લીધો અને સાંજે ત્યાંથી પાછા ફર્યા. ગયા શહેરને ઉત્તરને છેડે પૂર્વ તરફ જૈન મંદિર છે, એ જોવા ઊંચે ડુંગરાઓ પર ચડવા પગથિયાં બાંધેલાં છે. ઉપર કોઇક સાધુબાવા બેઠા હતા. તેમને દક્ષિણા આપવા માટેની અમારી અનિચ્છાથી એ કોપાયમાન થયા અને થોડીવાર બોલાચાલી પણ થઇ. પાછા વળતી વખતે પગથિયાં ઉપયોગમાં ન લેતાં બીજી બાજુથી જ ઊતરવાનું સાહસ ખેડ્યું. જાળાંઝાંખરાં અને પથ્થર કંકરને ન ગણકારતાં ત્યાંથી ઊતરવામાં અનેરો આનંદ મળ્યો. નીચે ઊતર્યાં ત્યારે અંધારું થવા આવ્યું હતું. ગયા શહેર જોવાની બહુ ઇચ્છા નહિ છતાં ય ત્યાંના બેક મંદિરો જોયાં. ત્યાં પણ એ જ કાવતરું. ક્યાંકથી ઉપાડી આણેલી ગમે તેની મૂર્તિઓ એ મંદિરોની ભીંતોમાં બ્રાહ્મણોએ જડી દાબેલી છે. પાછળ નદીમાં મૃતજનોની સરામણી કેવી રીતે થાય છે એ જોવાની કંઇ બહુ ઉત્કંઠા ન રહેતાં પાછા ધર્મશાળામાં વળી આવી સીધા સ્ટેશને પહોંચી ગયા.

બારાબાર પર્વતો-નાગાર્જુની ગુફાઓ

રાતની ગાડીમાં પટણા-ગયા લાઇન પર 'બેલા' નામે સ્ટેશન છે ત્યાં ઊતરી બાકીની રાત ત્યાં જ પસાર કરી. સવારે ત્યાંથી દક્ષિણ-પશ્ચિમમાં આઠ-દસ માઇલ દૂર આવેલા બારાબારના પર્વતો અને નાગાર્જુની ગુફાઓ

જોવા ઉપડ્યા. પર્વતો સ્ટેશન પરથી જ દેખાય છે, છતાં આટલા દૂર હશે એમ લાગે નહિ. સવારના પ્રફુલ્લ વાતાવરણમાં આનંદ કરતા ચાલ્યા. વચ્ચે એક ગામડામાંથી ગાય-ભેંસનું તાજું દૂધ પીધું અને ખાડા-ટેકરાઓ ઓળંગતા આગળ ચાલ્યા. ઘણે દૂર સુધી ચાલ્યા છતાં એ પર્વતો હજી એટલા જ દૂર રહ્યા લાગતા હતા. રસ્તે કોઇ મળતું તેને પર્વતો અને ગુફાઓ તરફનો માર્ગ પૂછી ચાલતા. અંતે પર્વતોની તળેટી સુધી આવી પહોંચ્યા એમ માન્યું, પણ એ પર્વતો તો હજી શરૂઆતના હતા. હજી દૂર ચાલ્યા. રસ્તે મેદાનોમાં ઊગેલી બોરડીમાંથી બોર તોડી ખાતા, ખિસાં ભરતા ને દોડતા. છેવટે પર્વતો સમીપ તો આવી પહોંચ્યા. પણ ઉપર જવાનો માર્ગ કોઇ જાણે નહિ. એટલામાં ત્યાં જતાં કેટલાંક માણસો મળી ગયાં તેમને માર્ગ પૂછી ઉપર ચડ્યા. વચમાં અમારામાંના એક જણ જરા છુટા પડી જવાથી બીજા કોઇ પહાડ પર ચડી ગએલા. ત્યાંથી જ્યારે એમની બૂમો સાંભળી ત્યારે જ ખબર પડી. બૂમ કઇ દિશામાંથી આવે છે એ તો ખબર પડી, પણ જંગલમાં એ ભાઇ ક્યાંય દેખાઇ ન શક્યા. માંડમાંડ નજરે પડ્યા અને તે અમારી સાથે થઇ ગયા. આ પર્વતોની હારમાંના એક 'હાથીબોર'ને નામે ઓળખાતા પહાડ પર ચડી આવ્યા. ત્યાં એક શિવ-મંદિર છે. અહીં પણ બ્રાહ્મણો યાત્રાનું ધામ બનાવી બેસી ગયા છે અને અહીંની ભીંતોમાં પણ અનેક ચિત્રવિચિત્ર મૂર્તિઓ જડી દીધેલી જોઇ. આથી મંદિરમાં બહુ રસ ન પડતાં અમે દક્ષિણ તરફની પાળ પર વિસામો લેવા બેઠા અને આજુબાજુનું દૃશ્ય જોવા લાગ્યા. દૂર સરસ્વતી નદીનો સર્પાકાર વળાંક દેખાતો. ચારેબાજુ પર્વતો અને જંગલ આવી રહ્યાં હતાં. થોડી વારે વિસામો લઇ બીજા પહાડો પર રખડી ગુફાઓ જોવા ગયા. આ પહાડો પર કાળા પથ્થરના જંગી ગોળાઓ એક ઉપર એક એમ પડેલા છે. જાણે હમણાં જ એમાંથી એકાદ ગબડી પડશે એમ લાગ્યા વિના ન રહે. માંડ માંડ નીચે જંગલમાંથી પસાર થઇ જાળાં ઝાંખરાંમાં લપાઇ રહેલી એક ગુફા પાસે આવી પહોંચ્યા. ગુફા નાની છે. એના દ્વાર પર મથાળે એક લેખ બ્રાહ્મી લિપિમાં કોતરેલો છે. આ અને બીજી લોમશઋષિની ગુફા બંનેની બાંધણી એક જ જાતની છે. અંદર દાખલ થતાં આશ્ચર્યમુગ્ધ થઇ જવાય. અંદરની દીવાલો આટલી આરસ જેવી ઊજળી ! દીવાલો ગ્રેનાઇટ પથ્થરની લાગે છે અને તે પર હવે તો ખૂબ જાણીતો થઇ ગએલો 'મૌર્યન્ પોલિશ'નો ચળકાટ છે. એ ચળકાટમાં આપણું મોં જોઇ શકાય છે ! આ ગુફાઓ અશોકના પૌત્ર દશરથ રાજાએ આજીવિક સંપ્રદાયના સાધુઓને દાનમાં કરાવી આપેલી. આ ગુફાઓ ઉપરાંત બીજી એક વિશાળ ગુફા પર્વત ઉપર છે. અહીં નવાઇની વાત તો એ જોઇ કે ગુફાના એક ખૂણામાં કોઇ પીરની કબર છે ! ગુફામાં ઘણીવાર સુધી બેસી ગાનતાન કર્યાં અને પછી આનંદ કરતા નીચે ઊતર્યા. નીચે 'પાતાલગંગા' નામે ઓળખાતા પર્વતોના ખડકો નીચેથી વહેતા પાણીના ધોધમાં નહાયા. આ સ્થળે દર વર્ષે મોટો મેળો ભરાય છે. એની સાક્ષી ત્યાં રસ્તા પર બળેલી જમીન અને ભાંગેલા તૂટેલા માટીના કકડાઓ પૂરતા હતા. સાંજે ચાર વાગ્યે થાક્યાપાક્યા સૌ પાછા ફર્યા. એ વેળા હજી આઠદસ માઇલ ચાલવાનું છે એ વિચાર ઘડીભર તો ધ્રુજાવી દે એવો લાગ્યો. પણ અમે ક્યા ઉદ્દેશથી આ પર્યટને નીકળ્યા હતા એ વિચારતાં હિંમત-થી આગળ ચાલ્યા. હવે રસ્તામાં ભૂલા પડવા જેવું કંઇ નહોતું. વાતો કરતા, મશ્કરી ઉડાવતા અંતે સાંજે સ્ટેશન પર આવી પહોંચ્યા. પાસેની હલવાઇની દુકાનેથી પુરી શાક લઇ વેઇટિંગ રૂમમાં નિરાતે પેટ ભર્યું ને પછી ગાડીની રાહ જોતા બહાર બેઠા. અંતે ટ્રેન આવી અને ચડી બેઠા. રાત્રે દસેક વાગ્યે પટણા ઊતર્યા. રાત વેઇટિંગ રૂમમાં જ ગાળી, બીજે દિવસે સવારે બખ્ત્યાર-પુર થઇને ફરી બિહારશરીફ આવી પહોંચ્યા અને અમારા બિહારી મિત્રને ઘેર ધામા નાખ્યા. આખો દિવસ વિસામો લીધો.

નાલંદા

બીજે દિવસે સવારે, પહેલાંની જેમ વળી ગાડી ન ચુકાય એ માટે ખૂબ ઉતાવળ કરીને વખત પહેલાં અરધોએક કલાક વહેલા સ્ટેશને પહોંચી ગયા. બપોરે અગિયારેક વાગ્યે નાલંદા સ્ટેશને ઊતર્યા, અને સ્વાભા-વિક રીતે જ નજર આજુબાજુ ફર્યા કરી. જેની ખ્યાતિ ખૂબ સાંભળેલી અને વાંચેલી એ નાલંદા વિદ્યાપીઠના અવશેષો કેવા અને કેવી સ્થિતિમાં હશે એ જોવાનું કુતૂહલ અજબ હતું. હવેના નાલંદા-રાજગૃહ સુધીના પર્યટનના અમારા આગેવાન પેલા બિહારી મિત્ર હતા.

એમની સાથે ચાલ્યા. નાલંદા સ્ટેશનની પશ્ચિમે અરધો-એક માઇલ દૂર આવેલા બારગાંવ (વિહારગ્રામ) નામના ધૂળથી રગદોળાએલા ગામડામાંથી પસાર થઇ, ત્યાંના વિચિત્ર સાદા હવાડામાંથી ખોબા વતી પાણી પીને નાલંદા વિદ્યાપીઠના અવશેષો નજીક આવી પહોંચ્યા. પહેલાં જમણી બાજુનું મ્યુઝિયમ જોઇ લેવાનું યોગ્ય લાગતાં તે તરફ વળ્યા. અને પુરાતત્ત્વ વિભાગના ઉપરીના બગીચાથી ઘેરાએલા સુંદર બંગલા પાસે થઇને મ્યુઝિયમમાં આવ્યા. મ્યુઝિયમ છે તો નાનકડું પણ અસંખ્ય નાની મોટી વસ્તુઓ ભરેલી છે. આવાં ખોદકામખાતાના વડા (ઘણે ભાગે યુરોપીય) અમલદારોને આ માટે કેટલી સગવડ અને સહાય સરકાર તરફથી મળતી રહે છે અને તેને પરિણામે કેટલું મહત્ત્વનું કામ થાય છે એ આ નાલંદા, તક્ષશિલા, મોહં-જો-ડેરો આદિ અસંખ્ય સ્થાનો પર થએલાં કામ ઉપરથી સહેજે સમજી શકાય છે. આર્કિયૉલૉજિકલ સર્વેરિપોર્ટના થોથાંઓ સાધારણ માણસને દુર્ગમ હોય પણ એ થોથાંઓ પરથી આ અતિ મહત્ત્વના કાર્યની કંઇક ઝાંખી થઇ શકે છે. આજે અનેક પ્રાચીન સ્થાનો આવિષ્કાર પામ્યાં છે. તથા અનેક જમીનદોસ્ત થએલાં મંદિરો, મૂર્તિઓ વગેરેના અવશેષો બહાર આવ્યા છે. આ બધાં આપણા પ્રાચીન ઇતિહાસનાં પૃષ્ઠો છે એ ભૂલી ન શકાય. આપણા ગુજરાતમાં પણ ભટ્ટાર્કોની પ્રસિદ્ધ રાજધાનીનું શહેર વલ્લભીપુર આજે ગે વળાની જમીન નીચે દટાઇ રહેલું પડ્યું છે. એના ઇતિહાસનાથર ઉકેલવા કેટલા પ્રયત્નો થયા? એવી જ દશા ગુજરાતનાં બીજાં પ્રાચીન સ્થાનોની પણ છે.



જલધિને

- પૃથ્વી -

જીતે પળ મહીં વળી પળ મહીં તું હારી જતો,
કદાચ હસતો, ભયંકર કદીક તું ગર્જતો;
કરંત ઘડી ગેલ, ને ક્ષણ મહીં તું પાષાણમાં
અફાળી તવ શીર્ષ ગૂઢ રસ છંદ આક્રન્દના.

કરાલ વદને ઊભે કદીક પૃથ્વીને દાઢમાં
શમાવી, ઉદરે જ્વલંત જયમ અગ્નિને ઠારવા
પરંતુ પૃથિવી કટિ પર બની જઇ મેખલા
સમો કદીક તું કરે મધુર નાદ ઝંકાર શા!

કરે શિશુ સમાન હાસ્ય કદી બાલભાવે, વળી
કદીક ગ્રહી વૃદ્ધ રૂપ અવસન્ન જાતો થઇ
કદાચ, જન સર્વના જીવનરંગ આલેખવા
હશે મળ્યું તને સ્વરૂપ જલધિ તણું વિશ્વમાં!

'જટિલ'

નાલંદાનું મ્યુઝિયમ જોઇને સીધા પશ્ચિમ તરફ થોડે જ દૂર દેખાતા એ પ્રસિદ્ધ વિદ્યાપીઠના દ્વાર પર દૃષ્ટિ રાખી ચાલ્યા. ચાલ્યા ને સાથે હુએનસંગની મૂર્તિ પાછી ચક્ષુઓ સમક્ષ આવી ઊભી. દ્વારમાં પેસતાં જ ઇંટોની દીવાલોની હાર બંને બાજુ દેખાય છે. એ રસ્તામાંથી પસાર થઇ ગયા, કારણકે આજે અમારી પરીક્ષા લેવા દ્વાર પર કોઈ દ્વારપંડિત નહોતો. અંદર આવી પહોંચતાં સામે દક્ષિણ–પશ્ચિમ દિશામાંનો ઉત્તુંગ સ્તૂપ આંખને આકર્ષી લે છે. નાના સ્તૂપોથી વીંટળાએલો આ સ્તૂપ અત્યાર સુધી ખોદાએલા અવશેષોમાં સૌથી ઊંચો છે. પણ એવો એ એક જ સ્તૂપ નથી. એની નીચે એક પછી એક એમ લગભગ સાત સ્તૂપ નજરે પડ્યા હતા, પણ તેમાંના નીચેના ત્રણ સ્તૂપની સ્થિતિ બહુ ખરાબ જણાતાં એમને પાછા પૂરી દેવામાં આવ્યા અને અત્યારે ઉપરના ચાર સ્તૂપ જ સુરક્ષિત દશામાં છે. સૌથી ઉપરનો અને છેલ્લો ચણાએલો ભાગ રસપ્રદ છે. એની ઉપર જવાનાં પગથિયાં છે. ઉપર ચડતાં અનેરા ભાવ ઊછળ્યા વિના કેમ રહે? જે પ્રદેશ પર દોઢ દોઢ હજાર વર્ષ પહેલાં એક વિદેશી મુસાફર રહ્યો હતો એ પ્રદેશ પર આજે અમે ફરતા હતા! સ્તૂપને ખૂણે ખૂણે બોધિસત્ત્વની પ્રસન્ન મુખમુદ્રા નજરે પડે છે. સ્તૂપની પૂર્વમાં હમણાં લાકડાની છત નીચે સુરક્ષિત થએલી

અવલોકિતેશ્વરની ભવ્ય મૂર્તિ છે.

એ મુખ્ય સ્તૂપની નીચે ઊતરી પૂર્વ તરફ આવેલી વિહારોની હાર તરફ ચાલ્યા. મોટી મોટી ઈંટોના ચણતર વાળી નાની નાની ઓરડીઓમાં પગ મૂકીએ છીએ ને ભ્રમ થાય છે કે ત્યાં વસતા વિદ્યાર્થી ભિક્ષુઓ ક્યાં નાસી ગયા ? આ વિહારોનું ચણતર પણ એક ઉપર એક એમ થએલું જણાય છે ને તેમના બે માળ તો હજી યે જોઇ શકાય છે. ઉપર ફરતાં ફરતાં, ચૂલા, વચમાં ચૈત્ય અને એક બાજુ ગુરુ માટે બેસવાનાં આસન વગેરે જોઇ આશ્ચર્ય થાય. આંગણામાંનો કૂવો તો કેટલીય વાર સુધી જોયા કર્યો ! આવી જ વ્યવસ્થા અત્યાર લગી ખોદી કઢાએલા બીજા અગિયાર વિહારોની જણાય છે. આઠમા વિહારની પૂર્વમાં પછવાડે એક વિશાળ મંદિરનો ઓટલો માત્ર જ આજે દેખાય છે. એ ઓટલાની નીચે ચારે બાજુની દીવાલોમાં નાની નાની લગભગ બસોથી વધુ શિલ્પમૂર્તિઓ કોતરેલી છે. એ બધું બારીકાથી જોતાં આખો દિવસ ચાલ્યો જાય એમ છે. એક બાજુ વીણા આદિ વાદ્યો વગાડવામાં મગ્ન થએલી કિન્નરીઓ, શિવ ને પાર્વતીનાં આનંદનૃત્યો તથા મયૂર-પીઠે વિરાજેલા કાર્તિકેય દેખાય છે, તો બીજી બાજુ કચ્છપ જાતક આખું યે તાદૃશ રીતે પથ્થરમાં કોતરાએલું નજરે પડે છે; વળી ત્રીજી બાજુએ લેખનનાં સાધનો લઇ બેઠેલા બુદ્ધ (?) નજરે પડે છે: ગારુડીનાં અસ્ત્ર-શસ્ત્રો અને ગજલક્ષ્મી, અગ્નિ કુબેર વગેરે અસંખ્ય દેવીદેવતાઓની પ્રતિમૂર્તિઓનો તો અહીં ભંડાર ભર્યો છે. કોઇ અભ્યાસીની ઝીણી આંખ તો આમાંથી ધર્મ અને કલાનો ઇતિહાસ લખી નાખે. મંદિરથી થોડે દૂર એક વાડામાં વિશાળકાય કાળા પથ્થરની બુદ્ધની મૂર્તિ નજરે પડે છે. ગામડિયા લોકો એને 'બટુકભૈરવ' કહે છે. અહીંનું ખોદકામ હજી ચાલુ જ છે. ફોટોગ્રાફો લેવાની અહીં મનાઇ હોવાથી અમે એ ઉત્કંઠા સંતોષી શક્યા નહિ.

આ અવશેષો પર ભમી પાછાં ફરતાં અનેક સ્મરણો જાગી ઊઠ્યાં. ગૌડ દેશના બુદ્ધપ્રેમી પાલ નૃપતિઓની ઉદાર સખાવતથી આ વિહારોનું પાલનપોષણ થતું. રાતદિવસ બુદ્ધવચન અને ધ્યાનમાં લીન થએલા બટુક તેમજ મોટી વયના ભિક્ષુઓ કલ્પનામાં આવી ઊભાં. વિદ્યાપીઠના મુખ્યાધિષ્ઠાતા શીલભદ્ર આચાર્ય જાણે વિદેશી યાત્રી હ્યુએનસંગને વહાલભર્યો સત્કાર આપી એને ત્યાં રહેવાની સગવડ કરી આપે છે. તિબેટના લામા ધર્મના આદ્ય સ્થાપક આચાર્ય પદ્મસંભવ અને બીજા પ્રખર આચાર્યોની મૂર્તિઓ પણ નજર સમક્ષ આવી ઊભી. સ્ટેશન તરફ પાછા ફરીએ છીએ અને પછવાડે ઇખ્ત્યારૂદ્દીન ખિલજીના ભૂખ્યાં ટોળાંઓનો ત્રાસ કંપારી વછુટાવે છે. પવિત્ર મૂર્તિઓનો નાશ, વિહારો અને સ્તૂપોનું જમીનદોસ્ત થવું ને ગરીબ ભોળા ભિક્ષુઓની દોડાદોડ—એ બધાં સંસ્મરણો ક્ષણવાર ગ્લાનિનું વાતાવરણ પ્રસરાવી દે છે. લગભગ પાંચસો છસો વર્ષ સુધી ભારતવર્ષના મુકુટમણિ સમા રહેલા આ વિશ્વવિખ્યાત સંસ્કૃતિધામનો તેરમી સદીમાં તદ્દન નાશ થતો કલ્પના સમક્ષ ખડો થાય છે.

રાજગૃહ

નાલંદા સ્ટેશને પાછા આવ્યા ત્યારે ગાડીને હજી વાર હતી, એટલે ત્યાં જ આજુબાજુ ફરતા રહ્યા. દૂર દૂર દક્ષિણ અને પૂર્વ દિશામાં દેખાતી પર્વતોની હારો, નીચે મેદાનોમાં ઊગી નીકળેલાં ઝાડઝાંખરાં અને ઉજ્જડ પ્રદેશ, બધું ભૂતકાળનું સ્મરણ કરાવતાં હતાં. એ જોતાં પ્રશ્ન ઊઠતો: 'ક્યાં ગઇ એ બધી સમૃદ્ધિ અને જાહોજલાલી ? આ પ્રદેશમાં જ શું હજારો વિદ્યાર્થીઓ સુખેથી પોતાનું જીવન ગુજારતા ? ગગનચુંબી શિખરોવાળું નાલંદા આ ?' પણ એ બધા પ્રશ્નો 'કાલ'ની એ પ્રચંડ વિનાશક-શક્તિના ભાનમાં વિલીન થઇ ગયા. ત્યાં તો ગામડિયાઓનો પ્રિય રથ છૂ છૂ કરતો ધીરી ગતિએ આવી પહોંચ્યો. એમાં ચડ્યા ને સાંજે પાંચેક વાગ્યે રાજગીર સ્ટેશને ઊતર્યા. સાંજ પડતી હોવાથી બધું જોવાનું બીજા દિવસ પર મુલતવી રાખી ત્યાંની જૈનોની ધર્મશાળામાં ઉતારો નાખ્યો.

રાજગૃહ જૈનોનું પણ પવિત્ર યાત્રાધામ છે એની તો હવે જ ખબર પડી. હજી બહુ અંધારું નહોતું થયું, એટલે ત્યાંથી પાસે જ આવેલા ઊના પાણીના કુંડો જોઇ આવવાની અમારા બિહારી મિત્રની સૂચનાને માન આપી અમે તે તરફ ચાલ્યા. ધૂળ અને કાંકરાથી પથરાએલી જમીન પરથી ચાલતા હતા. સામે દૂર પર્વતો આવી રહેલા હતા. વચ્ચે રસ્તાની બંને બાજુએ મોટા મોટા પથ્થરો કિલ્લાની દીવાલના રૂપમાં ગોઠવાએલા જોઇ શકાય છે. અહીં જ 'પુરાણા રાજગૃહ'નું ઉત્તર તરફનું દ્વાર હતું એમ મનાય છે. ત્યાંથી થોડે દૂર

જતાં એક પહાડ પર કુંડો આવી રહેલા છે. એમાં નહાયા ને આનંદ કર્યો. અહીંથી નીકળતાં ઝરણાંને બૌદ્ધ સાહિત્યમાં 'તપોદા' નામ અપાયું લાગે છે. કુંડોની પશ્ચિમ તરફ સાત નાળામાંથી ઝરતા પાણીમાં બીજા ભાવિક યાત્રાળુઓની સાથે અમે પણ નહાયા. પાછા ફર્યા ત્યારે અંધારું થઇ ગયું હતું.

બીજે દિવસે સવારે વહેલાં જ પ્રાતઃકર્મથી પરવારી પ્રાચીન રાજગૃહના અવશેષો જોવા ચાલ્યા. રાજગૃહનો ઇતિહાસ તો બીજાં સ્થળોની જેમ અંધકારમાં લુપ્ત થઇ ગયો છે. પુરાણકાલીન જરાસંઘનું ગિરિવ્રજ એ જ બિંબિસાર અને અજાતશત્રુનું રાજગૃહ. પણ રાજગૃહની વધુ પ્રસિદ્ધિ તો ગૌતમ બુદ્ધે ત્યાં ઘણી વાર વાસ કરેલો હોવાથી થઇ છે. બુદ્ધના ત્યાંના વસવાટ દરમ્યાન બનેલા અનેક પ્રસંગોનાં વર્ણનો બૌદ્ધ ગ્રંથોમાં અને ફાહિયાન–હ્યુએનસંગનાં યાત્રાવિવરણોમાં મળે છે. પણ એ બધાં વર્ણનો આજે તો માત્ર મનને રંજન કરવા પૂરતાં જ રહ્યાં છે. બુદ્ધે રાજગૃહમાં પ્રથમ પ્રવેશ કર્યો ત્યારે એને અને એના સંઘને રહેવા માટે બુદ્ધ–ભક્ત રાજા બિંબિસારે પોતાનું વેણુવન દાનમાં આપ્યું હતું. એનો આજે પત્તો નથી. દીવાલોથી ઘેરાએલો અને વેણુનાં વૃક્ષોથી છવાએલો એ વિહાર આજે કેવળ સ્મરણમાં રહે છે. પછી પ્રથમ મહાસંગીતિના પ્રમુખ મહાકશ્યપની ધ્યાન ધરવાની જગ્યા 'પિપ્પલગુહા'નો અવશેષ શોધખોળ કરતા વિદ્વાનોએ એક સ્થળે નક્કી કર્યો છે તે જોયો. ઉત્તર તરફથી અમે દક્ષિણ તરફ ચાલ્યા જતા હતા. વચ્ચે વૈહાર પર્વત ઉપરના ઢોળાવ પર ચોરસ પથ્થરોની બાંધેલી એ 'સપ્તપર્ણી ગુહા' પાસે આવી પહોંચ્યા. અહીં જ પાસેના 'મહામંડપ'માં બૌદ્ધોની પ્રથમ મહાસંગીતિ બુદ્ધના નિર્વાણ પછી થોડાક જ સમયમાં મળી હતી. એને પ્રમુખસ્થાને બુદ્ધના પ્રિય સાથી મહાકશ્યપ હતા અને ત્યાં ઉપાલિ અને આનંદે બુદ્ધવચનો ઉચ્ચાર્યાં હતાં.

સપ્તપર્ણીની ગુહા આગળથી દક્ષિણ–પૂર્વ તરફ કેડી બની રહી છે એ રસ્તા પર ચાલવા લાગ્યા. હ્યુએનસંગ જ્યાં કનકવૃક્ષોનાં ચળકતાં પર્ણો જોઇ અને તેના સુગંધી પુષ્પોની ફોરમ અનુભવી મુગ્ધ થઇ ગયો હતો એ સ્થળેથી અમે પસાર થતા હતા, પણ આજે તો એ કનકવૃક્ષો ય નહોતાં કે નહોતાં સુગંધી પુષ્પો અમે તો માત્ર નાનાનાના છોડવાઓનું જંગલ બની રહેલું જોયું.

ખોજ

• સ્રગ્ધરા •

(૧)

સૃષ્ટિક્યારે અણુમાં અમીરસ વરસી, સંહરી ઝેર એનાં,
ચૂસી ચૂસી સમૂળું અખિલ ભૂમિતણું જાડ્ય, સ્ફુલ્લિંગ આપી,
ધાન્યો ક્ષેત્રો ઝરા ને ફળફૂલ સહુમાં ચેતનાઓ વહાવી,
આત્માએ ઊજળો તું નભભર વિલસી શોધતો કોક તત્ત્વ
જૂએ છે શું ધરામાં નયન કરી ઝીણાં દીર્ઘ વીત્યા યુગોથી?
તો યે તારી હજુ યે પૂરી થઇ નથી એ શોધઃ શું એ અનન્ત?
તારી એ શોધમાંહી જીવન વીતી જતું, તો પછી તારૂં સ્થાન
બીજો આવી લઇ લેઃ રજનિદિન ઘણાં એમ વીતે અભંગ!
ક્યારે પૂરી થશે એ? પ્રિય મુજ કહી દે તારલા આભઊગ્યા!
કે એનો અન્ત લ્હાવા સરરર સરતો ભૂમિપેં તું ઉમંગે,
તેજનો ધોધ ઢોળી?

[૨]

હું યે છું જો અહીંઆં અટુલ રખડતો માનવી કોક પંથી,
ના જાણું શું મહારૂં જગત ઘર થકી લુપ્તઃ તો યે હું શોધું,
ને તેથી આ મહારો જીવનજળઝરો ખૂટતો વ્યોમઝંખીઃ
હું જાઉં તો પછીથી અવર જન લીએ મારૂં સ્થાનઃ ક્યારે
મારી આ ખોજ પૂરી થઈ જ વિરમશે? અજ્ઞ હું મૂઢ બાલઃ
કે એનો અંત લ્હાવા ખગ થઈ ઊડશે વ્યોમમાં પ્રાણ મારો,
માટીનો દેહ મૂકી?

'મોહિનીચન્દ્ર'

અહીં કયે સ્થળે સારિપુત્ર અને અશ્વજિતનો ભેટો થયો હતો, જેથી સારિપુત્રનું આખું જીવનચક્ર ફરી ગયું અને એ બુદ્ધનો અગ્રસેવક બની રહ્યો? કઇ જગ્યાએ 'નલગિરિ' હાથી બુદ્ધને મારવા તૈયાર થયો હતો? કયા સ્થાન પર રાજવૈદ્ય જીવકનું પ્રખ્યાત આમ્રવન આવી રહ્યું હતું? રાજગૃહની પૂર્વે કયે સ્થળે ગૃધ્રકૂટ હતો જ્યાં બુદ્ધનો

પ્રિય વાસ હતો અને જ્યાં ફરતા બુદ્ધને રાજગૃહ શહેરની અંદર કેદમાં પૂરાએલા બિંબિસાર જોઈ શકતા હતા ? એ બધાં સ્થાનોનો પત્તો મેળવવા ઘણાય પ્રયત્નો થયાં છે ને થાય છે. પરંતુ આજે તો અનુમાનથી ત્યાંની જમીનમાંથી નીકળતા મૂક સંદેશાઓ જ સાંભળતા રહ્યા. રસ્તે જમીનમાં બાઝી ગએલા અને વરસાદથી ધોવાઇ ધોવાઇને અણીદાર બની ગએલા પથ્થરો પરથી ચાલવાનું હોય છે, છતાં રાજગૃહના રાજપથ પરથી ચાલીએ છીએ એવા ખરા કે ખોટા ખ્યાલે હૃદયમાં ઊર્મિ ઉછાળી. ઠેઠ દક્ષિણ પૂર્વ છેડે 'બાણગંગા' નામે ઓળખાતો કુંડ છે એમાં નહાયા. પર્વતો ઉપર હજીયે કિલ્લાની દીવાલ જોઇ શકાય છે. એક પર્વતની છેક ટોચે ચડી આજુબાજુનો પ્રદેશ નિહાળતા કેટલીય વાર બેસી રહ્યા. સાંજે એ જ રસ્તે પાછા ફરી આવ્યા ને તે જ સાંજે અમારૂં પર્યટન પૂરૂં થતાં શાંતિનિકેતન માટે ઊપડી ગયા.

રતિલાલ મહેતા



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ


¶ હરીફાઇ માટે મોકલાતા ફોટોગ્રાફો સાથે કૃપા કરી કોઇ પણ જાતનો પત્રવ્યવહાર બીડવો નહિ. ¶ ફોટોગ્રાફને લગતી કાંઇ વિગત દર્શાવવી હોય તો તેની પાછળ જ ટૂંકાણમાં લખવી. એટલે કે કવરમાં ફોટોગ્રાફ સિવાય બીજું છુટ્ટું કશું બીડેલું હોવું જોઇએ નહિ. ¶ પોસ્ટેજ તથા સરનામાવાળું કવર સાથે મોકલ્યા વિના ફોટોગ્રાફો પાછા મોકલાતા નથી.

દરેક વખતની માફક ચાલુ માસની હરીફાઇમાં પણ સારો ફાલ આવ્યો છે. પ્રતિ માસે હરીફોની સંખ્યા વધતી જ જાય છે અને ચિત્રો પણ ઉત્તરોત્તર ગુણયુક્ત થતાં આવે છે.

પહેલું ઇનામ જીતનાર ભાઈ કાંતિલાલ પટેલ (સિદ્ધપુર)નું ફોટોચિત્ર 'સુરદાસ' પોર્ટ્રેટનો સારો નમૂનો ગણાય. કૅમેરા અને ફિલ્મ પર હાથ જમાવવા મથતા બધા ઊગતા ફોટો-કલાકારો, પોતાની શરૂઆત માનવ-છબીથી કરે છે, અને ભાઈ-બહેન, સગાં-સંબંધી તથા મિત્રો-ઓળખીતાઓ પર કૅમેરાની કલા-શક્તિની અજમાયશ થાય છે. આમ એ વિષય સર્વ સાધારણ હોવા છતાં સૌથી વધુ અઘરો પણ એ જ વિષય છે તસ્વીર (પોર્ટ્રેટ) ફોટોગ્રાફીમાં એકલું પાત્ર આવે એ જ બસ નથી. એ પાત્રનાં મુખ્ય characteristics (લક્ષણતત્ત્વો) સમજી ઓળખી, તે વિષયની જ લાક્ષણિક રીતે તે ફોટો-ચિત્રમાં ઉતારવાં જોઇએ. કલામય પોર્ટ્રેટ એ જ કહેવાય કે જેને જોઇને કોઇ પણ પ્રેક્ષક એ વિષયનાં નામઠામ જાણવાની દરકાર કર્યા વિના, કેવળ જોઇને જ એ પાત્ર માનવસમૂહનું કયું અંગ છે તે ઓળખી કાઢી નિહાળે અને માણે 'સુરદાસ' જોતાં સાધુજીવનનું એ પાત્ર આપણી આંખ સામે તાદશ ખડું થાય છે. તે જ આ ચિત્રનો ગુણ. ભાઇ ચીમનલાલ ખરવર (રંગુન)ના 'ઘેરાતાં વાદળ'ને બીજું ઇનામ મળે છે. ચોમાસામાં વાદળથી છવાએલું આકાશ અવનવાં સ્વરૂપ ધારણ કરે છે ત્યારે એ દરેકેદરેક આકારના પડઘા મનુષ્યહૃદય પર જુદાજુદા પડે છે. માનવીનું દુઃખ જોઇ જેમ સૌનાં હૃદય કકળી ઊઠે તેમ કુદરતનાં સુખદુઃખ કલાપ્રેમીને હચમચાવી શકે છે. દરિયાકાંઠાનું આ આકાશદશ્ય ઠીક ગણાય.

લાકડાંના ઢગમાં એકાદ પોલાણમાં 'બાલ્યાવસ્થા' ગાળી રહેલાં કબૂતરનાં બે બચ્ચાંનું ભાઇ હિંમતસિંહ (આલીરાજપુર)નું ચિત્ર સારૂં છે અને ત્રીજા ઇનામને પાત્ર ઠરે છે. ઉઘાડી આંખે રસ્તે ચાલનારને ફોટોગ્રાફીના વિષયોનો તોટો પડતો જ નથી. પરંતુ આવી રીતે મળેલી તકોનો ઉપયોગ કરવામાં પણ સમયસૂચકતા જોઇએ છે. ભાઇ હિંમતસિંહે ચાલાકીથી આ ચિત્ર ઉતારેલું લાગે છે. પક્ષીની ફોટોગ્રાફીમાં માળાની તદ્દન નજીક જવું લગભગ અશક્ય છે અને તેથી જ પક્ષીની છબી ઘણુંખરૂં દૂરથી જ ઉતારવી પડે છે. પરંતુ આ કર્યા પછી આવી છબીઓમાં પાછળની ક્રિયામાં આજુબાજુની નકામી વસ્તુઓ દૂર કરવી જોઇએ. 'બાલ્યાવસ્થા'માં ચિત્રનું લક્ષ્ય બે બચ્ચાં હોઇ આગળપાછળના લાકડાના ઢગની કાંઇ જરૂર રહેતી નથી અમુક પ્રકારનું વાતાવરણ ઉપજાવવાને બદલે તે વસ્તુઓ આંખને ખૂંચે છે. અને પોતે ધસી આવી દષ્ટિના લક્ષ્ય રૂપ મુખ્ય પાત્રો જે કબૂતરો તેને ગૂંગળાવી નાખે છે. છાપેલા પ્રિન્ટમાં કાળી લીટીઓથી અમે દર્શાવેલો ભાગ એ ભાઇએ એન્લાર્જ કરવો જોઇએ; ચિત્રનો સારો ભાગ એ જ છે.

ભાઈ કનુ રાવત (અમદાવાદ)ના 'ગોમતી—ડાકોર'ના ચિત્રને ઉત્તેજના ઇનામ મળે છે. ટૂંકી મુસાફરીઓમાં જાણીતાં સ્થળોનાં દશ્યો નવાં જ દષ્ટિબિંદુથી ઉતારવામાં વ્યક્તિગત કળાનો વિકાસ થાય છે. આ ચિત્રમાં ડાબી બાજુથી લગભગ એક ઇંચ



(૧) સુરદાસ: કાન્તિલાલ હીરાભાઈ પટેલ (સિદ્ધપુર) પહેલું ઇનામ; (૨) ઘેરાતાં વાદળ: ચીમનલાલ ખત્રર (રંગુન) બીજું ઇનામ; (૩) કુમારી ફોટોગ્રાફર્સ: ત્ર્યંબક પટેલ (વાંકાનેર) નોંધપાત્ર; (૪) બાલ્યાવસ્થા: હિંમતસિંહ (અલીરાજ પુર) ત્રીજું ઈનામ; (૫) કુતૂહલ: અશ્વિન ઓઝા (ભાવનગર) નોંધપાત્ર; (૬) ગોમતી-ડાકોર: કનુ રાવત (અમદાવાદ) ઉત્તેજના ઈનામ.

એટલો ભાગ કાઢી નાખવાની જરૂર છે. તો જ દહેરું બરોબર બહાર તરી આવે છે. વળી તેમ કરવાથી અત્યારે દહેરાનું શિખર ચિત્રમાં મધ્ય સ્થળે છે તે બદલાઈ ડાબી તરફના છેડા તરફથી ૧/૩ ભાગમાં આવી રહેશે. ચિત્રની જગ્યામાં વિષયના મુખ્ય બિન્દુ માટે આ સ્થાન કલાની દૃષ્ટિએ ઉત્તમ ગણાય છે.

છેલ્લે ત્ર્યંબક પટેલ (વાંકાનેર)નું 'કુમારી ફોટોગ્રાફર્સ' અને અશ્વિન ઓઝા (ભાવનગર)નું 'કુતૂહલ' નોંધપાત્ર છે. બંનેમાં કુમારિકાઓ ચિત્રનો મુખ્ય વિષય છે. પહેલા ચિત્રમાં બંને બહેનો કૅમેરાની કારીગરીમાં મગ્ન જણાય છે અને તેથી છબી પડાવવા બેઠાં હોય તેવો ભાસ નથી; જ્યારે બીજામાં ગ્રામ-કન્યાઓની નજર જે કૅમેરા તરફ વળેલી છે તેનો 'કુતૂહલ' એવું નામ આપવામાં ફોટો-કલાકારે ઉપયોગ કરી લીધો છે.



માધુકરી

હાથ હતા વણકેળવ્યા મારા, કંઠમાં ખૂબ કચાશ; (૨)
જાણું નહિ આજ એકતારામાં કોણ ઉપાડતું શ્વાસ ?
બાંધ્યા કોઈ કોયલે માળા! ગળામાં આજ રૂપાળા !

જૂનો થયો જરી એકતારો ને, વાંસમાં ઊપડી ફાટ: (૨)
ખોખરી ખૂંટીએ ગૂંચળાં લેતા તારને ગાળતો કાટ:
કોઇ તો ય તુંગ છુપાણું! ગવાડતું ગેબનું ગાણું!

('મોરનાં ઇંડાં'માંથી)

—કૃષ્ણલાલ શ્રીધરાણી

લૉઈડ જ્યૉર્જ

ઉન્નતિનાં લખલૂટ સાધનો હોવા છતાં સેંકડો લોકો જેવા ને તેવા જ રહે છે. જગતમાં કોઇ તેમને ઓળખતું નથી. તેમને ઓળખવાની જગતને કંઇ પણ જરૂર હોતી નથી. પરંતુ કેટલાક લોકોને સાધનમાં માત્ર મહત્ત્વાકાંક્ષા મળેલી હોય છે. એ અમૂલ્ય સાધનથી તેઓ જગતના જંગલમાં ઘૂમે છે. હજારો વિઘ્નોને અજબ હિંમત અને ઉદ્યોગથી તેઓ દૂર કરે છે અને જગતમાં ઝળકતા તારા જેવા પ્રકાશી ઊઠે છે. એવા વીરલાઓનાં જીવન જાણવા માટે જગત હમેશાં આતુર હોય છે. ડેવિડ લૉઇડ જ્યૉર્જ એમાંનો એક કહી શકાય.

ઇ. સ ૧૮૬૩માં માન્ચેસ્ટરમાં તેનો જન્મ થયો હતો. અઢાર માસની તેની અલ્પ વયે પિતાનું અવસાન થતાં તેને પોતાના કાકા રિચાર્ડ લૉઈડનો આશ્રય લેવો પડ્યો. રિચાર્ડનો ધંધો મોચીનો હતો. ડેવિડે કાકાને ત્યાં રહીને બચપણનો સુંદર સમય ગાળ્યો. ગરીબ મોચીને ત્યાં મોજશોખનાં સાધનો દુર્લભ હતાં, એટલું જ નહિ પણ કેટલીક વાર તો ખાવાના પણ સાંસા પડતા. મિજબાની જેવું તો સ્વપ્ને ય દેખાતું નહિ અને કોઇક દિવસ જો સાધારણ શોખની વસ્તુ મળતી તો તે દિવસ સોનાનો લેખાતો

ગરીબ ઘેર ઉછરીને ડેવિડે ગરીબાઇની મુશ્કેલીઓનો સાચો પરિચય મેળવ્યો. ગરીબોને પોતાની ઉન્નતિ માટે સમય નથી હોતો, પૈસા નથી હોતા, અનુકૂળ સંજોગો નથી હોતા. તેમના નસીબે તો લક્ષ્મીપુત્રોની ગુલામી લખાઇ હોય છે. અપમાન અને તિરસ્કારની ઝડીઓ વચ્ચે તેમને જીવનના ખેલ ખેલવાના હોય છે! આનંદ તેમનાં ઘરમાંથી દેશનિકાલ થયો હોય છે. સખત વૈતરું કરતાં છતાં જમીનદારોની દૃષ્ટિ તેમના પર હમેશને માટે નિર્દયતાનો એક જ અધિકારી ભાવ બતાવતી હોય છે. આ બધું ડેવિડે જોયું અને અનુભવ્યું. ગામડાંમાં શ્રમજીવીઓના કરુણ જીવનનો ઇતિહાસ એણે પ્રત્યક્ષ જોયો. લુહારની કોઢમાં દૂરદૂરથી આવતા લોકો પાસેથી દુઃખની વાતો સાંભળી. એ વખતે તેલના દીવાની ઝાંખી જ્યોતમાં અને સળગતી ભઠ્ઠીના પ્રકાશમાં ગામડિયાઓની લાંબી સભાઓ ભરાતી. જગત અને જગત બહારના અનેકવિધ પ્રશ્નોની ચર્ચાઓ એ સભાઓમાં થતી. ડેવિડ એમાં ખૂબ રસ લેતો. પોતાના પ્રદેશના લોકો ઉપર જમીનદારોનો વર્તી રહેલો ત્રાસ સાંભળીને ન્યાય મેળવવામાં લોકોના આગેવાન થવાની પ્રેરણા તેને ત્યાંથી મળી હતી.

નિશાળમાં ડેવિડનું જીવન બીજા સામાન્ય વિદ્યાર્થીઓ જેવું જ હતું, પણ તેની ગ્રહણ કરવાની શક્તિ સારી હતી; તેમજ તોફાની કાર્યોમાં આગેવાની લેવાની શક્તિ પણ અજબ હતી. એ બે ગુણોને લીધે તે બધાથી જુદો પડી જતો. ડાહ્યા ડમરા થઇને બેસી રહેવાનું તે કદી જાણતો જ નહિ. અન્યાય તરફ આંખમીચામણાં કરવાનું તેને પસંદ નહોતું. જુલમની સામે ઝુંબેશ ઉઠાવવામાં તે પહેલ કરતો. પછી તો એવાં કામ કરવાનો તેનો સ્વભાવ જ થઈ ગયો હતો. મોટપણમાં ન્યાય માટે એણે ચલાવેલી ઝુંબેશનાં મૂળ આમ આ વિદ્યાર્થી-જીવનમાં નંખાયાં હતાં.

વયના વધવાની સાથે ભવિષ્યની જવાબદારીઓના વિચાર પણ તેને આવવા લાગ્યા. આર્થિક મુશ્કેલી સૌથી વધારે ભયંકર હતી. એને લીધે જ તે ઘણાં કાર્ય કરવા અસમર્થ હતો. અભ્યાસ કરવા માટે પૈસા જોઇએ તે ક્યાંથી લાવવા? એ વિચારમાં હતો તેવામાં કાકાએ વૃદ્ધાવસ્થા માટે બચાવેલી બધી રકમ તેને સોંપી અને કોઈ ધંધો હાથ કરવાની તેને તક આપી. અમુક વાટાઘાટ પછી માતાની ઇચ્છા મુજબ તેણે કાયદાના અભ્યાસ માટે ઉમેદવારી કરવી એમ નક્કી કર્યું. કાકાની મદદથી તેણે ઘેર અભ્યાસ કર્યો અને ઇ.સ. ૧૮૭૭માં પરીક્ષા પાસ કરીને તેણે જીવનમાં પ્રથમ ફતેહ મેળવી. અને થોડે દૂર આવેલા નાના શહેરમાં મિ. ગૅસન નામના સૉલિસિટરને ત્યાં તેણે પોતાનું જીવન શરૂ કર્યું

તેનું મગજ ચપળ હતું. ફક્ત ઉપયોગી બાબતોને જ ગ્રહણ કરવાની તેજસ્વિતા તેનામાં હતી. જાહેર પ્રસંગોમાં આ બે સદ્ગુણોથી તેણે પોતાનું સ્થાન અતિ ઝડપથી મેળવી લીધું. સ્થાનિક વર્તમાનપત્રોમાં 'બ્રુટસ' નામથી નાનાનાના લેખો લખવાનું આરંભ્યું. એ લેખો યુવાનોને ખૂબ ગમ્યા ને ટૂંક મુદતમાં તે તેમને પ્રિય થઇ પડ્યો.

અઢાર વર્ષની ઉમરે જીવનમાં પહેલીવાર તેણે લંડનની મુલાકાત લીધી. આમની સભા જોઇ અને તેની મહત્ત્વાકાંક્ષા જાગી ઊઠી. એ સભાને ભાષણોથી ગજવવાની ઉત્કટ ઇચ્છાએ તેના મનમાં પ્રવેશ કર્યો. લંડનની એ મુલાકાતે તેનામાં નવું જીવન પ્રેર્યું ને કીર્તિની પ્રશસ્ય લાલસા સાથે તે ત્યાંથી પાછો ફર્યો. છતાં મહત્તાનાં મૂલ્ય કેટલાં મોંઘાં છે તેની તેને એ નાની ઉમરમાં યે પૂરી ખબર હતી. તેની નોંધપોથીના એક પાના ઉપર તેના વિચારો આ પ્રમાણે ચોંટાડેલા છેઃ 'કદાચ તે ઇચ્છા પૂર્ણ થાય; પણ હું માનું છું કે તેનો આધાર હિંમત અને પુરુષાર્થનાં જે બળનો હું સંચય કરી શકીશ તેની ઉપર જ છે.'

એકવીસ વર્ષની ઉમરે લાયક સૉલિસિટર તરીકે તે બહાર આવ્યો. બીજા વકીલોની નોકરી કરવાની તેણે ચોખ્ખી ના પાડી. તે વખતે ફૂટી બદામ પણ પાસે નહોતી, છતાં પોતાની શક્તિમાં તેને પૂરતો વિશ્વાસ હતો. એવું કહેવાય છે કે વેલ્સની કચેરીઓમાં વકીલને પહેરવાનો ઝભ્ભો સરખો તેની પાસે નહોતો. એને માટે તેને પોતાના એક કેસની ૩ ગિનીની ફી ઉપર આધાર રાખવો પડ્યો હતો. આવી સ્થિતિમાં પણ તેણે સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. શરૂઆતના કેસોમાંના એકબે કેસમાં તેણે પોતાની શક્તિનો એવો તો સરસ પરિચય કરાવ્યો કે આખા વેલ્સમાં તેની ખ્યાતિ પ્રસરી.

પણ જાહેર જીવન અને રાજકારણ તેને માટે વધુ આકર્ષક બન્યાં હતાં. પોતાના પ્રદેશ (વેલ્સ)ના હડધૂત થતા લોકોના નેતા થવાની કોઇપણ તક તે જવા દેતો નહિ. અતિ ઉચ્ચ પ્રકારની હિંમતથી આખા વેલ્સમાં તેણે સ્નેહાળ કીર્તિ મેળવી. એક અજ્ઞાત ગરીબ મોચીનો છોકરો હવે મુલ્કમશહૂર બન્યો.

અને પછી તો વિધિનાં નિર્માણ સાચાં ઠર્યાં. ઇ સ. ૧૮૯૦માં તે હાઉસ ઑફ કૉમન્સનો સભાસદ થયો. પણ પાર્લમેન્ટના સભાસદ તરીકે એનો માર્ગ સરળ નહોતો. જે જાતિને અંગ્રેજો પૂર્ણ રીતે ધિક્કારતા એવી જાતિમાંથી તે આવ્યો હતો. પરંતુ ડેવિડ ડરપોક નહોતો. પોતાની પ્રવૃત્તિઓને મંદ કરવાને બદલે તેણે તેમને વધુ સતેજ કરી અને ભવિષ્યના સત્તાધીશનાં ચિહ્નો એ નવા સભાસદમાં બધાને દેખાવા લાગ્યાં.

શરૂઆતની કારકિર્દીમાં એક વખત પ્રમુખની સાથે ન્યાયના સંબંધમાં તેને બોલાચાલી થઇ. પરિણામે એક અઠવાડિયા માટે પાર્લમેન્ટમાંથી તેને રૂખસદ મળી. પણ એ ફરજિયાત વૅકેશનનો તેણે સરસ લાભ ઉઠાવ્યો. એ બધો વખત તેણે છૂટથી લોકોમાં બોલવાનું શરૂ કર્યું. જે લોકો માટે તેને પાર્લમેન્ટમાંથી રજા મળી હતી તેમણે તેને વીરના નામથી નવાજ્યો. પણ લોકોના સેવક તરીકેનું સાચું ભાન તો તેને ૧૮૯૯ના દક્ષિણ આફ્રિકાના યુદ્ધ વખતે થયું. બોઅર યુદ્ધ સામે તેણે સખત વિરોધ દર્શાવ્યો. આ કારણથી તે વખતે ઇંગ્લંડમાં તે અતિ અપ્રિય રાજદ્વારી થઈ પડ્યો. પરંતુ પછીના બનાવોએ પુરવાર કરી બતાવ્યું કે તેનો એ નિર્ણય ઊંચા આદર્શ પર રચાયો હતો.

બોઅર યુદ્ધ પછી તેની લોકપ્રિયતાની ભરતી પાછી ચઢી. અને ઈ. સ. ૧૯૦૫માં તે બ્રિટિશ પ્રધાનમંડળમાં બોર્ડ ઑફ ટ્રેડનો પ્રેસિડેન્ટ થયો. ત્યાર પછી ત્રણ વર્ષે ચૅન્સેલર ઑફ ધી એક્સચેકર અને છેવટે તે વડો પ્રધાન થયો. એ સબળ હોદ્દે રહ્યો તે દરમ્યાન તેણે ઘણા કાયદા પસાર કરાવીને સમાજ-જીવનનું નવું ચણતર રચ્યું. લોકોએ તેનામાં રાખેલી આશાનો તેણે પોતાના કાર્યથી સરસ જવાબ વાળ્યો.

મહાયુદ્ધ દરમિયાન મિનિસ્ટર ઑફ મ્યુનિશન (દારૂ-ગોળા ખાતાનો પ્રધાન) અને વૉર મિનિસ્ટર (યુદ્ધ પ્રધાન) તરીકે તેણે જે કાર્ય કરી બતાવ્યું છે તે પરથી તેની ખરી યોગ્યતાનો ખ્યાલ આવે છે. લડાઇનું અત્યંત ગાંભીર્ય તેમજ લડાઇ કેવી રીતે લડાય એનું ખરૂં જ્ઞાન જો કોઇ રાજનીતિજ્ઞને તે વખતે હોય તો તેને એકલાને જ હતું એમ કહીએ તો ચાલે. લડાઈના વ્યવહાર સંબંધમાં તેને એ વેળાના વડા પ્રધાન સાથે વિખવાદ થયો અને વડા પ્રધાને રાજીનામું આપ્યું. તેણે જાતે નવું મંડળ ઊભું કર્યું અને પોતે વડા પ્રધાનના પદ ઉપર આવ્યો. માણસની યોગ્યતા પારખવાની પોતાની શક્તિથી તેણે આ સમયે શક્તિમંત નરોને એકત્રિત કર્યા અને તેમની સહાય-તાથી લડાઇનો સફળ અંત લાવવામાં તે ફાવ્યો.

મહાયુદ્ધના અંત પછી પણ બ્રિટિશ રાજકરણમાં તેનો હિસ્સો નાનોસૂનો નહોતો. ગ્રેટબ્રિટનમાં તો એ આજે પણ જીવતોજાગતો વક્તા અને સબળ, દક્ષચતુર રાજપુરુષ ગણાય છે અને તેની લોકહિતની દૃષ્ટિ તથા તેના પ્રેરણાત્મક વ્યક્તિત્વને કારણે બ્રિટિશ જનતાના હૃદયમાં તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

આજે તો એ વેલ્સના નાના ગામડામાં પોતાની જમીન પર લગભગ નિવૃત્તિનિવાસ ભોગવે છે. ખેતી અને બાગબાની તથા પ્રાણીઉછેરનો એને જબરો શોખ છે, અને આજ એકોતેર વર્ષની ઉમરે પણ રોજ મોટે મળસ્કે પાવડો કોદાળી લઇ આખું સવાર સખત પરિશ્રમ ખેડે છે. એના ખેતરનાં શાક અને એના બાગનાં ફળ; એના પોલ્ટ્રી યાર્ડની મરઘીનાં ઇંડાં અને એનાં ઢોરનું માખણ, આજુબાજુના આખા કસબામાં મશહૂર છે. એલ. જી. (Ll. G. લૉઈડ જ્યોર્જ) નું શાકફળ અને માખણઇંડાં બજારની કીંમતે બજારૂ માલ કરતાં સવાયાં કસદાર મળશે એવી ત્યાંના નાના ગામડામાં કોઇ સામાન્ય માણસ પણ શાખ પૂરશે.

લડાઇ દરમ્યાનના પોતાના અનુભવો અને નોંધો ઉપરથી

'વૉર ડાયરી' નામના, યુદ્ધસમયનાં સ્મરણોનાં દળદાર ગ્રંથો એણે હમણાં લખી બહાર પાડ્યા છે. એમાંની નિખાલસ નીડર વાતો અને નગદ માહિતીને લીધે એ ગ્રંથો બહુ લોકપ્રિય થઈ પડ્યા છે.

('અભ્યાસગૃહ પત્રિકા' ઉપરથી—થોડા વધારા સાથે)

પુરા-વસ્તુ-સંગ્રહનો શોખ

ઈ. સ. ૧૯૧૩માં કાઠિયાવાડનો પોલિટિકલ એજન્ટ સ્લેડન નામે એક ઉદ્યોગી નર હતો સુથારકામનો એને શોખ. આખો હિંદુસ્તાન ફર્યો હતો. તેમાં એણે ખાસ અવલોકન અને માપપ્રમાણ આદિ સાથે અભ્યાસ કરેલો આપણા જુદા જુદા પ્રાંત અને પ્રદેશમાંનાં જુદીજુદી તરેહનાં ગાડાંઓનો. દરેક જાતના ગાડાનો એ લઘુકાય નમૂનો બનાવતો; તેમાં તેની ઝીણામાં ઝીણી વિગત માપસર આણતો. એ બધા તૈયાર નમૂના એ જૂની નકામી થઇ ગએલી બિલિયર્ડ ટેબલો ઉપર એ ગોઠવી રાખતો જે કોઈની ઉપર પોતાના દિલનો ભાવ ખાસ ઊભરાય, તેને એ પોતાના એ ખાસ દીવાનખાનામાં પોતાનાં વહાલાં ગાડાંઓ પાસે લઇ જતો, અને કયું ગાડું કયા પ્રદેશનું, તેના ખાસ ગુણદોષ શા, તેની આવીઆવી વિશિષ્ટતાઓ શાથી ઉત્પન્ન થવા પામેલી વગેરેનું એ વર્ણન કરતો, તેમાં પોણોકલાક—કલાક ક્યાંય ચાલ્યો જતો. સ્લેડન નિવૃત્ત થયો ત્યારે આ ગાડાંઓનો સંગ્રહ તેણે પોતાનાં વતનના સંગ્રહસ્થાનને આપી દીધો.

બીજો એવો જ દાખલો મારા એક અંગત મિત્રનો આપું. એ ડેકન કૉલેજના અંગ્રેજી ભાષાના પ્રોફેસરમાંથી 'ઇન્ડિયન એજ્યુકેશન' માસિકનો સ્થાપક અને મુંબાઈની સેકન્ડરી ટીચર્સ કૉલેજનો પહેલો પ્રિન્સિપાલ થયો હતો. એ નેલ્સન ફ્રેઝરનું નામ તમારામાંના પણ કેટલાકને હજી યાદ હશે. કૉલેજોમાં ઉનાળાની રજા લાંબી હોય છે, અને ઘણા વિદેશીઓ એ ગાળામાં સ્વદેશ જઇ આવે છે, અગર દરિયાઈ સફર કરી આવે છે. પરંતુ ફ્રેઝર તો ઉનાળા પણ હિંદમાં જ ગાળતો. એ હતો રખડવાનો શોખી એ બે ગાડાં ભાડે કરતો. એક પોતાને સારૂ, ને એક નોકર તથા સરસામાનનું. અને આ પ્રમાણે એ પૂનાથી સીલોન લગીનો આખો ખંડ ખૂંદી વળ્યો. રાતે મુસાફરી થોડા જ ગાઉ કરે. તાપ નમે તે પછી અને સૂર્ય ચડે તે પહેલાં થોડા ગાઉ રોજ ચાલે પણ ખરો. શિકાર કરે. લટકતી દોરને ગલ બાંધી માછલીઓ પણ પકડે. પરંતુ પોતાનાં એ રખડપટ્ટીનાં વર્ષો દરમિયાન એ સૌંદર્યપિપાસુ સંસ્કારી નરે મુખ્ય કામ તો એ કર્યું કે દક્ષિણ હિંદમાંથી જૂની કારીગરીની સેંકડો ધાતુની બનાવટની ચીજો ભેગી કરી,—ખાસ કરીને મૂર્તિઓ. એ સંગ્રહમાંની કેટલીક વસ્તુઓ અત્યંત લાક્ષણિક અને બેનમૂન પણ છે. એના એના સંગ્રહનો એક જ ભાગ મુંબાઇના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં છે; એક ભાગ વિલાયત ચાલ્યો ગયો છે. ઘણા રાજામહારાજાઓને એ દેખાડવામાં આવેલો. પરંતુ એ લોક તો હજી યુરોપની ઊતરી ગએલી વાનીઓના મોહમાં રાચનારા છે. —બ. ક. ઠાકોર

(ગુજરાતી પુસ્તક પ્રદર્શન ખુલ્લું મૂકતાં આપેલા ભાષણમાંથી)

વાંચન વિષે સલાહ અને ચેતવણી

કુટુમ્બોમાં નજર નાખશો તો જોવામાં આવશે કે દરેક કુટુમ્બમાં કોઇ એક વ્યક્તિનું ચલણ વધારે હોય છે. આ વ્યક્તિ બધાં કુટુમ્બીમાં દરેક વાતે ચડિયાતી કંઈ હોતી નથી. તથાપિ તે કુટુમ્બમાં ઘણી બાબતોમાં ચલણ તો તેનું જ ચાલે છે. રોજ ને રોજ, સવારે કે સાંજે આપણે જે એક છાપાને જોવાની આદત પાડી દઇએ, તે છાપું આપણા કુટુમ્બી જેવું બની જાય છે, એટલું જ નહિ પણ આપણું મન ઘણી બાબતમાં તેની શેહ તળે પણ આવી જાય છે. આપણી અક્કલ નામે જે શક્તિ છે, તે છે તો ચકોર, પણ સાથે કુવડે ખરી. ઘરડી ઘોડી ઊભીઊભી ઝોકાં ખાય તેમ આપણી અક્કલ ઘડીએ અને પળે ધ્યાનશૂન્ય બની જાય છે. અને પેલું કુટુમ્બી છાપું કહે તે વાત વિગત આપણે ઝટ સ્વીકારી બેસીએ છીએ. ભાઈઓ અને બહેનો, માટે, હું તમને એ આપણા છાપા કુટુમ્બીથી ચેતતા રહેવા વિનવું છું. અને તેનો સહેલો ઉપાય પણ બતાવું છું કે માત્ર તમારે ઘેર આવતા છાપા ઉપર જ આધાર ન રાખતાં તમારે રોજ પુસ્તકાલયે જવું, અને ત્યાં જુદાજુદા પક્ષના તથા ભિન્ન ભિન્ન સિદ્ધાન્તો, રૂચિઓ અને શૈલીઓનાં બેચાર છાપાં જોવાં. આમ એ છાપાં પિત્રાઇઓની દુનિયામાં અન્યોન્ય રસાકસી, પ્રીતમોહબ્બત, ખંડનમંડન, પટાબાજી આદિ જોતા રહેવાની આદત કેળવશો તો તેથી તમને બેત્રણ લાભ થશે. એ ઝગડાઝગડીના દાવપેચની સૃષ્ટિમાં, દાળમાં ગોળ-આમલી-મરચાં કેટલાં નંખાય છે તે તમારા કળ્યામાં આવી જશે એ મીઠા તીખા ખાટા રસાતિશયથી આપણી અક્કલ ઊંઘમાંથી બેઠી થઈ સ્વતંત્ર વિચાર વાગોળતી થશે. એ છાપાછાપીએ કટારો સજવાનો ધંધો કરતા લોક અતિશયોક્તિમાં, અતિ વખાણમાં અને અતિ નિંદામાં બેજવાબદારીની હદ લગી, અવિવેક અને અતિવિવેકમાં નાગાઈની હદ લગી, શૈલી અને રંગલપેડામાં ભૂંકની બેસૂરતા લગી પણ જવાને ટેવાએલા; જે આપણે શિષ્ટ વર્ગે તો ન જ થાય; આપણે બોલતાં લખતાં વર્ણન ચર્ચા દલીલ આદિ કરતાં, સામા પક્ષને જવાબ દેતાં અને ઉઘાડો પાડતાં પણ આપણે શિષ્ટ વર્ગે એવું એવું કદાપિ ન થાય. એ લોક તો નનામા, જ્યારે આપણે પ્રતિષ્ઠિત એવું ભાન પણ તમારામાં જાગશે; અને છાપાંઓની મગદૂર છાપાંઓનાં બોજવક્કર (અમુક બહુ થોડા અપવાદ બાદ કરતાં) આટલાં, એ આવશ્યક કસોટીનું બખ્તર તમે પામશો પછી છાપાંઓની છાપાંગીરીની તીક્ષ્ણતાથી તમે સુરક્ષિત રહેવા પામશો. વળી જે વિષય ચર્ચાતો હોય તેમાં તમારી અક્કલ જાગૃત થઇ ગઇ હોય તો તે વિષય ઉપર તાજી તેમ દાયકાજમાના પહેલાંની જે પ્રતિષ્ઠિત ચો-

પડીઓ પુસ્તકાલયમાં જોવામાં આવે તે પણ વાંચવાને તમે લલચાશો. એવી લાલચને દાબી ન દેવી; વિદ્યા અને વિજ્ઞાન-જિજ્ઞાસાની પ્રેરણા ગણીને તેને આધીન વર્તવું એવી મારી સૌને વિશેષ સલાહ છે. ઊંઘતી અક્કલે દસ ચોપડી વંચાય તે વ્યર્થ; જાગતી અક્કલે ચોપડીનો એક દશાંશ પણ વંચાય તે મુકાબલે વધારે ઊગી નીકળે. જાગતી અક્કલે જે કંઇ વંચાય તે વિચારાય પણ ખરૂં, તેની છાપ ઊંડી ઊતરે અને તે જે કંઇ સ્વતંત્ર વિચારણા આપણે માટે શકય હોય તેમાં પણ વણાતું આવે. અગ્નિ બળતો હોય તેમાં ઘી હોમાય તેની માફક આવું વાચન આપણી ચાલી રહેલી વિચારણાને ઝળકાવવાની શકિત ધરાવે છે.

સાહિત્ય અને કલા, પુસ્તકો અને કેળવણી પુસ્તકાલયો, પ્રદર્શનો અને મ્યૂઝીઅમો, ધર્મ અને આચાર, છાપાં, કાયદા અને રાજ્યવહીવટ, સંઘમાનસ અને પ્રજાશાસનનાં નબળાં વલણોથી કેવળ અલિપ્ત રહે એ તો આપણા દેશમાં પણ હવે અશકય બન્યું છે કે બનવામાં છે. યુગપ્રધાન વહનોની ખામીઓ અને કચાશો માટે પણ ઊછરતી જનતાને સાવધ બનાવે અને વધતા જતા કાદવકીચડમાંથી પણ નિર્મલ સદાશુચિ જીવનવારિ નીતારતાં અને પીતાંપાતાં શીખવે તેમાં જ સાહિત્યકલા કેળવણી આદિની તેમ તેને આધીન અને ઉપકારક આ પુસ્તકાલયોના જેવી પ્રવૃત્તિની શુદ્ધિ અને વડાઇ માનું છું.

—બલવન્તરાય ક. ઠાકોર

(ગુજરાતી પુસ્તક પ્રદર્શન ખુલ્લું મૂકતાં આપેલા ભાષણમાંથી)

ખેડુતોનું દૈનિકપત્ર

દુનિયામાં રશિયાના ખેડુતોનું દૈનિક પત્ર સૌથી મોટું ગણાય છે. સન ૧૯૨૩ના નવેમ્બરની ૨૩મી તારીખે તેનો પહેલો અંક બહાર પડયો. હાલમાં તેની ૩૩,૦૦,૦૦૦ નકલો રોજ નીકળે છે અને તેના ૧૫૦૦૦ પ્રતિનિધિઓ ખેડુતો જ છે. આ દસ વર્ષ દરમ્યાનમાં એ પત્ર દ્વારા ખેડુતોમાં ખૂબ પ્રચાર થઇને વ્યવસ્થા તથા સંગઠન સધાયાં છે. દરેક ખેડુત-ખબરપત્રી ખેતર તથા પાક વિષેની બધી માહિતી નિયમિત રીતે તંત્રીને પહોંચાડે છે. વળી ૪૫ તંત્રીઓને તો એવી મોટરો આપવામાં આવી છે. તેમાં છાપખાનું પણ સાથે જ—જે લઇને તેઓ દરેક જિલ્લામાં ફરે છે અને ત્યાં ને ત્યાં જ બધી ખબરો મેળવી ત્યાંની પ્રચલિત ભાષામાં છાપું પ્રકટ કરે છે. આ પત્ર સોવીએટ રાજ્યના તમામ ખેડુતો વાંચી શકે તેટલા માટે ત્યાં બોલાતી બધી ભાષાઓમાં છપાય છે. (રશિયાના સોવીએટ યૂનિયનમાં લગભગ દોઢસો જુદીજુદી ભાષાઓ બોલાય છે.) વળી આ પત્રના ખેડુત ખબરપત્રીઓમાંથી કોઇ બુદ્ધિશાળી કે હોશિયાર જણાય તેને કૉલેજોમાં આગળ અભ્યાસ કરવા પણ મોકલે છે. આ પ્રમાણે હાલમાં ૧૫૦૦ ખેડુતો તો પત્રના ખર્ચે કૉલેજમાં કેળવણી લે છે.

તેવી જ રીતે કામદાર વર્ગની પણ ત્યાં ખૂબ સંભાળ લેવાય છે. ડૉનેઝ પરગણું કે જેને ક્રાંતિ પહેલાં ઝાર દેશવટા માટે મુકરર કર્યું હતું ત્યાં હાલ ૭૦,૦૦,૦૦૦ મજૂરો કોલસાની ખાણોમાં કામ કરે છે. એ સ્થળે આજ લગી જ્યાં ટ્રામ કે મોટરબસ સર્વિસનું નામનિશાન નહોતું ત્યાં આજ ઘણે સ્થળે ટ્રામ તથા મોટર સર્વિસ દોડે છે. મજૂર વર્ગને રહેવા માટે હવાઉજાસવાળાં તથા બધી સગવડ આપનારાં મકાનો બાંધવામાં ત્યાંની સરકાર પુષ્કળ ધન ખર્ચી રહી છે. પૂર્વે ત્યાં ૫૦ ટકા અભણ લોકો હતા, જ્યારે હાલમાં માત્ર બે ટકા જ રહ્યા છે અનેક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ત્યાં ખોલી છે. અને લગભગ ૧૦,૦૦,૦૦૦ માણસો ત્યાં ભણે છે. તેઓના આરોગ્યની પૂરતી સંભાળ રાખવામાં આવે છે દર વર્ષે હજારો મજૂરો હવાફેર અથવા આરામ લેવા જઇ શકે છે.

જ્યારે આપણા દેશમાં એક્કે એવું છાપું નથી કે જેની તેત્રીસ લાખ પ્રતો નીકળતી હોય. સામાન્ય જનતા માટે પણ તેવું પત્ર નથી તો પછી ખેડુતોની તો વાત જ શી કરવી? આપણા દેશની ૮૦ ટકા વસ્તી ખેડુતોની છે છતાં ઘણા ખેડુતો તો વર્તમાનપત્ર એ શી ચીજ છે તે પણ જાણતા નહિ હોય! આપણા દેશના ખેડુતોમાં કેટલા ટકા અભણ છે તેનો ખ્યાલ વસ્તીપત્રક ઉપરથી કરી શકાય. જ્યાં સુધી આપણા યુવાનો ખેડુતો અને મજૂરો અર્થે સર્વસ્વ હોમવા તૈયાર નહિ થાય ત્યાં સુધી રશિયાના ખેડુતોની અને મજૂરોની સ્થિતિ દેખીને દાઝવું જ રહ્યું.

('પીપલ' ઉપરથી)

વરાહસ્વરૂપ ધામ

અમારૂં નાનકડું મંડળ થોડાક માસ ઉપર જાફરાબાદથી પૂર્વે પાંચ માઈલ દૂર વરાહસ્વરૂપ ધામ ગયું હતું. ત્રણ વરસ અગાઉ મેં કરેલી હિંદુસ્તાનની તીર્થયાત્રા પ્રસંગે મેં જે અતિ પુરાતન મંદિરોનાં અવલોકનો કરેલાં છે તેવાં જ રમણીય સ્થાનો માંહેનું આ પણ એક છે. વિષ્ણુના દસ અવતારમાંના એક વરાહ ભગવાન અહીં પૃથ્વી દાઢમાં ગ્રહણ કરી વિરાજેલા મૂર્તિસ્વરૂપે દેખાય છે. આ સ્થળે અગાઉ એક નાનું મંદિર હતું. તેનો જાફરાબાદના સ્વર્ગસ્થ શેઠ નાગરદાસે જીર્ણોદ્ધાર કરી પચાસ હજાર રૂપિયા ખર્ચી શિખરબંધ ભવ્ય મંદિર બંધાવ્યું છે. મંદિરમાં જે દિવસે પ્રતિમા પધરાવવાની હતી તે જ દિવસે શેઠ નાગરદાસ હૃદય બંધ પડી જવાથી અચાનક ગુજરી ગયા, તેને ભોળા લોકો મૂર્તિના ચમત્કાર તરીકે વર્ણવે છે.

આ વરાહસ્વરૂપ ધામ જુનાગઢ સ્ટેટના નાગેશ્રી મહાલનું અરબી સમુદ્રને કિનારે આવેલું તદ્દન નાનું ગામડું છે. મંદિરની દક્ષિણે ઘૂઘવતો મહાસાગર અવિશ્રાંત તરંગો ઉછાળી મધુર ગુંજનથી કુદરતના ગૌરવનું ભાન કરાવે છે. મુંબાઇથી ભાવનગર જતી આવતી સ્ટીમરો તથા કાંઠેકાંઠે ફરતાં વહાણોનું દૃશ્ય અહીંથી મનોહર લાગે છે. પૂર્વ, પશ્ચિમ ને ઉત્તરે આવેલાં હરિયાળાં લીલાંછમ ખેતરો જોઇ નેત્રો ઠરે છે ને પથિક પોતાનો થાક વીસરી જાય છે. દર ભાદરવાની અમાસે અહીં મેળો

ભરાય છે, તેમાં આજુબાજુના ગામડાના લોકો ખૂબ ભેગા મળે છે. એ ગ્રામલોકોના દાંડીઆરાસની જમાવટથી ને 'ચાલો જઇએ વારાહરૂપ દર્શનેરે' એ રાસની ધૂનથી આખું વાતાવરણ આનંદમય બની જાય છે. અહીંથી પૂર્વ દિશાએ શિયાળબેટ નામનો જાફરાબાદ તાબાનો નાનકડો પણ ઇતિહાસપ્રસિદ્ધ ટાપુ છે. તે અગાઉ મોટું શહેર તેમજ હિંદુસ્તાનનાં મુખ્ય બંદરોમાંનું એક બંદર હશે તેમ તેની ભૌગોલિક રચનાથી અનુમાન થાય છે. તેનાં જૂનાં ખંડિયેરોના અવશેષો, બાંધેલું પણ અસ્તવ્યસ્ત સ્થિતિમાં તેની પૂર્વ મહત્તાનું ભાન કરાવતું વિશાળ તળાવ, શહેરના કોટની દીવાલોના તૂટક ભાગો, ખેતરોમાં હળ ખેડતાં કોઇકોઇ વાર ખેડુતોને મળી આવતી પ્રતિમાઓ, શિલાલેખો વગેરે વસ્તુઓ આજે પણ તેની પ્રાચીન જાહોજલાલીનું સ્મરણ કરાવે છે. શ્રી કનૈયાલાલ મુનશીની 'રાજાધિરાજ' નવલકથાના પાત્ર રા'ને અહીં કેદ કરેલો અને તેના ભાણેજ ઉગાએ તેને છોડાવેલો. ટેકને ખાતર ઇશ્વરને નામે પુત્રનું બલિદાન આપનાર પ્રખ્યાત ભક્ત સગાળશા શેઠ પણ અહીં થઈ ગયા ઘણા માને છે ભોમિયાઓ આપણને કેલૈયાને ખાંડેલો ખાંડણીઓ વગેરે વસ્તુઓ બતાવે છે. યુગના પલટા સાથે થતું રૂપાંતર અહીં પ્રત્યક્ષ દેખાય છે. અહીંથી થોડે દૂર એકાદ માઇલ ઉપર ઊંચા અને પહોળા ખડક ઉપર સવાઇ પીરની દરગાહ છે જ્યાં ઓટને વખતે શિયાળ બેટથી ચાલીને જઇ શકાય છે. તે ઓલીઆપીરની માનતાએ દર વર્ષે ઘણા મુસલમાન ભાઇઓ આવે છે.

(જાફરાબાદ) —કેશવલાલ જટાશંકર મહેતા

ગળો

ગળોને સંસ્કૃતમાં ગુડૂચી, ફારસીમાં ગિલાઈ, હિંદુસ્તાનીમાં ગિલોય, મરાઠીમાં ગુળવેલ, બંગાળીમાં ગુલંચ, કોકણીમાં ગરૂડવેલ, તૈલંગીમાં નિપ્પતિગા, તામીલમાં શિંદિલ કોદી, કર્ણાટકીમાં અમરદવલ્લી, મલબારીમાં ચિતામૃત અને અંગ્રેજીમાં હાર્ડ લિન્હડ મુન્સીડ કહે છે.

ગળોના વેલા થાય છે. હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે એ ઊગે છે. ગળી નામની વનસ્પતિ પણ થાય છે; પણ તેમાં ને આ ગળોમાં ફેર, એ તો સૌ જાણતા હશે. ગળો એ અતિ ઉપયોગી વનસ્પતિ છે ને લગભગ ઘણા રોગમાં એ વપરાય છે.

જંગલમાં એના વેલા એની મેળે ઘણીવાર ઊગી નીકળે છે. અને પડખેના ઝાડને વીંટળાઇને તેના પર ચડે છે. 'ખડકી ગળો' નામની ગળોની એક જાત થાય છે તેના વેલા તો ખડક ઉપર પણ ચડે છે.

ગળોનો વેલો બહુ લાંબો થાય છે. તે જેમ જૂનો થાય છે તેમ જાડો થતો જાય છે. નાના અને કુમળા વેલાનો રંગ લીલો હોય છે, પણ જેમજેમ તે મોટો અને જૂનો થતો જાય છે તેમતેમ તેનો રંગ બદલાતો જાય છે. જૂના વેલાની છાલનો રંગ મેલો ધોળો હોય છે. આ રંગ ફક્ત ઉપરથી જ હોય છે. ઉપરની એ મેલી ધોળી છાલ જો છોલી નાખીએ તો અંદરથી લીલી છાલ નીકળે છે.

ગળો મોટેભાગે વૃક્ષને આધારે ઊંચે ચઢે છે. ખરસાણી, કરેણ વગેરે એવાં વિષારી વૃક્ષો ઉપર ચઢેલી ગળોની વેલ દવાના ઉપયોગમાં લેવાતી નથી. એટલે દવાના કામમાં લેતાં પહેલાં તે કયા વૃક્ષની ગળો છે તેની બરાબર તપાસ કરવી જોઇએ.

કડવા લીમડા પર જે ગળો ચઢે છે તે બીજી બધી ગળોમાં ઉત્કૃષ્ટ ગણાય છે. શરૂઆતમાં એ વેલાની છાલ કોમળ હોય છે, પણ વખત જતાં એ છાલમાં ખરબચડાપણું આવે છે. વેલો ત્રણચાર વર્ષનો થાય એટલે તેની છાલ ઘણી ખરબચડી થાય છે ને આખી છાલ પર નાનીનાની ગાંઠો બાઝી જાય છે. એ વેલની ખૂબી એ છે કે તે કદી એકસરખી હોતી નથી.

એનાં પાંદડાં પીપળાનાં પાન જેવાં, પણ તેના કરતાં મોટાં હોય છે. પીપળાનાં પાનને જેવી લાંબી અણી હોય છે તેવી લાંબી અણી આ પાંદડાને હોતી નથી. પીપળાનું પાન તમે હાથમાં લઇને જોશો તો તે ઘણું ચબ્બડ લાગશે; જ્યારે ગળોનાં પાન ચબ્બડ નહિ, પણ કોમળ હોય છે. એનાં પાંદડાંનો ઘાટ બદામના પાનને મળતો કહી શકાય વેલા પર પાંદડાં અકેકને અંતરે ફૂટે છે. આ પાંદડાંને મોટાંમોટાં દીંટડાં હોય છે એટલે જ્યારે તેની પર પવન ફૂંકાય છે ત્યારે મોટાં દીંટડાંને લીધે આ પાંદડાં ખૂબ જોરથી હાલે છે. દીંટડાં સિવાય ખુદ પાનની લંબાઇ આશરે સાડાત્રણ ઈંચ જેટલી હોય છે. પહોળાઇ પણ મોટે ભાગે એટલી જ હોય છે. આ તો સાધારણ મોટાં પાંદડાંની વાત. ગળોનાં કુમળાં પાન ગોળાકારે લગભગ હૃદયના આકારનાં અને બ્રાહ્મીનાં મોટામોટાં પાંદડાં જેવાં હોય છે.

આંબાનો મોર તો સૌએ જોયો હશે. ગળોના વેલાને પણ એ મોર જેવાં જ ફૂલ બેસે છે. તેનો રંગ ધોળાશ પર પડતો સહેજ પીળો હોય છે આ ફૂલ પાંદડાંના દાંડાંના થડમાં લાગે છે. સ્વાદમાં એ પહેલાં તુરાં લાગી પછી કડવાશ મારે છે.

એ ફૂલ અતિ ઉપયોગી ગણાય છે. તેમાં નર અને માદા એમ બે જાતિ હોય છે. વેલા પર નર જાતિનાં ફૂલો સામટાં હોય છે અને માદા જાતિનાં માત્ર એકએક જ હોય છે.

ગળોને ચણા જેવાં નાનાંનાનાં ફળ પણ લાગે છે; અને તે મોટા જથ્થામાં લાગે છે. તે કુમળાં હોય છે ત્યારે રંગે તે ચણાની માફક લીલાં હોય છે, પણ પાકતાં તેનો રંગ બદલાઇ રતાશ પર આવે છે. ચણાની ઉપર હોય છે તેવાં જ ફોતરાં તેના ઉપર પણ હોય છે એ ફોલતાં તેમાંથી એક દ્વિદલ બી નીકળે છે. એનો આકાર અર્ધચંદ્રાકાર હોય છે.

ગળોનાં પાંદડાં હમેશાં લીલાં રહેતાં નથી. તે પાકે છે ત્યારે પીળાં થઈ જાય છે. ગળોને ફૂલ અને ફળ અષાડ–શ્રાવણમાં લાગે છે. જોકે જુદાજુદા પ્રદેશ પ્રમાણે ફળફૂલ લાગવાનો સમય થોડોઘણો વત્તોઓછો હોય છે, પણ એકંદરે વરસાદની

ઋતુમાં દરેક ઠેકાણે એને ફળફૂલ બેસી જાય છે. શિયાળો આવતાં ધીરેધીરે થોડાંથોડાં પાંદડાં સૂકાવા માંડે છે અને ઉનાળામાં તો એને ફળ કે પાંદડાં કાંઇ રહેતું નથી; બધું સૂકાઇને નાશ પામે છે. પણ એનું મૂળ મોટું જાડું અને નીચે કંદરૂપ હોય છે એટલે ઉનાળામાં સૂકાઈ ગયા છતાં ચોમાસામાં વરસાદ પડતાં ફરીવાર એ વેલો લીલોછમ થઈ જાય છે. જ્યારે એ સૂકાઈ જાય છે ત્યારે તેના લાકડા ઉપરની છાલ તતડી જાય છે.

ગળોમાંથી સત્ત્વ કાઢવામાં આવે છે. તે પથ્ય, દીપક, ચક્ષુષ્ય તથા શક્તિવર્ધક ગણાય છે. એ ઘણા રોગો પર વપરાય છે. ત્રિદોષ, તીવ્રજ્વર, જીર્ણજ્વર, દમ, રૂધિરસ, પાંડુરોગ, કૃમી, કમળો, હેડકી વગેરે બીજા ઘણા રોગનો નાશ કરે છે.

ગળો તુરી અને કડવી હોવા ઉપરાંત તીખી તથા ગ્રાહક પણ છે. મનુષ્યને જ્યારે મળબંધ થાય છે ત્યારે ગોળની સાથે તે જો લેવાય તો તરત મળ છૂટા થઇ આરામ થાય છે. શરીરમાં પિત્ત પુષ્કળ થઇ જાય ત્યારે સાકર સાથે એ લેવામાં આવે તો પિત્ત સમાઇ જાય છે અને જો મધ સાથે તેનું સેવન કરે તો કફનો નાશ થાય છે. વાયુની પીડા વધી જાય ત્યારે દીવેલની સાથે તેને લેવામાં આવે છે.

ગળોના વેલાનાં મૂળ આગળ જે કંદ થાય છે તે તીખાં અને ગરમ હોય છે. તાવ તથા સન્નિપાતના રોગમાં એ કંદનો ઉપયોગ ઠીક થાય છે. 'ખડકી ગળો'ના કંદ સાપના ઝેરમાં ઘણા ઉપયોગી ગણાય છે. એ જાતના ગળોના કંદ પ્રથમ લાવી તેને દૂધમાં બરાબર બાફી રાખી મૂકવાં અને જ્યારે જરૂર પડે ત્યારે તે બાફેલાં કંદ ઠંડા પાણીમાં ઘસવાં ને તેમાં પછી સાથે સાથે થોડાં અરીઠાં પણ ઘસવાં ને તે દર્દીને પીવડાવવું. આ પીવડાવ્યા પછી દર્દીને વધુ ઝેર નહિ ચડતાં કંઇક આરામ લાગે છે ને થોડા વખતમાં ઝેરની અસર ઊતરી જાય છે. લીમડા ઉપર ચડતી ગળો પણ સાપના ઝેરમાં ઉપયોગી છે. લીમડાની ગળો પાશેરેક પાણીમાં વાટી જેને સાપ કરડયો હોય તેને પાવાથી થોડા જ વખતમાં તરત તેને ઉલટી થવા માંડશે ને પછી ઝેર ઊતરી જશે ગળો, આમળાં અને નાગરમોથનો કાઢો કરી ચોથીઆ તાવવાળા દર્દીને આપવાથી તેનો તાવ નાસી જાય છે. ગળોનું સત્ત્વ તો વળી અતિશય ઉપયોગી છે. તેમાં લેવાતાં અનુપાન જેમ જુદાં તેમ તેની અસર પણ જુદી. એ નીચે પ્રમાણે તૈયાર કરી શકાય છે.

પ્રથમ લીમડા અથવા આંબા ઉપરની થોડી સારી જાડી ગળો લાવીને તેના આશરે દોઢ દોઢ ઈંચ જેટલા કટકા કરી નાખવા. તેને સ્વચ્છ પાણી વડે ધોઇ કલાઇ કરેલા વાસણમાં બરાબર અર્ધો દિવસ પલાળી રાખવા. બરાબર પલળી રહે એટલે તેને હાથ વડે દાબીને ખૂબ મસળી કૂચા બરાબર પીલી કાઢવા ને તે પાણી ગાળી લઈને જુદું મૂકી રાખવું. થોડો વખત એમ જુદું મૂકી રાખવાથી તેમાંનું બધું સત્ત્વ ઠરીને વાસણની નીચે જામશે. સત્ત્વ વાસણની નીચે બરાબર ઠરી જાય એટલે ઉપરનું પાણી બીજા વાસણમાં ધીરે રહીને નીતારી લેવું. ઉપરથી નીતર્યું પાણી કાઢી લીધા પછી ફરી તે સત્ત્વવાળા વાસણમાં બીજું પાણી રેડવું ને સહેજ હલાવી ફરી તેને ઠરવા દેવું. પછી ફરી ઉપરનું નીતર્યું પાણી કાઢી લેવું. આમ છસાત વખત સ્વચ્છ પાણી નાખી નીતર્યું પાણી કાઢી લેવાથી છેવટે તે સત્ત્વ શુદ્ધ ને સફેદ થાય છે. સત્ત્વને આમ શુદ્ધ કર્યા પછી તેમાં કડવાશ રહેતી નથી. પછી તેને સૂકવી શીશીમાં ભરી દેવું.

એ સત્ત્વ અર્ધા માસાથી બે માસાના પ્રમાણમાં લેવાય છે. ગાયના પાશેર દૂધમાં બે માસા નાખી પીવાથી પ્રમેહ મટે છે. ડાંગરની ધાણી સાથે એ લેવાથી ઉલટીઓ થતી હોય તો બંધ થઇ જાય છે. દાડમની સાથે લેતાં અરુચિ મટી જઇ ભૂખ લાગે છે. દ્રાક્ષની સાથે એ સત્ત્વ લેવાય તો કમળો મટી જાય છે. મધમાં નાખી ચાટે તો હેડકી મટે છે. વગડાઉ તુલસીનાં પાનના રસમાં લે તો કોઢ મટે છે. જુવાનીમાં વાળ ધોળા થઇ ગયા હોય તો ભાંગરાના રસમાં એ સત્ત્વ ચાટવાથી વાળ કાળા થાય છે. ગળોનાં પાંદડાંને મધમાં વાટીને ગુમડાં પર ચોપડ્યાં હોય તો પણ આબાદ અસર કરે છે. ગળો કંઈ આજકાલની જાણીતી નથી. અતિ જૂના જમાનાની એ જાણીતી વનસ્પતિ છે. વૈદકમાં તો એના હજી બીજા ઘણા ઉપયોગો બતાવેલા છે.

(સંકલિત) —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

રાઈ

રાઇ એટલી બધી જાણીતી છે કે તેનું વર્ણન કરવું જરૂરનું નથી. એને અંગ્રેજીમાં મસ્ટાર્ડ, સંસ્કૃતમાં રાજિકા અને બંગાળીમાં સારિષા કહે છે. દેશના તમામ ભાગમાં એ ઘઉંનાં ખેતરોમાં વાવવામાં આવે છે. તેના આખા છોડમાંથી ફક્ત તેનાં બીજ જ મોટે ભાગે ઉપયોગમાં આવે છે.

રાઇમાં ધોળી, કાળી અને રાતી એવી ત્રણ જાત છે. ધોળી રાઇ રાતી કરતાં કાંઇક મોટી હોય છે. સરસવ પણ રાઇની જાતના જ હોવાથી કેટલાક વેપારી ધોળી રાઇમાં તેનો ભેળ કરે છે.

કાળી રાઇ એ બ્રાસિકા નાઇગ્રા (Brassica Nigra)નાં બી છે. એ છોડ યુરોપના ઘણાખરા ભાગમાં જંગલમાં ઊગતો માલૂમ પડે છે. એલબાસ, બોહીમીઆ, ઇટલી, હોલૅન્ડ અને ઇંગ્લંડમાં એનું વાવેતર કરવામાં આવે છે. લિંકનશાયર અને યૉર્કશાયરની ઉમદા રેતાળ જમીનમાં પણ એ સારી થાય છે. કાળી રાઈના દાણાનું કદ સફેદ રાઈના દાણા કરતાં ફક્ત $\frac{૧}{૫}$ હોય છે. તેમાં એક પ્રકારનું ફિક્કું સ્થાયી તેલ હોય છે તેનું વજન રાઇમાં $\frac{૧}{૩}$ હોય છે; અને તેમાંનું તીખું સત્ત્વરૂપ તેલ તો વાટેલી રાઇને પલાળીએ ત્યાંસુધી પેદા થતું નથી. એ તીખા તેલમાં નાઇટ્રોજન અને ગંધક બંને હોય છે.

સફેદ રાઈ એટલે બ્રાસિકા આલ્બા (Brassica Alba)નાં બીમાંથી તીખું તેલ નીકળતું નથી, પણ તેમાં ફક્ત ઊડી ન જાય એવું તેલ હોય છે.

રાઇના છોડ લગભગ બે ફૂટ ઊંચા વધે છે. છોડને પીળાં ફૂલ આવે છે ને તુવેર તથા વટાણાની માફક એને શીંગો બેસે છે. આ શીંગો દોઢ બે ઇંચ લાંબી થાય છે અને તેમાં રાઇ હોય છે.

રાઇ શાકભાજી તેમ જ અથાણાના કામમાં વપરાય છે, એટલું જ નહિ પણ દવામાં પણ તેનો ઉપયોગ ઘણો થાય છે. શરીરનો કોઇ ભાગ વાયુથી જકડાઇ જાય છે ત્યારે તેને વાટી દરદની જગ્યા ઉપર પ્લાસ્ટર અથવા ફોલ્લો ઉઠાડવાને તેને કાગળ અથવા કપડા ઉપર ચોપડી લગાડે છે. વળી દેશી વૈદો અજીર્ણના દરદમાં રાઇને બીજી ગરમ દવાઓ સાથે મેળવીને આપે છે; તેમ ઘણાખરા ઝેરમાં ઉલટી કરાવવાને માટે પણ તે વાટીને પાય છે. રાઈ ઘણી ગરમ ગણાય છે. તેની પોટીસ બનાવવામાં ગરમ પાણી વાપરવું નહિ, કારણકે તેમ કરવાથી તેની તીખાશ ઊડી જાય છે. માથું દુખતું હોય ત્યારે રાઇને વાટીને તેમાં જરા ગરમ પાણી નાખી એક કપડાના કટકાને તે પાણીમાં ડુબાવી કાઢીને તે પેટ ઉપર લગાડવાથી અથવા તો ગરમ પાણીમાં રાઇ નાખી તેમાં બેસવાથી જલદીથી આરામ થાય છે. આ કરતી વખતે માથા ઉપર પાણીમાં ભીંજાવેલું ઠંડું કપડું રાખવું. જલંદરના રોગમાં રાઇને વાટીને તેને દૂધમાં ઉકાળી તે પાણી પીવાથી ઘણી વખતે આરામ થાય છે. કૉલેરા, પેટની ચૂંક તેમજ આંકડી માટે રાઇને વાટીને પેટ ઉપર ચોપડવાથી તેમજ ઉલટી વખતે રાઇની પોટીસ બનાવી દૂંટીને ફરતી ચોપડવાથી આરામ થાય છે.

(સંકલિત) —શા. જયંતીલાલ શંભુલાલ લોઢાવાળા

જાપાનમાં

જાપાનનો વિવેક મમતાભર્યો અને નમ્ર શિષ્ટાચારવાળો છે. પરદેશી અતિથિને ત્યાં પરદેશ જેવું લાગે જ નહિ.

કન્યાઓને આદર્શ ગૃહિણી બનવાનું ખાસ ભણતર અહીં આપવામાં આવે છે. 'હોમ ડિફેન્સ'ની સેના કન્યા અને સ્ત્રીઓની બનેલી છે. મરદો જ્યારે બહાર લડવા ગયા હોય ત્યારે સ્વદેશરક્ષાનું કાર્ય અહીં સ્ત્રીઓ કરે છે.

જાપાનમાં રાજા મિકાડો પ્રત્યે પ્રજાનું બહુમાન છે, પણ તે શિષ્ટાચાર પૂરતું. સાચી રાજકીય વહીવટની કુલ સત્તા પ્રજાકીય પાર્લમેન્ટની છે. રાજસચિવ પણ દેશવિદ્રોહી કાર્ય કરે તો તેને ઠાર કરવામાં આવે. દેશદ્રોહ ત્યાં મોટું પાપ મનાય છે.

કન્યાને દાયજો-કરિયાવર દેવાનો ખૂબ રિવાજ છે. ચંપલ-જોડાની આઠદસ જોડી! ગાદલાં પણ અનેક. ઘરવખરીની દરેક ચીજ દાયજામાં દેવાય છે. તે સાથે એક છરી પણ કન્યાને મળે છે. એના ઉપર લખ્યું હોય છે કે 'આબરૂસર ન જીવી શકે તો આબરૂસર મરી જજે!'

વસંતઋતુમાં ચેરી વૃક્ષો ગુલાબી ફૂલોથી ખીલી ઊઠે છે. ત્યારે એક પણ પાન ઝાડ પર ન મળે. માત્ર ફૂલ ફૂલ ને ફૂલ. ત્યારે જાપાની કુટુંબો બહાર કુદરતમાં ફરવા નીકળી પડે છે.

ફૂલદાનમાં ફૂલ ગોઠવવાની કળા તો જાપાનીઓએ ઘણી સરસ કેળવી છે. એનો ખાસ વિષય શીખવવામાં આવે છે. ભોજન સમયે વચ્ચે ફૂલદાન હોય. સૂતી વખતે શયનના મેજ આગળ ફૂલદાન હોય. અમુક ફૂલની અમુક ડાળી બારણા તરફ લંબાવીને ગોઠવી હોય તો એ મહેમાનના સ્વાગતસૂચક સમજવી; અમુક ફૂલ અમુક ઢબે ગોઠવ્યું હોય તો તે નમનતાઇ બતાવનારું ગણાય; આમ એના અર્થ હોય છે.

દરેક જાપાની મજૂર દૈનિક છાપું વાંચ્યા વગર ન રહે. એક પૈસાનું છાપું તો ખરીદે જ. સવારે છાપું ન વંચાયું હોય તો એ મહા દુઃખની વાત સમજે છે. 'આશાહી' નામના દૈનિક પત્રની કરોડો નકલો ત્યાં ખપે છે.

પોશાકમાં સ્ત્રીઓ બહુ શિષ્ટાચાર પાળનારી છે. ઘરની કામવાળી વહેલી પાંચ વાગે ઊઠે ને સ્વચ્છસુઘડ થઇ હાજર થાય. 'શેઠનું મન ન દુઃખાય' એ લાગણી એને બહુ જ રહે છે

મહેમાન મળવા આવે તે પ્રથમ બારણે ઘંટડી વગાડે છે. કામવાળી બાઇ બારણું ઉઘાડે અને નમન કરે પછી શેઠ કે શેઠાણી પાસે પાછી જઈ નમન કરી બેસે ને બહુ જ વિનયથી મળવા આવનારનું વિઝિટિંગ કાર્ડ તેમની આગળ ધરે. અથવા તેનું નામ કહે. આજ્ઞા મળ્યે ઊઠીને નમે છે અને જઇ હસતા વદને મળવા આવનારને મહેમાનના ઓરડાની ખુરશી પર બેસાડી જાય પછી એ બાઈ મહેમાનની છત્રી લાકડી યથાસ્થાને ગોઠવી દે અને તેના જોડા સાફ કરી નાખે. મહેમાન રજા લઈ ઊઠે ત્યારે છત્રી લાકડી હાથમાં આપીને જોડા પહેરાવી આપે ને દોરી પણ બાંધી દે. નોકરી ભરે ત્યાંસુધી તે હસતી અને ખુશમિજાજ રહે છે. કોઇ પણ પળે ચીડ, રીસ કે છણકો તો કરતી જ નથી કે સામો જવાબ વાળતી નથી.

દુકાનમાં ગ્રાહકને સમજાવી માલ વેચવાનું કામ પણ ત્યાં જુવાન છોકરીઓ કરે છે. ભીખ માગવી ત્યાં ભ્રષ્ટમાં ભ્રષ્ટ વસ્તુ છે. ભીખ માગનાર ઉપર કેસ ચાલે છે. અપંગો માટે ખાસ અનાથાલયો છે; અને ગરીબ માણસોને ધંધે વળગાડી આપવામાં આવે છે. કોઇ ગરીબ હોય તો તમારા ઘરનું કામ માગે છે. ફળિયું વાળી નાખે, વાસણ માંજી દે, કપડાં ધોઇ દે—એવું પરચુરણ કામ કરે ને તમે રાજી થઇ પૈસા આપો તે લે. ભિક્ષાવૃત્તિને જાપાની સ્ત્રીઓ વેશ્યાજીવનથી યે હલકી માને છે.

લોકો હુન્નરઉદ્યોગી બહુ છે. તમામ કારખાનાં વીજળીથી ચાલે છે. જાપાનમાં ગામડેગામડે અને જંગલોમાં પણ વીજળી પહોંચી ગઇ છે. મશિનરી અપ ટુ-ડેટ હોય છે. હાથથી કામ કરવાનું ઘણું ઓછું.

જાપાનની હરીફાઇ અમેરિકા જોડે છે. પણ એક બાબતમાં બંને વચ્ચે ફેર છે. અહીં યુદ્ધનો સાદ પડે ત્યારે ઘરનો એક માણસ બધી પ્રવૃત્તિ છોડી સ્વદેશસેનાની ભરતીમાં સૈનિક તરીકે જોડાય છે. અમેરિકાનું જીવન મોઘું હોવાથી ત્યાં સૈનિકોને મોટા પગારો મળે છે, અને મોટા પગારો મળે તો જ સેનામાં જોડાવા રાજી હોય છે. આટલો આ બે પ્રજાઓ વચ્ચે ભેદ છે.

(ત્યાં જઇ આવેલા પાસેથી સાંભળેલી વાતો) —ર. જી.

અમેરિકાના નોટો છાપવાના છાપખાનામાં—

અમેરિકાના ચલણી નોટો છાપવાના સરકારી છાપખાનામાં હમણાં બેએક માસ પહેલાં એક દિવસ, એક નાનો સરખો ગણાય એવો, પણ અતિશય મહત્ત્વનો બનાવ બની ગયો. દિવસનું કામ પૂરૂં થવાને અંતે એક કારીગર યુવતીને માલૂમ પડ્યું કે એક ડૉલરની એક નોટ ગણત્રીમાં ઓછી થતી હતી. તેણે આ ખબર પોતાના ઉપરીને આપ્યા તે જ પળે આખા કારખાનામાં વાયુવેગે સૌ કારીગરોને રોકાવાનો હુકમ મળી ગયો અને સર્ચલાઇટો તથા એવાં બીજાં ખાસ સાધનો વડે આખા કારખાનાના ખૂણેખૂણામાં—સંચાઓની ખાંચખૂંચોમાં, કારીગરોનાં ટેબલો અને અભરાઇઓ ઉપર, જમીન ઉપર કરેલી બંડલોની થપ્પીઓમાં, કચરાની ટોપલીઓ અને પીપોમાં બધે—ચાંપતી ખોળાખોળ થઇ રહી. જે કારખાનામાં રોજની કરોડો ડૉલરની નોટો ઝપાટાબંધ છાપી નાખી શકાય એવા કારખાનામાં એક ડૉલરની નોટ ખોવાય એનો તે શો હિસાબ હોય, અને એને માટે આટલું ધાંધલ શું એમ આપણને તો લાગે. પણ ના; એ અરધો કલાક સુધી તો આખા કારખાનાનાં બધાં માણસો—મુખી અમલદારથી માંડીને નાનામાં નાના ઝાડુવાળા છોકરા સુધીના બધા—ના જીવ તાળવે ટીંગાઇ રહ્યા; અને અરધા કલાકને અંતે એક ટેબલના ખાનામાંથી એ ખૂટતા નંબરની નોટ મળી આવી ત્યારે જ સૌના જીવમાં જીવ આવ્યો.

આ નાનોસરખો બનાવ એટલા માટે અહીં ટાંકવામાં આવ્યો છે કે ચલણી નાણાંની નોટો, દસ્તાવેજી કાગળો, રેવન્યુ તથા ટપાલની ટિકિટો વગેરે છાપનારા સરકારી છાપખાનાંઓમાં એક નાનીસરખી નોટ કે ટિકિટને માટે કેટલી જીવતોડ કાળજી રાખવામાં આવે છે તે જણાય. દરેક નોટ પર તેના ચાલુ ક્રમાંક (નંબર) પાડીને તેની ચોક્કસ ગણતરી કરવામાં તો આવે છે જ; પરંતુ તે નંબર છાપ્યા પહેલાં પણ એકેએક નોટની કંઇ વિધવિધ જાતનાં સાધનો વડે ચાંપતી ગણતરી થયા જ કરે છે. એક નાનીસરખી એક ડૉલરની નોટ પણ જો ખોટી છપાઇ, તેને કાંઇક ડાઘ પડ્યો કે એક દોઢિયાની મામૂલી કિંમતની પણ ટિકિટ ત્રાંસી છપાઇ કે અકસ્માત ફાટી ગઈ તો તેને કાળજીપૂર્વક જુદી પાડી એક જુદા ચોપડામાં સાચવીને ચોડવામાં આવે છે, અને દિવસને અંતે આવા બગાડની હિસાબી ગણતરીમાં નોંધ લેવાય છે. છાપખાનાના હિસાબી ગણતરીના ચોપડાનાં બંને પાસાં દિવસને અંતે સરખાં મળી જ રહેવાં જોઇએ એવો કડક નિયમ ત્યાં હોય છે, અને જો ક્યાંક રજ જેટલી પણ ભૂલ આવે તો એવડા મોટા કારખાનાનો એક પણ કારીગર ઘેર જતો નથી; તેમજ કોઈક કારીગરનાં ગાફેલ આંગળાંમાંથી એક નાનકડી નોટ કે ટિકિટ શરતચૂકથી સરકીને ગુમાઇ જાય એ તો કોઇ નાનાસરખા ગામડામાં ધાડ પડી હોય એવો સનસનાટીભર્યો બનાવ એ કારખાનામાં ગણાય છે તથા જ્યાંસુધી તેનો પત્તો લાગીને હિસાબ મળી ન રહે ત્યાંસુધી સૌના જીવ અદ્ધર રહે છે. નોટો તથા ટિકિટો છાપવાનાં દુનિયાનાં આવાં બધાં સરકારી છાપખાનાંઓમાં સામાન્યતઃ કારીગરોની કારખાનામાં જતી આવતી વેળા જડતી લેવામાં આવે છે, પરંતુ આ છાપખાનું ઉપર વર્ણવી તેવી કાળજીપૂર્વક ચાલતું હોવાથી, તે દુનિયાભરમાં મોટામાં મોટું નોટો બનાવનારૂં છાપખાનું હોવા છતાં, તેના કારીગરોની કારખાનામાં જતી આવતી વેળા કદી જડતી લેવામાં આવતી નથી;—સિવાય કે ઉપર વર્ણવ્યો તેવો પ્રસંગ બને ત્યારે. પરંતુ એવું બને છે પણ ક્વચિત જ.

(લિટરરી ડાઇજેસ્ટ)

યુગજીવી જંતુઓ

કૅલિફૉર્નિયા યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડૉ. ચાર્લ્સ લિપમૅનના માનવા પ્રમાણે બૅક્ટીરિયા (જંતુઓ) અર્ધજીવિત અવસ્થામાં હજારો વર્ષ લગી પણ જીવી શકે છે. બે વર્ષ પહેલાં તેમણે કોલસામાં જીવતા જંતુઓ શોધી કાઢ્યા હતા, અને હમણાં જ આ માન્યતાના વધુ પુરાવા તરીકે ૧૪૦૦ વર્ષ પહેલાં બંધાએલા પિરામિડના અંદરના ભાગમાંથી જીવતા જંતુઓ શોધ્યા છે: એટલું જ નહિ પણ ખરતા તારાના પથ્થરોમાં પણ એમને તો જંતુઓ મળી આવ્યા છે!

નવાં પુસ્તકો

નાગમતી લેખકઃ મનુભાઇ જોધાણી, પ્રકાશકઃ જીવનલાલ અમરશી મહેતા, ૧-૦-૦; **બાલ સંવાદો, નાની નાની વાતો, વિજ્ઞાનના પાઠો:** (કાગળ, પેન્સિલ) (બાલોદ્યાન બાલ સાહિત્ય માળાના મણકા ૧૧, ૧૨, ૧૩) લેખકઃ ચન્દ્રશંકર મ. ભટ્ટ, પ્રકાશકઃ ધ ન્યુ એજ્યુકેશન સોસાએટી વડોદરા, કીમત દરેકનો ૦-૧-૦; **લોકમાતા** લેખકઃ શ્રી દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર, પ્રકાશકઃ નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, ૦-૪-૦; **સ્વદેશી સમાજ** શ્રી રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી ઉપરથી અનુવાદક. નગીનદાસ પારેખ, પ્રકાશક ઉપર પ્રમાણે, ૦-૮-૦: **સ્વ: પ્રાણનાં જીવનસ્મરણો** પ્રકાશકઃ શ્રી લીંબચીઆ યુવક ક્લબ અમદાવાદ તરફથી મંત્રી ભૂધરદાસ ગટોરદાસ પારેખ, અમૂલ્ય; **ગુરુ ગોવિન્દસિંહ** (બાળકો માટે) લેખકઃ નવનીતરાય દવે, પ્રકાશકઃ બાલોદ્યાન કાર્યાલય રાવપુરા વડોદરા, ૦-૮-૦; **કોડિયાં** (કાવ્યસંગ્રહ) લેખકઃ કૃષ્ણલાલ શ્રીધરાણી, સોમાલાલ શાહનાં ચિત્રો સાથે, પ્રકાશકઃ શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર, ૧-૪-૦.

ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતાં દિલ્હીના બાદશાહ ગ્યાસુદ્દીનને હાથે એક છોકરાનો જાન ગયો. તેની ફરિયાદ છોકરાની માતા તરફથી કાજી સિરાજુદ્દીન પાસે જતાં તેણે બાદશાહ સામે હુકમનામું કાઢી બોલાવ્યો ને સામાન્ય ગુનેહગારની માફક જ પોતાની સામે ઊભો રાખી તેનો ન્યાય તોળ્યો. મુકદ્દમો પતી ગયા પછી એકાંત મળતાં રાજાએ પોતાના કપડામાં સંતાડેલી નાની તલવાર કાઢી કાજીને કહ્યું કે 'તેં જો બરોબર ન્યાય ન તોળ્યો હોત તો આજ હું તારો આ વડે શિરચ્છેદ જ કરવાનો હતો'. 'અને–' કાજીએ જવાબ આપ્યો '–તમે જો મારા ન્યાયનો હુકમ ન માનત તો હું પણ આ સોટી વડે તમારા બરડાની ખબર લેત!'


અનેકાર્થી શબ્દ: **અંતર**=મન–અંતઃકરણ; અંદરનો ભાગ; છેટું–અવકાશ; બીજું–જુદું; વચલો કાળ; તફાવત; ભેદ–જુદાઈ; અંદરનું; નજીકનું.

મરચીનાં લીલાં પાનને પાણીનાં થોડાં ટીપાં નાખી, ખૂબ ઝીણાં લસોટીને તેના રસમાં થોડું મીઠું મેળવી, દાદર પર લગાડવાથી સહેજ બળશે ખરું, પણ તેથી ગમે તેટલી જૂની કાળી અથવા લાલ દાદર મટી જઈ ચામડી સુંવાળી બનશે.

કમળા અથવા બરોળના વધવા ઉપર આમળાં નાખીને અથવા અથાણું કરીને ખાવાથી ડુંગળી ફાયદો કરે છે.

લેખનનાં સામાન્ય સૂચનો: સાંભરવું અને સાંભળવું એ બે શબ્દો વચ્ચે ઘણા ગોટાળો કરે છે; પહેલાનો અર્થ 'યાદ આવવું'; ને બીજો એ કાન વડે થતી ક્રિયા.

આજસુધીમાં દુનિયાભરમાં સંભળાએલો મોટામાં મોટો અવાજ ક્રાકાટાઉનો જ્વાળામુખી ફાટ્યાનો મનાય છે. જાવા ને સુમાત્રા વચ્ચે સુંદાની સામુદ્રધુનિમાં આવેલો આ જ્વાળામુખી ઇ. ૧૮૮૩માં ફાટ્યો ત્યારે તેનો અવાજ ૩૦૦૦ માઇલ સુધી સંભળાએલો.



બિહારના ધરતીકંપ વેળા મોતીહારીમાં, જમીનમાં ચીરાડ પડવાની સાથે વચ્ચેથી ચીરાઇ ગએલું ઝાડનું થડ(ફોટો • સ્ટેટસમૅન કલકત્તા)

વિચિત્ર નાદ ધરાવતાં માનવીઓમાં વાળ વડે ચિત્રો ગૂંથનાર સ્કૉટલંડનો એક હજામ છે. તે પોતાનાં ઘરાકોના જુદીજુદી તરેહના વાળ સંઘરીને તેમાંથી અજબ દશ્યો ગૂંથે છે!

ઈસ્થોનિયામાં એવો રિવાજ છે કે પરિણીત વધુ પતિગૃહે પ્રવેશતાં થોડુંક નાણું અગ્નિમાં હોમે છે. પૈસાનો ધુમાડો કરવાનો ખરેખરો રિવાજ ક્યાંક છે ખરો!

જાપાનના સ્ક્રૂ આપણા કરતાં ઊંધા હોય છે. આપણે સ્ક્રૂ બેસાડવો હોય તે જમણી તરફ ફેરવીએ છીએ, જ્યારે જાપાની સ્ક્રૂ ડાબી તરફ ફેરવવો જોઈએ!

આ બ્રહ્માંડ ૯૯.૯૫ ટકા પૉઝિટિવ અને બાકીના ભાગની નેગેટિવ વીજળીનું બનેલું છે એવો ડૉ. કાર્લ ટી. કૉમ્પ્ટન (માસાચુસેટ્સ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ટેકનૉલૉજીના પ્રમુખ)નો અભિપ્રાય છે.

ઘરાક: ત્રણ વરસ પહેલાં તમે મારા દીકરાને કોટ સીવી આપેલો તેના પૈસા હજી બાકી છે ને?


દરજી: હા જી, પધારો; આપ એ પૈસા આપવા આવ્યા છો?

ઘરાક: ના, હું તો પૂછવા આવ્યો છું કે એ જ શરતે મને પણ સીવી આપશોને?

ભમરીના ડંખ ઉપર અજમાનાં લીલાં પાન ચોળીને તેનો રસ ઘસવાથી તરત આરામ આપશે.

અતિશય પાકી ગએલાં ટમાટાંને થોડું મીઠું નાખેલા ઠંડા પાણીમાં થોડી વાર રાખી મૂકવાથી જરા કડક થઇને તાજપ પકડશે અને ઉપયોગમાં લેવા જેવાં બની જશે.

આરસપહાણ પર પડેલા ડાઘ લીંબુના રસથી નીકળી જશે.



બાજુના ચિત્રમાં ઉપરના ખૂણાના ભાગમાં જે સાદું સીધું ટેબલ દેખાય છે તેની રચના એવી ખૂબીભરી છે કે તેનું મથાળું નીચે પાડી દઇને ખોલતાં, નીચેના મોટા ચિત્રમાં બતાવ્યા મુજબનો કોચ તેમાંથી બની જાય છે. એક ફર્નિચરને જરૂર પડ્યે અનેકરીતે વાપરી શકાય એવી ચતુરાઇભરી રચનાઓવાળાં સાધનો સાંકડાં ઘરોમાં ઉપયોગી થઈ પડે છે.